# શ્રી સંતરામ સ્તોત્રમ

## શ્રી સંતરામ સ્તોત્ર (૧૮) પુષ્પ


લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઇ સુતરીયા<br>શ્રીમતી ઉષાબેન આર. સુતરીયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br><br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | મહા સુદ પૂનમ - સાકર વર્ષા પર્વ<br>સંવત - ૨૦૭૮ |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |

## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

|| જય મહારાજ ||

# અનુક્રમણિકા


| સત્સંગ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૨૨ | નિત્ય કર્મ, ઉપાસના અને ભજનનું ફળ | ૧ |
| ૧૨૩ | ગુરુના વચનમાં રાખો વિશ્વાસ | ૧૪ |
| ૧૨૪ | ગુરુ ભક્તિનું પુણ્ય ફળ | ૨૭ |
| ૧૨૫ | ગુરુના વચને બંધાઈને રહેજો | ૪૧ |
| ૧૨૬ | અસીમ ગુરુ કૃપાની પરમ પ્રસાદી | ૫૩ |
| | શ્રી સંતરામ પ્રાતઃસ્મરણ સ્તોત્રમ્ | ૯૧ |

# પ્રસ્તાવના.....

કારક કોટિના અવધૂત, સ્વયં દત્તાત્રેય સ્વરૂપ પ્રાતઃ સ્મરણીય પ. પૂ. શ્રી સંતરામ મહારાજનું ગિરનાર ગઢ ઉપરથી અવતરણ થયું. વિચરણ કરતાં કરતાં તેઓ નડીઆદની ભૂમિ ઉપર સ્થિર થયા અને નડીઆદની ભૂમિને પાવન કરી તીર્થ બનાવ્યું. યોગીરાજ પોતે જંગમતીર્થ છે, નડીઆદમાં પધારીને નડીઆદ ભૂમિને તીર્થ બનાવ્યું.

**''તીર્થીકૃતાનિ તીર્થા, સ્પદમ્''** (ભાગવત)

કારક કોટિના સંત એટલે પોતે કોઇ એક નિશ્ચિત કામ પુરું કરવા માટે આવેલ દિવ્ય ચેતના.

પ. પૂ. શ્રી સંતરામ મહારાજના પોતાના નિશ્ચિત કરેલા લક્ષ અનુસાર જીવાત્માઓને પાવન કરી, તેમને નિજ આત્મસ્વરૂપમાં સ્થિર કરીને તેમજ પોતાની ઇચ્છા મુજબના અનેક શુભ કર્મ કરીને તેઓશ્રી પોતાની ઇચ્છા મુજબ જ નિજ ધામ ગિરનાર ગઢ પાછા પધાર્યા.

તેઓ પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ, શ્રી હરિદાસજી મહારાજ, શ્રી રાઘવમુનિજી, શ્રી ભગવાનદાસજી મહારાજ, શ્રી ગંગારામજી મહારાજ, તેમજ શ્રી પુરુષોત્તમદાસજી મહારાજ જેવા સંતોને સિધ્ધ પદે સ્થાપીને, પોતાની જીવનલીલાને સમાધિ અવસ્થામાં સંકેલી લઇને પોતે નિજધામમાં સ્થિર થઇ ગયા.

આવા કારક કોટિના સંત શ્રી સંતરામ મહારાજનું સમાધિસ્થાન (મંદિર) લગભગ ૨૦૦ વર્ષ કરતાંય વધારે સમયથી પાવન થયેલું છે.

સમાધિ સ્થાનના મંગલ દર્શન સમયે બ્રાહ્મમૂહુર્તમાં ગવાતી બ્રહ્મ સ્તુતિ, પ્રાતઃ સ્મરણસ્તોત્રમ્નું ગાન કરવામાં આવે છે. આ સ્તુતિ-સ્તોત્રમાં પૂ. મહારાજશ્રીના સ્વરૂપને ગુણાનુવાદ તરીકે સ્તવાયું છે.

નામાનુસાર ગુણયુકત સુચિતવૃત્તિ સ્વરૂપ શ્રી સંતરામ મહારાજના ગુણોનું દર્શન આ સ્તુતિના શબ્દોમાં પ્રત્યક્ષ થાય છે. સ્તુતિના શબ્દો આપણને જય મહારાજના દિવ્ય ગુણોનો સાક્ષાત્કાર કરાવે છે. (યાનિ નામાનિ ગૌણાનિ) ગુણ જે એમનો નામનો પરિચય છે.

આ સ્તુતિગાન યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ સ્વયં આત્મસ્થ છે તેની અનુભૂતિ આપણને કરાવે છે. તેમના આ ''અપરોક્ષાનુભૂતિ'' સ્વરૂપનું દર્શન આપણને આ સ્તુતિગાન દ્વારા થાય છે.

આ સ્તુતિ શબ્દો દ્વારા જય મહારાજના પંચ ભૌતિક વિગ્રહમાં સૂક્ષ્મ આત્મબ્રહ્મનું દર્શન કરાવે છે. પૂ. શ્રી સંતરામ મહારાજ સ્વયં સતત, નિત્ય આત્મસુખમાં જ લીન થયેલા છે.

આ પુસ્તિકાના પઠન, મનન અને ગાનથી જય મહારાજના દિવ્ય બ્રહ્મ સ્વરૂપનું દર્શન થાય છે. આ પુસ્તિકા એ એક નાનો સરખો સત્સંગ છે.

નિત્ય પ્રાતઃકાળમાં કરવામાં આવતી આ સ્તુતિને સમજવા માટેનો ભક્તિભાવ આ પુસ્તિકાના માધ્યમથી સહુ ભાવિક ભક્તોને, વાચકોને, જિજ્ઞાસુઓને અને સેવકોને સમજાશે તથા પૂ. મહારાજશ્રીના સ્વરૂપમાં ભાવ તથા શ્રદ્ધા જન્મશે એવી અપેક્ષાએ આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજનાં શ્રી ચરણોમાં આ સેવા અર્પણ કરતાં સત્સંગ પુષ્પો અર્પણ કરીએ છીએ.

આ સત્સંગને પુસ્તિકા સ્વરૂપે આપ સમક્ષ પ્રકાશિત કરવામાં પ્રા. વ્રજેશભાઇ પટેલ તથા પ્રા. સુવર્ણાબેન પટેલે આપેલી સેવા નોંધપાત્ર છે. સળંગ ત્રણથી ચાર મહિના સુધી ચાલેલા આ નિત્ય સત્સંગને પુસ્તિકા સ્વરૂપ આપવા માટેના તેમના પ્રયત્નો પ્રસંશનીય છે.

નિત્ય થતા આ સત્સંગનું રેકોર્ડિંગ કરવા તથા ધ્વનિ સ્વરૂપને શબ્દ સ્વરૂપે ઉતારવા માટે કુ. અદિતિ, કમલેશભાઇ સુતરિયા અને તેમનો પરિવાર, હર્ષદભાઇ ભટ્ટ, ચિ. પંકેશ તથા ચિ. ગૌરાંગે આપેલી સેવા ઉલ્લેખનીય છે.

મહારાજશ્રીના આ સહુ સેવક પરિવારને યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની અખંડ જ્યોતના શુભાશીર્વાદ.

|| જય મહારાજ ||

રામદાસ
મહંત, શ્રી સંતરામ મંદિર,
નડીઆદ.

## સત્સંગ-૧૨૨

# નિત્ય કર્મ, ઉપાસના અને ભજનનું ફળ

**''ગુરોઃ સ્તોત્રકં. યઃ પથેત્પુણ્યદેહી**

**ગૃહી ભૂપતિર્બ્રહ્મચારી ચ સાધુઃ**

**લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા**

**ગુરોર્વાકયનિષ્ઠઃ સદા વાડમનોભિ''**

કોઈપણ શુભારંભ હોય એની પત્રિકા આવે, આમંત્રણ હોય, કાર્યક્રમ છાપેલો હોય, અને છેલ્લે નીચે લખ્યું હોય સ્વરુચિ ભોજન સાથે કરીશું. સ્તોત્ર ગ્રંથ સ્તુતિ, એમાં પણ આવું જ કાંઈક હોય છે. આપણે ભગવદ્ ભજન કરીશું ત્યાર પછીથી એનાં ફળ પ્રાપ્ત કરીશું.

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

આ જેમ કાર્યક્રમને અંતે સ્વરુચિ ભોજન મળે એમ સાધન ભજન નિત્ય કર્મ ઉપાસના સ્તુતિ ભજન પાઠ કરશે ને તો આટલું તમને મળશે.

**''લભેદ્''**

કયા મિલેગા ? ધર્મ અર્થ કામ મોક્ષ. ચાર પુરુષાર્થ બતાવ્યા છે. આગળ ના સત્સંગમાં આપણે ચાર પુરુષાર્થો વિશે

ઘણી વાતો કરી છે, પણ છતાંય ગુરુ ભક્તિમાં માણસ પોતાની ઇચ્છા પોતાની કોઇક ને કોઇક અપેક્ષા, કે પ્રભુ તમારી પાસેથી મને કાંઇક તો પ્રાપ્ત થાય, ભૌતિક હોય તો પણ એ વસ્તુ છે, અને કાંઇ નહીં તો કદાચ પ્રભુ તમારી ભક્તિ મને પ્રાપ્ત થાય, આ એક અપેક્ષા થઇ ગઇ.

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

તો ધર્મ અર્થ કામ અને મોક્ષ એ જીવનના ચાર પુરુષાર્થો છે. ઇશ્વરે માનવ તન આપ્યું, ભગવદ્ ભક્તિ કરી, પણ એ જીવનની અંદર એણે કરવાનું શું ? તો આપણા ધર્મ શાસ્ત્રોના ઋષિઓએ વેદોના ઋષિઓએ આપણને આપ્યું કે આ ચાર પુરુષાર્થ કરજો, આ ચાર કામ કરવાના જ છે, ધર્મ પ્રાપ્ત કરી લેવાનો, પછી અર્થ પૈસો કમાઇ લેવાના, ત્યાર પછી જે કાંઇ ઇચ્છાઓ હોય એ ઇચ્છાઓ બધી પૂરી કરી લેવાની, અને આટલું બધું કર્યા પછીથી છેવટે મોક્ષ પ્રાપ્ત કરવાનો છે, આ ચાર પુરુષાર્થ દરેકને આપણા ઋષિઓએ આપ્યા છે, આ ચાર પુરુષાર્થ વડે જ જીવન સાર્થક બનશે. જીવનને આયોજનબદ્ધ જીવવા માટે આ ચાર પુરુષાર્થ આપ્યા છે. જેમ યોજનાઓ કરવામાં આવે છે, એમ જીવન જીવવાનું પણ આયોજન હોય છે, અને એ આયોજન આપણા ઋષિઓ વેદ દ્વારા આપ્યું છે. માનવ તરીકે જન્મ્યા છો, હવે કરવાનું શું ? પહેલા ધર્મ પ્રાપ્ત કરો, પછી પૈસા કમાવો, પછી તમારા જીવનની અંદર એની વ્યવસ્થા કરો, વ્યવસ્થા એટલે તમારા ઘરસંસારની અંદર તમારા બાળકો જે છે તેમને થાળે પાડવાના, એ કામ કરી લો, અને બધું પતી જાય એટલે? હવે જીવનનો સમય પાકી ગયો છે, આપણું કર્તવ્ય બધું પૂરું થઇ ગયું, આપણે જે માળો બાંધ્યો હતો તે બધો ઠેકાણે પાડી દીધો, હવે જેને

જેને માળા બાંધી આપ્યા તેમના બાળકોએ સંભાળે, આમ હવે આપણે નિવૃત્તિ, મોક્ષ, ભગવાન પ્રાપ્તિનો પંથે જવાનું છે. કોઇપણ રીતે જીવનમાં શાંતિ મળે, ભગવદ પ્રાપ્તિ માટેની સાચી સમજણ મળે તેનું નામ છે મોક્ષ. જીવન આપણને સંતોષકારક લાગે એવી રીતે જીવવું જોઇએ એમ દરેકનું લક્ષ્ય-ધ્યેય હોય છે, પણ પોતપોતાના બંધનો અને વ્યવહારને કારણે કેવું જીવન જીવે છે, એ તો એણે પોતે સમજવાનું, અને એ પોતે ભોગવતો હોય છે પોતાનું જીવન, કે મારે કેવી રીતે ભોગવવાનું છે, પણ વાસ્તવિક લક્ષ્ય આ છે કે જીવનમાં શાંતિ જોઇએ છે, મોક્ષ જોઇએ છે. બધું જ કરી લીધા પછી પરવારી ગયા પછી માણસ વૃદ્ધ થાય ને એટલે ઘણું બધું જે કરવાનું હોય તે કરી લીધું હોય, સમજી લીધું હોય, અનુભવી દીધું હોય, પછી એકલો બેસે ને એટલે, હવે શું કરવાનું રહ્યું જીવનમાં? પરવારી ગયા, હવે પરવારી ગયા એ વિચાર જે આવ્યો તે વખતે એને પોતાના મનમાં એમ થાય, કે હવે હું શું કરું? ત્યારે આત્મકલ્યાણ કરવાનું.તો આત્મકલ્યાણનો વિચાર ઊઠવો જોઇએ, અને આત્મકલ્યાણનો વિચાર ઊઠે એનું નામ છે ચોથો પુરુષાર્થ, મોક્ષ. ઘણું બધું કર્યું હવે, ક્યારેક ક્યારેક માણસ અંતિમ અવસ્થામાં હોય, ઘણો મોટો માણસ હોય પોતપોતાના ક્ષેત્રના હિસાબે, એને એમ જ થાય કે મેં આખી જિંદગી આ જ કર્યું, બીજું કશું પણ ન કર્યું? દુકાને ધંધે બેઠો હશે તો એ રીતે વિચારશે, કોઇ નોકરી કરતો હશે તો, બસ આખી જિંદગી આ જ કર્યા કર્યું, કોઇ ખેડૂત હશે તો, બસ આખી જિંદગી માટી અને ખેતરમાં જ કાઢી, એને સંતોષ નહીં થાય, પ્રાધ્યાપક હશે, ડૉકટર હશે, કોઇ પણ વ્યાપારી હશે, બસ આ જ કર્યું ? આનાથી વધારે શું કર્યું ? મને શું મળ્યું ? એના જીવનની અંદર હતાશા હશે, નિરાશા હશે, એ પોતાના ધંધાની અંદર ખૂબ જ રચ્યા પચ્યા રહીને પછી પણ

જીવનના છેડે પોતાનું સરવૈયું પોતે જોવા બેસે ને, ત્યારે એને એમ લાગે કે ઓહો આ સરવૈયુ છે મારું ? હું કંઇ ન મેળવી શક્યો? તો એ જે કાંઇ જ ન મેળવી શક્યો એ વિચાર આવ્યો ને, ત્યાંથી માણસ જીવન મોક્ષના માર્ગે જવા માટે આરંભ કરી શકે છે, પણ જ્યારે નથી કરતો ત્યારે એ હતાશામાં ને હતાશામાં માણસ ત્યાં આગળ સમાપ્ત થઇ જતો હોય છે, પોતાના જીવનનો સાચો ઉપયોગ કરી શકતો નથી. અને જીવનના સમયનો સદવ્યય ના થાયો, દુરુપયોગ થાયો, ત્યારે માણસને એમ થાય કે મેં શું કર્યું, આખી જિંદગી પૈસા કમાઇને આજ કર્યું, એને શું કરવાના ? આમ માણસના જીવનની અંદર ચાર પુરુષાર્થ કરવાના. જન્મ આપ્યો છે ભગવાને તો શું કરવાનું? આ ચાર કામ, ધર્મ અર્થ કામ અને મોક્ષ. ભણવાનું, કમાવાનું, બધાયને ખવડાવવાનું, અને બધું જ પતી જાય પછીથી આપણે અલગ થઇ જઇ અને માત્ર ભગવદ્ સ્મરણ કરીએ, દરેકને તમારું સોંપી દીધું તો આમ જય મહારાજની સ્તુતિ કરતા, અને સ્તુતિના અંતે પ્રસાદ વહેંચવામાં આવ્યો છે. જેમ કોઇપણ કાર્યક્રમ પૂરો થાય કથાનો હોય, સત્સંગનો હોય, પૂજાનો હોય, તો છેલ્લે શું થાય? પ્રસાદ વહેંચાય, એમ જય મહારાજની આખી સ્તુતિ પૂરી કર્યા પછી લક્ષ્મણદાસજી મહારાજે, પ્રસાદ વહેંચી આપ્યો છે.

**''ગુરોઃ સ્તોત્રકં યઃ પઠેત્પુણ્યદેહી''**

લઇ જાવ,

**''ગૃહી ભુપતિર્બ્રહ્મચારી ચ સાધુઃ''**

લો બધા જ પ્રસાદ લઇ જાવ,

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

અને મળે, દરેકને પ્રસાદ મળે, તમને તમારે ભક્તિ જોઇએ છે તમને ભક્તિ મળશે, તમને પૈસા જોઇએ છે તમને પૈસા મળશે, તમારે મોક્ષ જોઇએ છે તમને મોક્ષ મળશે. આ સ્તુતિ જે કરે છે ને, રોજ નિત્યનિયમથી જે પાઠ કરે છે, એમને જય મહારાજ પ્રસાદ આપ્યા જ કરે છે, રોજનો રોજ પ્રસાદ વહેંચે છે.

**''ગુરોઃ સ્તોત્રકં યઃ પઠતે''**

આ વાંચો ને એનું નિત્ય પાઠ કરો ને,

**''પુણ્યદેહી''**

તમને રોજ પુણ્ય આપશે. રોજ સવારમાં ઉઠી નિત્યનિયમ કરો,

**''યોગેન્દ્રં વિશ્વવંધ્યં સકલગુણનિધિં શ્રીયુતં સ્વાત્મનિષ્ઠમ્''**

પ્રભુ આપ તો આવા મહાન છો. જય મહારાજ આપ કોઇ સામાન્ય નથી, આપ સ્વયં ભગવાન છો, સ્વયં પરમાત્મા છો, અને આપને ભજીએ આપનું સ્મરણ કરીએ, સુખના સાગર છે જય મહારાજ તો.

**''સુખસાગર''**

આપણે સંબોધન કરીએ છીએ, એ તો સુખના ભંડાર છે, આપણે સ્તવિયે છીએ. તો સુખના સાગરના કિનારે જઇ અને ઊભા રહીએ, તો કશું નહીં તો ઠંડી હવા પણ અડે ને, તો એ સુખના સાગરની ઠંડી હવા પણ આપણને લાગશે, કે હાશ, દરિયાકિનારે કેવી મજા આવે છે, ઠંડો પવન વાતો હોય મોજા ઉછળતા હોય, એમ જય મહારાજને શરણે જઇએ, જય મહારાજની રોજ સવારમાં ઉઠી એમની જે સ્તુતિ છે, એમનો નિત્યપાઠ કરીએ,

**''પુણ્યદેહી''**

નિત્યનિયમ કરશો સવારમાં વહેલા ઉઠીને વિષ્ણુસહસ્ત્રનો, જય મહારાજની સ્તુતિનો, તો ચોક્કસ તમને પુણ્ય મળવાનું જ છે, જેમ સવારમાં ઉઠી ને બેસીએ મંદિર ખુલતા, પાઠ ભલે કર્યો ના કર્યો, પણ પ્રસાદ તો બધાયને મળવાનો જ છે, પાઠમાં નથી બેઠા તો પણ પ્રસાદ તો મળી જાય છે ને? કેમ કે જય મહારાજના સાનિધ્યમાં આવી ને બેસી ગયા, ને જય મહારાજ કેવા દયાળુ છે ? એમના સાનિધ્યમાં સામે આવી બેસે એ બધાને પ્રસાદ આપી દે, કે લો લઇ જાઓ, કાલે વહેલા ઉઠજો,

**''પરમ ઉદાર ધ્યાન દ્રઢ ભ્રૂકૂટી ગતિ હી ગગન વિસ્તારી''**

આરતીમાં બેસો છો પણ આવડતું નથી,

**''સમર મન સંતરામ સુખકારી''**

બસ હે મારા મન, જય મહારાજ તો સાક્ષાત ભગવાન છે, ગુરુ ભગવાન છે માત્ર એકલા જય મહારાજ નથી, તું એમને ભજ.

**''સમર મન''**

શું થશે ?

**''સંતરામ સુખકારી''**

**''પઠેત્પુણ્યદેહી''**

સુખ આપશે, પુણ્ય આપશે. જય મહારાજ તો વહેંચવા જ બેઠા છે, સવારમાં કોઇને પણ પ્રસાદ વગર બાકી રાખે છે? જે પણ કોઇ દર્શન કરવા આવ્યો તેને પ્રસાદ વગર બાકી રાખે છે? છેવટે થોડી થોડી ખાંડ પણ દરેકને પ્રસાદ તરીકે મળે છે. તો ભગવદ સ્મરણ કર્યું હશે નિત્યનિયમ કર્યો હશે ને, તો એનો લાભ થવાનો

જ છે, જાણે-અજાણે પણ લાભ થશે જ. તમે ખાંડ અને ગોળ તો ખાવ છો ને, લાડુ તો ખાવ છો ને, તે લાડુ અજવાળું હોય તે વખતે ગળ્યો લાગે અને લાઇટો એકદમ બંધ થઇ જાય પછી એ ખારો લાગે ખરો કે કડવો લાગે ખરો ? તીખો લાગે ખરો? અંધારામાં કે અજવાળામાં લાડુ તો ગળ્યો જ લાગવાનો છે, એમ જય મહારાજનું ભજન નિત્ય સ્મરણ જો સવારમાં ઉઠીને આળસમાં કે આળસ ખંખેરીને,

**''ભાવ કુભાવ અનખ આલસહુ''**

જાણતા-અજાણતા ભાવથી, કે કૂભાવથી જો ભગવાનનું નિત્ય સ્મરણ અને સવારમાં ઉઠી અને નિત્ય પાઠ કરશો તો,

**''નામ જપત મંગલ દિસી દસહુ''**

બસ એનું કલ્યાણ થવાનું જ છે, એને પુણ્ય મળશે જ, કેમ? ભગવાનનું નામ છે. શેરડીનો સાંઠો હોય, ગમે ત્યાંથી તોડી અને ખાવા માંડીએ, કેવો લાગે? મીઠો જ લાગશે, કોઇ ને એના મૂળથી કડવો લાગે કે વચ્ચે તીખું લાગે કે ઉપર ગળ્યો લાગે, શેરડીનો સાંઠો ગમે ત્યાંથી ખાવ એ ગળ્યો લાગવાનો જ છે, કારણ કે એ શેરડીનો સાંઠો છે. તો આ ભગવાનની ભક્તિ છે, આપણને મીઠા ફળ આપવાની જ છે, ગળી લાગવાની જ છે, સુખી કરવાના જ છે.

**''ગુરોઃ સ્તોત્રકં યઃ પઠેત્પુણ્યદેહી''**

જય મહારાજની ભક્તિ કરીશું ને, નિત્ય નિયમ અને પાઠ કરીશું ને, તો એમાંથી સુખ મળવાનું જ છે જેમ જાણતા કે અજાણતા જાગતા કે ઊંઘમાં પણ જો કોઇ લાડુ ખવડાવી દે તો એ મીઠો જ લાગવાનો છે, કોઇ પ્રેમથી ખવડાવે કે જબરજસ્તીથી

ખવડાવે લાડુ તો મીઠો જ લાગવાનો છે, જબરજસ્તીથી ખવડાવે તો કાંઇ કડવો થઇ જવાનો છે? એક ગળ્યો જ લાગવાનો છે. તો ભગવાનની ભક્તિ હંમેશા મધુર છે, મીઠી છે. અત્યારથી કરીશું ભક્તિ તો ભવિષ્યમાં આપણું જીવન ક્યારેય પણ કડવું નહીં બને, મીઠું જ થશે, કેમ? ભગવાનની ભક્તિ મીઠી છે. તમે ખાંડ જેમાં નાખશો એ વસ્તુ કેવી થઇ જશે? બસ, તો જીવનને ભગવાનની ભક્તિ સાથે આપણે જોડી દઇશું, તો જય મહારાજની ભગવાનની ભક્તિ તો મીઠી લાગવાની જ છે, એ આપણને ગળી કરશે જ. દૂધમાં નાખીશું સાકર તો પણ ગળી લાગે છે, પાણીમાં નાખીશું કે શરબતમાં નાખીશું, કઢીમાં નાખીશું તો પણ, દૂધપાકમાં નાખીશું તો પણ ગળી લાગવાની જ છે, એમ ભકિત, નાનો-મોટો કોઇપણ દરેક વ્યક્તિ ભક્તિ કરશે ને તેનું જીવન મીઠું થઇ જવાનું છે, ગળ્યું થઇ જશે. ગળ્યું એટલે સુખી, એનું જીવન સુખી થશે જ, કેમ કે ભગવાનને એ પહોંચે છે, અને ભગવાન એની સાથે છે, ભગવાન એને કોઇ દિવસ દુઃખી નહીં થવા દે. એ સત્સંગ સંસ્કાર આપણા જીવનમાં હોય, એટલે તો સ્તુતિના અંતે જય મહારાજ પ્રસાદ આપવા બેઠા છે, કે લો લેતા જાઓ બધા જ શું જોઇએ છે?

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

ઇચ્છાઓ પૂરી થશે, ધર્મ પણ મળશે, અને આખરે ભગવાન જીવનના અંતે મુક્તિ પણ આપશે. જીવનનો અંત કોઇનો નથી આવવાનો એવું છે? તો જીવનનો અંત તો દરેકનો આવવાનો નક્કી જ છે, તો જીવનના અંતે પણ જય મહારાજ આપણી સાથે જ રહેશે.

**''મોક્ષં હિ ભકત્યા''**

અંત સમયે પણ આ નિત્યનિયમની ભક્તિ દ્વારા જય

મહારાજ ગુરુ ભગવાન આપણા, આપણી સાથે જ રહેવાના, જીવનને અંતે આપણને લેવા માટે આવવાના, લઇ જઇ શું આપશે આપણે ને?

**''મોક્ષં''**

મોક્ષ આપશે, જીવનમુક્તિ આપશે, આનંદ આપશે. આપણા દુઃખો દૂર કરે એનું નામ મોક્ષ. નિત્યનિયમ કરો, સવારના પહોરમાં ઉઠીને રોજ જય મહારાજને યાદ કરો, જય મહારાજ તો સુખ સ્વરૂપ છે.

**'સુખના સાગર સંતરામ દુઃખના ભંજનહાર'**

જય મહારાજ તો દુઃખ દૂર કરવાવાળા છે માટે,

**''ગુરુચરણ તજીએ નહીં ભજિયે વારંવાર''**

જય મહારાજ સુખના સાગર જ છે, એમનાથી દુર જઇશું તો દુઃખી થઇ જઇશું. એમની નજીક જ રહો, એમની સાથે જ રહો, બસ દુઃખ આવશે જ નહીં. અહીંયાં કહ્યું કે,

**''લભેદ ધર્મકામાદિ મોક્ષ હિ ભકત્યા''**

મોક્ષ પણ આપી દેવાનું કહ્યું, મોક્ષ સહેલો છે ખરો?

**''મોક્ષ સકલ સુખ દાની''**

તમે આટલું બધું આપવાનું કહ્યું, મોક્ષ આપવાનો કહ્યો, સકલ ખાણ ભંડાર એ આપવાનું કહ્યું, પણ ભક્તિ આપવાની તોં કહી નહીં.

**''ભક્તિ આપની દેન ન કહિ''**

સબ કુછ દેને કો કહા, કી કાગભુષંડી ક્યા ચાહિયે તુજે?

**''અણિમાદિક સિદ્ધિ અપર રિદ્ધિ માંગહુ''**

તારે રિદ્ધિ સિદ્ધિ છે, જે કાંઇ જોઇતું હોય તે તું માગી લે, તારે આટલું મોટું રાજ જોઇતું હોય તે પણ તું લઇ લે, કહે કે ભગવાન તમે આટલા મોટા ઉદાર દેખાવ છો અને કંજૂસી, કંજૂસ છો મોટા, આટલું બધું આપવાની વાત કરી, ઘરની અંદર બહુ જ કીમતી વસ્તુઓ હોય તો આપણે શું કરીએ? તિજોરીના ખાનાના ખાનાના ખાનામાં અંદરની બાજુએ પાછળની બાજુએ બંધ કરીને મૂકી દઇએ, અને ચાવી રાખીએ ખિસ્સામાં, પાકીટમાં, અને પાકીટ ખિસ્સામાં, પછી કહે કે આ બધું તમારી માટે જ લાવ્યો છે, લો જે જોઇએ તે લઇ લો. જે જોઇએ તે લઇ જાઓ. અરે વાહ તમે તો બહુ જ ઉદાર છો, પણ કાગભુષંડી એવા નીકળ્યા કે ભગવાન તમે આટલું બધું આપવાનું કહ્યું, આ તિજોરીની ચાવી આપોને, કહે કે ભક્તિ ન મળે.

**''ભગતી આપની દેન ન કહી''**

બધું જ આપવાનું કહ્યું, કે બંગલો લઇ જા, મોટર લઇ જા, ગાડી લઇ જા, જમીનો લઇ જા, લે વૈભવ લઇ જા, આટલા બધા રૂપિયા લઇ જા, કશો વાંધો નહીં, તો આટલું બધુ હું ક્યાં રાખીશ? એ મુકીશ ક્યાં? પછી પાછા ભગવાનને બોલાવવા પડે, કે ભગવાન તું મારી રક્ષા કરજે, આ બધું સાચવજે, ચોકીદાર પાછા ભગવાનને બનાવવા પડે. માગ્યું પણ ખરું, ભગવાને આપ્યું પણ ખરું, અને પાછા ચોકીદાર ભગવાનને બનાવે. ભગવાન બધું જ આપે પણ એમની ભક્તિ જલ્દી ન આપે.

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

આટલું બધું તો આપે, પણ સાથે સાથે ભક્તિ પણ આપે, પણ ક્યારે? નિત્યનિયમથી ભજીયે તો, બાકી એમ ને એમ કોઇને

ભક્તિ આપી દેતા નથી. કાગભુષંડી કહે છે કે અહીંયા પેલી ઓટીએ ચઢાવેલી પાકીટમાં મૂકેલી ચાવી છે ને ભક્તિની તિજોરીની એ લાવોને, કહે કે તું પાકો નીકળ્યો, આટલું બધું આપવાનું કહ્યું એમાંની કોઇ પણ ચીજ તું લેવા તૈયાર નથી, આટલી બધી સંપત્તિ સત્તા વૈભવ રાજપાટ રિદ્ધિ સિદ્ધિ બધું જ આપવાનું કહ્યું તને, પણ કહે છે કે આ પેલું ખૂણામાં સંતાડી રાખ્યું છે ને એ જ એ જવેરાત

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

પણ જય મહારાજને, ગુરુ ભગવાનને આપણે ભજીયે તો આ બધું જ આપે, અને છેવટે ભક્તિ પણ આપી દે, લે આ ભક્તિ લેતો જા. જય મહારાજની ઉદારતા, એમાં ચાર પુરુષાર્થો કહ્યા ને, તો આપણે પણ વિચારીએ, કે જો જય મહારાજ આપણને આટલું બધું આપવા તૈયાર હોય તો આપણે એમને છોડી અને બીજે ક્યાં જવું ? શા માટે જવું ? શા માટે જય મહારાજને ત્યાં અહીં જ રહી ના જવું? ચાલો અહિયાં જ રહી જઇએ, સેવા કરીશું સ્મરણ કરીશું બધું જ થશે, અને જય મહારાજ આટલું બધું આપવા બેઠા છે ભગવાન તરીકે, તો એ બધું મળવાનું જ છે આપણને. જય મહારાજના થઇ અને રહીએ તો આ બધું આપણું જ છે ને, આપણે એમના જ છીએ, આમ તો આ સ્તોત્રના નિત્યનિયમથી, આ જે પ્રાર્થના છે, સ્તુતિ છે એનું નિત્યથી રોજ સવારમાં ઉઠી, નહાઇ ધોઇને નિયમ રાખવો પડે. ખબર છે નિયમ કરતા પહેલા કશું પણ મોઢામાં મૂકવાનું નહીં, નિત્યનિયમ પૂરો થાય અને ત્યાર પછી જ ખાવાનું લાયસન્સ રીન્યુ થાય, લાયસન્સ રીન્યુ એટલે ખબર છે ને સરકારમાં ? સરકારમાં એના પૈસા ભરવા પડે, ટેક્સ ભરવો પડે, ત્યાર પછી લાયસન્સ રીન્યુ કરી આપે, તો આપણું રોજનું

લાયસન્સ રીન્યુ કરાવવાનું ખાવાનું. રોજ લાયસન્સ રીન્યુ ક્યારે થાય? નિત્યનિયમ જ્યાં સુધી ન પૂરો થાય ત્યાં સુધી લાઇસન્સ મળે નહીં, કશું પણ મોઢામાં મૂકવાનું નહીં, ચાલો ઉઠ્યા, નહાઇ ધોઇ નિત્યનિયમ કરી લઇએ. નિત્યનિયમ જ્યાં સુધી ના થયો હોય ને ત્યાં સુધી યાદ રહેવું જોઇએ, કે હજુ મારે ખાવાનું નથી, હજુ મારે નિત્યનિયમ બાકી છે. આપણે આટલા બધા પ્રવાસમાં જતાને, રેલગાડીમાં હોઇએ, તો જ્યાં સુધી સારું સ્ટેશન ન આવે ત્યાં સુધી નવાય નહીં, ત્યાં સુધી નિત્ય નિયમ ન થાય, અને નિત્ય નિયમ ન થાય ત્યાં સુધી નાસ્તો પણ ન ખવાય, જમાય પણ નહીં, નિત્ય નિયમ એવો પાક્કો હતો, જય મહારાજે બધું જ આપ્યું, ભક્તિ આપી, જુઓ છો ને. નિત્યનિયમ પાક્કો હોવો જોઇએ, સહેજ પણ એમાંથી ડગવાનું નહીં, ભલે ને સાંજ પડી જાય, પણ હજુ નાહ્યા નથી, નિત્ય નિયમ કર્યો નથી, એટલે મોઢામાં કશું પણ મૂકવાનું નહીં.

**''લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા''**

આપણા જીવનમાં પુણ્યની કમાણી જય મહારાજ કરી આપશે. પુણ્ય કમાવા માટે તો ક્યાં ક્યાં જવું પડે અને શું કરવું પડે? દાન કરવું પડે, પુણ્ય કમાવવા માટે યજ્ઞ કરવા પડે, પુણ્ય કમાવવા માટે તીર્થયાત્રા જવું પડે, આ મોંઘવારીમાં એટલા બધા પૈસા લાવવા ક્યાંથી? બસ નિત્યનિયમ કરીશું, તો જય મહારાજ પુણ્યની કમાણી આપી જ દેશે, કે લો, નહીં યજ્ઞ કરવા પડે, નહીં કથાઓ કહેવડાવી પડે. એટલા બધા પૈસા ક્યાં છે કે આપણે મોટા મોટા દાન પુણ્ય કરી શકીએ, પણ એકમાત્ર ભગવાનની ભક્તિ કરીશું ને તો ભગવાન આપણને જરૂર આપશે, શું આપશે? પુણ્ય. આમાં થી કોને પુણ્ય નથી જોઇતું? બધાને જોઇએ છે. તો સવારમાં

રોજ ઊઠી શ્રદ્ધાપૂર્વક જય મહારાજને યાદ કરી, નિત્ય નિયમ કરો, નિત્ય નિયમ કયારેય પણ નહીં છોડવાનો, જ્યાં સુધી જીવીએ છીએ, જીવ શરીરમાં છે ત્યાં સુધી નિત્યનિયમ છોડવાનો નહીં, તો આપણને પુણ્ય ની, પૂરેપૂરા પુણ્યની કિંમત મળી જવાની, માત્ર નિત્યનિયમ કરવાનો, રોજ નિત્ય નિયમ એટલે શું ? તમે સુતા પહેલા હનુમાન ચાલીસા, સંતરામ બાવની, દત્ત બાવની, નામ સ્મરણ કરી નામ સંકીર્તન કરી પછી સુવાનું, એનું નામ નિત્ય નિયમ, સવારે ઊઠી નાહી-ધોઇ પરવારી પગે લાગી અને કોઇપણ માળા છે જપ છે પાઠ છે એનું નિત્યનિયમ કરો, કમાણી થઇ ગઇ, પુણ્યની આ છે ભક્તિ. જય મહારાજ તો બધાયને પુણ્ય આપવા માટે બેઠા જ છે, લઇ જાવ બસ, આટલું કર્યું આટલો નિત્ય નિયમ કર્યો, લો આટલું તમને આપ્યું, આટલું તમારા ભાગે આવ્યું, તો એ છે પુણ્યની કમાણી, કોઇને પણ બાકી ન રાખે, એટલે આપણે સહુ સવારમાં ઉઠી અને નિત્યનિયમ કરીશું તો પુણ્ય આપોઆપ જય મહારાજ આપણને વહેંચીને આપી દેશે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૨૩

# ગુરુના વચનમાં રાખો વિશ્વાસ

**''ગુરોઃ સ્તોત્રક. યઃ પથેત્પુણ્યદેહી**

**ગૃહી ભૂપતિર્બ્રહ્મચારી ચ સાધુઃ**

**લભેદ ધર્મકામાદિ મોક્ષં હિ ભકત્યા**

**ગુરોર્વાકયનિષ્ઠઃ સદા વાડમનોભિ''**

ગુરુના વાક્યમાં, ગુરુની આજ્ઞામાં પુરેપૂરો વિશ્વાસ, પૂરેપૂરી નિષ્ઠા હોવી જોઇએ, જે આજ્ઞા આપી પછી એમાં આપણી કોઇ પણ તર્ક વિતર્કવાળી દલીલ ત્યાં મકુાય જ નહીં.

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ''**

માત્ર સદગુરુ ભગવાનની આજ્ઞાની અંદર પૂરેપૂરી શ્રદ્ધા, માત્ર આજ્ઞાંકિત જ બની જવાનું, એનું નામ છે

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ''**

નિષ્ઠા એટલે દ્રઢતા, અને જય મહારાજમાં નિષ્ઠ રાખ્યા પછી જે આજ્ઞાઓ છે, જય મહારાજના શ્રીમુખની વાણી છે, એની ઉપર પણ એટલો જ વિશ્વાસ, કારણ વિશ્વાસ કોની ઉપર મૂકી શકાય? જે પોતાનો હોય. આપણો પોતાનો હોય એની ઉપર વિશ્વાસ મૂકી શકાય, પારકા ઉપર વિશ્વાસ મૂકાય ? પારકો હોય

એના હાથમાં આપણા ઘરની કોઇ પણ વસ્તુ આપી શકાય ખરી? પણ આ તો સદગુરુ ભગવાન છે, એમણે આપણને પોતાના કર્યા છે, આપણે જય મહારાજને પોતાના કર્યા છે. એટલે પૂરેપૂરો વિશ્વાસ પૂરેપૂરી નિષ્ઠા. જય મહારાજમાં આ મારી નિષ્ઠા છે, મને કોઇ દિવસ ખોટો રસ્તો નહીં બતાવે, મારા જીવનની અંદર જે પણ કાંઇ ભૂલો હશે, અપરાધ હશે, એ મને સ્પષ્ટ કરશે કે આ છે એ બધાનો નિકાલ કર, અને એના માટે તો જય મહારાજએ ગુરુ ભગવાન કહેવાય. એમાં આપણી પૂરેપૂરી દ્રઢતા વાળી નિષ્ઠા, વિશ્વાસ, સહેજ પણ એમાં શંકા નહિ, નહિતર શું થાય ખબર છે?

**''ગુરુ વચન નો લોપ કરે તો દેવતા સર્વે કોપે''**

**''ગુરુ વચનમાં માલ ઘણો છે જે ગુરુ નો હોય તે જાણે''**

બીજું નહીં. શું રહસ્ય છે સદગુરૂના વાક્યમાં, એ તો જે પોતાના થયા હોય ને એને ખબર હોય, અને ગુરૂ મહારાજ તો કેવા છે? જો સમર્પિત થઇ જઇએ તો મા જેમ બાળકને નવડાવે ખવડાવે વાળ ઓળી આપે, એને કાળું ટીલું કરે, કપડાં પહેરાવે અને સરસ મજાનું બનાવે, એમ

**''ગુરુ ને વચને જે રહે તેની ભક્તિ આપે''**

જય મહારાજના શરણે જઇએ તો પછી,

**''આપ ઓપે થી એમ ગાઇએ રે''**

આપણને સજાવે કે લો છોકરા આટલાં કપડાં છે, પહેરજો હો. જેમ માં-બાપ બુટ ચંપલ ઘરેણા કપડા જે પણ કાંઇ જોઇએ તે લાવી આપે કે, લો દીકરા આનંદ કરો. તો જેમા માતા-પિતા પોતાના બાળકની સજાવે એટલે એ ખુબ સુંદર લાગે, એમ ગુરુ મહારાજ પણ પોતાના શિષ્યને પોતાના આશ્રિતને સજાવે એને

સંપન્ન બનાવે, કઇ સંપન્તા? પૈસાથી નહીં, એને સદગુણોથી સંપન્ન બનાવે. એને સંસ્કારોથી સંપન્ન બનાવે. એને સદાચારથી સંપન્ન બનાવે. સંયમથી સંપન્ન બનાવે. આ રીતે તમને સંપન્ન બનાવશે, જેમાં જીવનના લક્ષ્યને જીવનના ધ્યેયને સફળ બનાવી શકાય એવું ઘણું બધું જય મહારાજ આપશે અને સમજાવશે, સંસ્કાર જેવું મોટું કોઇ ઘરેણું નથી, અને સંસકારનું ઘરેણું એટલું સુંદર શોભે છે, એટલાં આ પહેરેલાં ઘરેણાં નહીં શોભે. તપસ્વીઓ ઋષિમુનીઓ, કાંઇ ઘરેણા હોય છે? અરે ભસ્મ ચોળી હોય, વલ્કલ વસ્ત્રો હોય, એકલું કોપીન હોય, પણ સામે ચાલીને જઇએ, કે મહારાજ બહુ જ સરસ છે, દર્શન કરવા લાયક છે, અરે પણ એમની જોડે તો કશું પણ નથી ને? રાખ ચોળી અને બેઠા છે, નથી કઇ ઘરેણાં પહેર્યા, નથી કાંઇ કીંમતી વસ્ત્રો પહેર્યા છતાં પણ, મહારાજ બહુ જ દર્શનીય છે, તેમના તપથી, એમના સદાચારથી, એમના સંયમથી, એમના સદ્‌ગુણોથી એ શોભે છે, ઘરેણાંથી વસ્ત્રોથી નહીં. કદાચ એવા કોઇ સદગુરુ હોય એમને શરણે જઇને કહો, કે દીક્ષા આપો મહારાજ, તો સૌથી પહેલા તો ભસ્મ જ આપશે કે લે ભસ્મ છે ચોપડ, આ વલ્કલ વસ્ત્રો પહેરો, ખુલ્લામાં ધૂળમાં બેસ, આટલું તપ કર, આટલા જાપ કર, અને એ જેમ બધું આપતા જાય, એટલે સ્વાભાવિક છે કે એનામાં ઓજ તેજ સંયમ સદાચાર વધતું જવાનું છે. તો સદગુરુ એટલા માટે ઉદાર છે, એટલા બધા પરોપકારી છે,

**''પરોપકારી તમો છો અંતર્યામી**
**કોણ ભાગ્ય હશે સહેજે સદગુરુનું દર્શન પામી''**

તો સદગુરુ આટલા બધા પરોપકારી છે, શરણે આવ્યો જે

નિષ્ઠાથી શ્રદ્ધાથી વિશ્વાસ થી, સમર્પિત થઇને આવ્યો છું, આવ બચ્ચા, બેઠો. લો યે માળા ફેરવો જાવ જલ ભર કે લે આવો, લકડી કાટકે લાવો, સેવા કરાવડાવે, પણ સેવાની અંદર એવી નિખાલસતા હોય નિર્દોષતા હોય, જેમાં લોભ ના હોય, છળકપટ ન હોય. એટલે સદગુરુ સદશિષ્યને સામેથી બોલાવે, પણ સદ્‌ગુરુની વ્યાખ્યા કઇ? સદ્‌ગુરુ કોને કહેવાય?

**''કો વા ગુરુર્યો હિ હિતોપદ્રષ્ટા''**

સ્વાર્થના ઉપદેશ આપતા ન હોય, આટલા ડોલર મૂકી જજો, આ મંદિર બંધાય છે અને આટલા તમારે આપવા પડશે,

**''હિતોપદ્રષ્ટા''**

એના ધનનું દોહન ન કરે પણ એની અંદર જે સદ્‌ગુણ હોય એ સદ્‌ગુણોનું દોહન કરે, અરે તું તો આવો છું, તું શરીર થોડો છું? તું તો આત્મા છું. તું સામાન્ય માણસ થોડો છું? તું જય મહારાજનો શરણાર્થી છું, જય મહારાજે તમને ઓથ આપી છે. તો એ રીતે સદ્‌શિષ્યને સદ્‌ગુણોથી સદાચારથી સજાવે, એના વડે એ પોતે શોભે પણ ખરો. તો સદ્‌ગુરુ આટલું બધું આપે. પણ એમાં વિશ્વાસ રાખવો પડે. જો પરિપૂર્ણ વિશ્વાસ મૂકી અને બેઠા, તો તો સઘળું જ આપી દે કાંઇ જ બાકી ન રાખે.

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ સદા વાંગમનોભિ''**

મનવાણીથી ગુરુ મહારાજમાં સંપૂર્ણ વિશ્વાસ, વિશ્વાસ એટલે ધસમસતો વિશ્વાસ હોય, જેને કહેવાય ને કે ગાંડો વિશ્વાસ, પણ શંકરાચાર્યજીએ કહ્યું કે ગુરુ કેવા હોય?

**''કો વા ગુરુર્યો હિતોપદ્રષ્ટા''**

ગુરુ કોણ ? તો જે શિષ્યના હિતકારી વાતો કરે તે, એના

વખાણ કરે તે નહીં, બાકી તો

**''અહો રૂપમ અહો ધ્વનિ''**

તમારા વખાણ કરે અને તમને હાર પહેરાવે, તમે એના વખાણ કરો તમે હાર પહેરાવો, આથી વિશેષ આત્મકલ્યાણની કોઇ વાત જ ન હોય, તો એનાથી એનું કલ્યાણ ક્યાં થવાનું હતું? એનું ભલું ક્યાંથી થવાનું હતું ? હાર પહેરાવ્યો એટલે ભલું થઇ ગયું? પ્રશંસા કરી કે તમે તો બહુ જ મોટા, તમે એક સારા સજ્જન છો, તમે હુ જ મોટા ભક્ત છો. પેલા ઊંટને ત્યાં લગ્ન હતું, અને ગધેડો ગીત ગાવા આવ્યો હતો, બેઉ ભેગા થયા,

**''ઉષ્દ્રામાં વિવાહેષ ગીતં ગાયન્તિ ગર્દભાઃ**

**પરસ્પરં પ્રશંસન્તિ અહો રૂપમ અહો ધ્વનિઃ''**

ઊંટની ઘરે લગ્ન હતું અને ગધેડો ગાવા ગયો હતો, ઊંટને કહે કે ઓહોહો તમારું રૂપ કેટલું સુંદર છે, ઊંટના તો અઢારે વાંકા હોય, તો ઊંટ કહે કે તમારો અવાજ કેટલો સુંદર છે,

**''પરસ્પરમ ભાસયંતી''**

એકબીજાની ભાટાઇ કરવી એ હિતોપદેશ નથી. જે સાચામાં સાચો પોતાનો સાચો માર્ગ બતાવે, કે ભાઇ આ કલ્યાણનો માર્ગ છે, આ પરમાર્થનો માર્ગ છે, આ ધર્મનો માર્ગ છે, આ રસ્તે ચાલો. તો શંકરાચાર્યજી એ સૌથી પહેલાં, ગુરુમાં વિશ્વાસ રાખતા પહેલા ગુરુની વ્યાખ્યા આપી દીધી, કે ગુરુ કોને કહેવાય, સ્વાર્થ ના જોવે, એની પાસે કોઇ અપેક્ષા ન રાખે. એ સદ્‌ગુરુ તે છે કે શિષ્ય પાસે કોઇ પણ જાતની અપેક્ષા નહીં, માત્ર તારું કલ્યાણ, જા. અને સદ્‌ગુરુ તો કદાચ આપણે આંગણે આવીને નારાયણ હરિ કરે, તો આપણે આપણા રોજના ભોજનમાંથી બે-

પાંચ રોટલી અને દાળ શાક આપી દઇએ, એમાં આપણે ત્યાં કશું પણ ખૂટી જતું નથી, પણ સદ્ગુરુ પોતાના જીવનનું સાધન તપ છે, પોતાના જીવનની જે કમાણી છે એ જ સીધું આપી દે કે લે, ચાર રોટી આપીને તે, આટલું આપી દઉં છું, લઇ જા, તારું કલ્યાણ થાવ, ભગવાનની તારી ઉપર કૃપા ઊતરે, સુખી થા. એક એક વાક્ય બોલે આશીર્વાદનું, તે એની કિંમત કેટલી બધી? જા સદાચારી થજે, સંયમી થજે, એ જે પોતાની કમાણી છે જીવનભરની જપ-તપની એ આપી દીધી. આપણે શું આપ્યું? બહુ બહુ તો ચાર રોટી આપી દીધી, આપણા ઘરમાંથી શું ખૂટ્યું? કશું પણ નહીં. આ સંત છે, તમે માત્ર ચાર રોટી જ આપી એક ટંકની ભૂખ મટાડવા માટે, પણ સતે તો એમના જીવનની કમાણી આપી દીધી. તમને તો સદ્ગુરુ સંત એ કોઇપણ વ્યક્તિનું પરમ હિત માત્ર ઇચ્છે, એનામાં બીજું કાંઇ ન હોય, બીજી કોઇપણ અપેક્ષા ન હોય, આવ્યો છું સારું ભાઇ લે, ભગવાનનું ભજન કરજે, તારું કલ્યાણ થાય, લે આટલું કામ કરજે, એના વડે એ કેટલો બધો સુખી થઇ જાય. એક સંત ગામે ગામ ફરી સત્સંગ કરે, અને આગળ વધે, સત્સંગ કરી અને આગળ વધ. તો એક ગામમાં રાત્રે સત્સંગ રાખ્યો, જુવાનીયા પણ બેઠા હતા, નાના મોટા બધા જ હતાં, ગામડામાં તો બધા જ હોય, પણ એ સંતને એક આદત હતી, કે સત્સંગ પૂરો થાય એટલે સત્સંગમાં બેઠેલા દરેક જણે એક એક નિયમ લેવો પડે, કે હું માતાપિતાને પગે લાગીશ, રોજ સવારે હું વહેલી ઉઠી જઇશ, જૂઠું નહીં બોલું, ચા નહી પીવું, અમુક વસ્તુ નહીં ખાઉ, નિત્યનિયમ માળા કરીશ જાપ કરીશ, દેવદર્શને જઇશ, આવા અનેક જુદા જુદા નિયમો લે. તો એક જવાનીયો હતો, તે આવી અને પગે લાગ્યો, તો કહે કે બાપજી કાંકરા નહીં

ખાઉં આજ થી. પેલા જુવાનિયાએ મશ્કરી કરી, પણ પેલા સંતે કહ્યું કે દીકરા નિયમ લીધો છે ને તો પાળજે, તારું કલ્યાણ થાય જા.

**''કો વા ગુરુર્યો હિ હિતોપદ્રષ્ટા''**

સમય પસાર થયો, પેલો જુવાનિયો સારું ભણ્યો, ગૃહસ્થ થયો, સારી નોકરી મળી મોટી પેઢીમાં, પેઢીમાં ખુબ અગ્રગણ્ય આગળ કામ કરતો થયો, શેઠ એની ઉપર વિશ્વાસ મૂકી દે કે આટલું કામ તારે જ કરવાનું છે. તો દાંપત્ય જીવનની અંદર સ્વભાવિક છે કે અમુક અમુક માંગણીઓ તો હોય જ; દામ્પત્યજીવનની વચ્ચે એટલે પત્નીએ ફરિયાદ કરી કે આટલા બધા દિવસો થયા પણ કોઇ દિવસ થિયેટરમાં લઇ ગયા નથી, તો કોઇક દિવસ તો સમય કાઢો, ફરવા નીકળ્યા, ક્યાંક જઇએ, તો પેલાએ કહ્યું કે આ રવિવારે આપણે ચોક્કસ જઇશુ બસ. રવિવાર નક્કી કર્યો તારીખ નક્કી કરી, પત્નીએ કહ્યું કે જુઓ તમને ઢેબરાં અને ખીર ખૂબ ભાવે છે ને, હું ઢેબરાં ખીર કરીશ, આપણે જમીશું અને પછી જઇશું સિનેમા જોવા માટે, બધો કાર્યક્રમ નક્કી થઇ ગયો ટિકિટો પણ આવી ગઇ.

શનિવારે સાંજે આવ્યો એની નોકરી ઉપરથી, પત્નીએ પૂછયું કે આવતી કાલનો કાર્યક્રમ, તોક હે કે હા ચોકકસ આપણો કાર્યક્રમ નક્કી જ છે, શનિવારની રાત્રે શેઠનો ફોન રણક્યો, શેઠે ફોન ઉપર કહ્યું કે એક અગત્યનું કામ છે, સવારે ગાડી મોકલીશ, જોડે એક નોકર પટાવાળો પણ હશે, આટલી ફાઇલો છે આટલું કામ પતાવી અને પાછા આવતું રહેવાનું છે, પછી ફોન મૂકી દીધો. પત્નીએ પૂછયું કે શું વાત થઇ, શેઠનો ફોન હતો અને આવું હતું પણ વાંધો નહીં, સવારે વહેલો નીકળી જઇશ ગાડી આવશે એટલે, અને બપોરે પાછો આવી જઇશ બધું જ કામ પતાવીને,

ગયો ઓફિસમાં બેઠા ફાઇલ આપ-લે થઇ, બપોર થઇ ગઇ પણ નીકળવાનો કાંઇ મેળ પડ્યો નહીં, એટલે બપોરે જમ્યા પછી ફરી બધાએ મિટિંગ કરી, જમીને થોડો આરામ કરી અને ફરી પાછા બધા બેઠા, જે **negotiation** થવું જોઇએ તેના ત્રણ વાગ્યા ચાર વાગ્યા પાંચ વાગ્યા, આ બાજુ પેલી પત્ની ઘરે રાહ જુએ, આ બાજુ ફાઇલોમાં મડાગાંઠ ઉકલે નિરાકરણ આવે નહીં, રાતના દસ થયા, પેલાના ઘરે તો ઢેબરા અને ખીર બનાવી અને તૈયાર કરી દીધું હતું, છોકરાઓ રમતા રમતા સુઇ ગયા, રાતના અગિયાર વાગ્યા એટલે પેલી પત્ની પણ બહાર ઝરુખામાં રાહ જોતી જોતી જોકા ખાવા લાગી, રાતના બાર વાગ્યા, એક વાગ્યા પછી ઘરનું બારણું ખખડ્યું, પેલી પત્ની ઝબકી અને જાગી, સૌથી પહેલો તો છણકો જ સીધો, આવ્યાં નીચે અને પછી બારણાની સાંકળ ખોલી, અને પછી કહે છે કે બૂટ મોજા કાઢો, હાથ-પગ ધોઇ લો, અને લો આ પાણી અને બેસી જાઓ ખાવા, ખીર તો ટાઢી કાંકરા જેવી થઇ ગઇ. પેલો કહે કે તે કાંકરા જેવી કેમ કહી? હવે હું ખીર નહીં ખાઉ, મારો નિયમ છે, તો ખાધા-પીધા વગર છોકરા પણ સૂઇ ગયા હતા, એ બંને જણ પણ રિસાઇને ૬૩ને બદલે ૩૬ થઇને ગુસ્સામાં સુઇ ગયા. સવારે છોકરા ઉઠયા, ભૂખ કોઇની સગી થાય? કહે કે મમ્મી ભૂખ લાગી છે, પપ્પા ચાલોને, તો પેલી કહે કે ઉઠોને, આ ખીર છે તો ખાઇ લઇએ, તમે મોઢું ધોઇ લો, દાતણ કરી લો, હું ખીર ગરમ કરી અને તૈયાર કરી લાવું. પછી ગરમ કરવા માટે જેવી ખોલી તો ખીર એકદમ લીલીછમ થઇ ગઇ હતી, અરે આ તો ના ખવાય, એ ખીર બહાર નાખવા ગયા તો અંદરથી ગરોળી નીકળી મરેલી, તે ખીર બહાર નાખી અને પાછી આવી અને કહે કે સારું થયું રાતે આપણે ખીર ન ખાધી, નહીં તો

આપણી ચારે મરી જાત.

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ સદા વાઙ્મનોભિઃ''**

નિયમ લીધો હતો કે કાંકરા નહીં ખાવ અને એ પાળ્યો, તો એનું કલ્યાણ થયું. સંતો પણ કેટલા દયાળુ હોય છે, મશ્કરી કરી કાંકરા નહીં ખાવાની ટેક લઇને, પણ એ કરેલી મશ્કરી એની કિંમત ચૂકવાઇ ગઇ, તે કાંકરા જેવી કેમ કહી? મારો નિયમ છે હવે નથી ખાવી, ગુસ્સામાં કહી દીધું હતું તે ચારેય જણ બચી ગયા. હવે સમય પસાર થયો અને ફરી પાછા એ સંત ફરતાં ફરતાં એ ગામની અંદર આવ્યા, સત્સંગ થયો, એ પણ ગયો હતો, આગળ બેઠો હતો સત્સંગ સાંભળ્યો ત્યાં સુધી વિચારતો હતો કે આ સંતે મારી ઉપર કેટલો બધો ઉપકાર કર્યો, કેટલું મારુ હિત ઇચ્છીયું.

**''કો વા ગુરુર્યો હિ હિતોપદ્રષ્ટા''**

એ સંતની મશ્કરી કરી તો પણ એના પ્રત્યે સદ્ભાવ, એના પ્રત્યે કોઇ પણ જાતની અપેક્ષા નહીં, લાલચ નહીં, કોઇ લોભ નહીં કે તું મને આટલું આપજે. હવે એ આખો સત્સંગ પૂરો થયો, બધા પોતાના નિયમ લેવા માંડ્યા, પછી સૌથી છેલ્લે આ જુવાનિયા એ આવી અને દંડવત પ્રણામ કરી પગમાં માથું મૂકી અને રડ્યો, કહે કે મહારાજ સૌથી પહેલાં તો મને ક્ષમા આપો, મારો અપરાધ હતો, મેં જે ગુનો કર્યો હતો તેની મને ક્ષમા આપો, મેં આપનું બહુ જ મોટું અપમાન કર્યું છે, તો સંતે પૂછયું કે શું થયું? કહે તો ખરો, તો કહે કે તમે પહેલાં આવ્યા હતા. પછી એણે પોતાનો આખો પ્રસંગ કહી સંભળાવ્યો.

**''હિતોપદ્રષ્ટા''**

કાંઇ નહિ બેટા જા તું સુખી થજે, તારો પરિવાર બચી

ગયોને, ભગવાની કૃપા થઇ ગઇ, હવે આ નિયમ કાયમ પાળજે, કહે કે ના એવું નહીં હવે કોઇક સારે એવો નિયમ આપો જેથી હું મારું કલ્યાણ કરી શકું.

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ સદા વાઙ્મનોભિઃ''**

ગુરુ ના વાક્યની અંદર દ્રઢ વિશ્વાસ, ગુરુજીએ જે કહ્યું હોય તે,

**''રહેજે વેણ વિશ્વાસે**
**તારા મનનું કાંઇ ન ચાલે ગુરુ ને વચને ઠરીએ''**

એની ઉપર ઠરી જવાનું. ઘી ગમે એટલું ગરમ હોય પણ પાણી કે બરફની અંદર મૂકીએ એટલે એ ઠરી જાય, એમ જય મહારાજના શરણે ગયા અને બેઠા એટલે ત્યાં આગળ ઘીની માફક ઠરી જવાનું, પછી ફરી ત્યાં આઘું પાછું ન થવાય, ઠરી ગયેલું ઘી હાલે પણ નહીં.

**''સાચા સદ્‌ગુરુ જેને મળ્યા જે હોય કરમ બડભાગી''**

જે ભાગ્યશાળી હોય ને એમને સાચા સદ્‌ગુરુ મળે. તો ગુરુની વ્યાખ્યા તો આપી, હવે શિષ્યની વ્યાખ્યા કઇ? ગુરુ શિષ્યની પાસેથી કોઇપણ જાતની લાલચ અપેક્ષા ન રાખે, નિર્લેપ બની અને માત્ર શિષ્યનું કલયાણ જ ઇચ્છે. જંગલમાં ગુરુ અને શિષ્ય સુતા હતા, શિષ્ય તો થાકેલો ઘસઘસાટ ઊંઘી ગયો, એક સાપ આવ્યો સંધ્યાકાળે અને પેલો જે શિષ્ય સુતો હતો એ બાજુ ધસમસતો જવા માંડ્યો, ગુરુ એ જોયું કે આ હમણાં શિષ્યને કરડશે. ગુરુ એ પેલા સાપને કહ્યું કે ઊભો રહે, તેને વાચા આપી કહે કે કેમ, તો સાપ કહે કે હું આને કરડવા આવ્યો છું, તો ગુરુએ કહ્યું કે ના તું ના કરડીશ. સાપ કહે કે મારે એને કરડી અને મારો

બદલો લેવાનો છે, તો ગુરુ કહે કે તું મને કરડ, કારણ કે હજુ નવો નવો સાધન ભજન કરવા માંડ્યો છે મે તો સાધન ભજન કરી દીધા.

**''કોવા ગુરુર્યો''**

તો સાપને કહ્યું કે હજુ એણે ઇશ્વરપ્રાપ્તિ બાકી છે, એને ન કરડીશ, એના બદલે મને કરડી ને જા.

**''હિતોપદેષ્ટા''**

એનું કલ્યાણ થાય માત્ર, એ શિષ્ય પાસેથી બીજી કોઇપણ અપેક્ષા નહીં રાખે, કે મને આટલા આપી જાય, માત્ર એક જ. તો ગુરુની વ્યાખ્યા તો આપણે સાંભળી, સદશિષ્ય કોને કહેવો, શિષ્યની વ્યાખ્યા શું?

**''શિષ્યસ્ત કો યો ગુરુભક્ત એવ''**

વધારે કશું પણ નહીં, માત્ર સદગુરૂનો ભકત બની જાય, સદ્ગુરૂનું શરણ સ્વીકારી લે.

શંકરચાર્યજી એ કેટલી નિખાલસતાથી અને નિર્દોષતાથી ગુરુની વ્યાખયા આપી અને શિષ્યની વ્યાખ્યા પણ આપી.

**''શિષ્યસ્તુ કો યો ગુરુભકત એવ''**

ભકત એટલે **devotee** સમર્પિત સર્વ રીતે, કે મારું હિત કરવાના જ છે, મારું ભલું થવાનું જ છે, મારી દુર્ગતિ થવાની જ નથી, આટલા સદભાવપૂર્વક શિષ્ય સદ્ગુરુની શરણે જાય, કોઇ અપેક્ષા નથી કોઇ લોભ નહીં કોઇ લાલચ નહીં, એ ગુરુ મહારાજ મને આટલું આપશે, પ્રસાદ આપશે, હું બહુ સુખી થઇ જઇશ, બંગલા ગાડીવાળો થઇ જઇશ, એવી કોઇપણ અપેક્ષા નહીં. માત્ર સદ્ગુરુની ભક્તિ જ કરવાની અને ભક્તિના બદલામાં સદ્ગુરુ

એને આ સંસ્કાર આપશે, સંયમ આપશે, સદાચાર આપશે, સદ્‌બુદ્ધિ આપશે, શાંતિ આપશે. તો અહીંયા પણ લક્ષ્મણદાસજી મહારાજે એટલી જ વાત કરીને,

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ સદા''**

સદાને માટે ગુરુ મહારાજના વાક્યો ને સહેજ પણ ઉથાપાવાનો નહીં.

**''આજ્ઞા ગુરુણામ્ અવિચારણિય''**

જે આજ્ઞા કરી તે અમારે કરવાનું જ છે, કૂવામાં પડ તો ભલે જેવી આજ્ઞા જે થવાનું હશે તે થશે, આ છે નિષ્ઠા. આવી નિષ્ઠા હોય, કે જેમ એક થાંભલો રોપી દીધો હોય નો, પછી એને હલાવો તો પણ સહેજ પણ હાલે નહીં, એમ ગુરુ મહારાજમાં વિશ્વાસ શ્રદ્ધાથી એવો થઇ જાય કે સહેજ પણ ડગે નહીં.

**''ડગે નહીં ધર્મ ધુરંધર ધિર''**

જરા પણ ન ડગે, સ્થિર થઇ જાય પોતાની જાતે જ.

**''ગુરોર્વાક્ય નિષ્ઠ''**

ગુરુના વાક્યની અંદર આટલી બધી નિષ્ઠા, આટલી બધી શ્રદ્ધા, આટલો બધો ઊંચો વિશ્વાસ હોય ને તે જ પાર ઊતરી શકે ગુરુ ભક્તિના. તો કેટલા બધા ભજનો છે,

**''ગુરુ ને વચને જે રહે છે''**

**''ગુરુ વચનમાં માલ ઘણો છે''**

અનેક

**''ગુરુ ના વેણનો કરો વિશ્વાસ સદગુરુજી પધારીયા''**

પણ

**''તારક મંત્ર આપીને''**

ઉદ્ધાર થવાનો મંત્ર આપી દી.

**''ગુરુ એ મસ્તક મુક્યો હાથ સદગુરુજી પધારીયા''**

કોઇપણ જાતની વિકૃતિ ગુરુ શિષ્યના સંબંધમાં હોવી જ ન જોઇએ. ગુરુ શિષ્ય એટલે ગુરુ શિષ્ય, જેમ બાપ-દીકરો, મા-દીકરી, એ રીતનો જે નાતો હોય છે, એ જ રીતેનો ગુરુ-શિષ્ય વચ્ચેનો હોય. કોઇ વિકૃતિ નહીં, કોઇ લોભ નહીં, કોઇ વાસનાઓ નહીં, માત્ર એક જ બન્નેનો સંબંધ પિતા પુત્ર તુલ્ય હોય, તેનથી ઓછો નહીં, તો એનું નામ

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ''**

ગુરુ ના વાક્યની અંદર દ્રઢ વિશ્વાસ તો જ પાર ઉતરી શકાય, અને શ્રી લક્ષ્મણદાસજી મહારાજે પોતાના જીવનની અનુભૂતિ કહી દીધી, જે પણ કોઇ આ સ્તુતિનો નિત્યપાઠ કરે છે, નિત્ય નિયમ કરશે અને

**''પુણ્યદેહી''**

પૂણ્ય મળશે. ચાર પુરુષાર્થ એ શું છે? ગુરુ મહારાજે ચાર પુરુષાર્થોમાં આપણને આગળ લઇ જશે, પણ ક્યારે?

**''ગુરોર્વાક્યનિષ્ઠ''**

શિષ્યને ગુરુમાં વિશ્વાસ હોવો જોઇએ, અને ગુરુને શિષ્યમાં વિશ્વાસ હોવો જોઇએ, તો કાર્ય બને.

**''ગુરોર્વાક્યનિષ્ઠઃ સદા વાઙઃમનોભિઃ''**

।। જય મહારાજ ।।

## સત્સંગ-૧૨૪

# ગુરુ ભક્તિનું પુણ્ય ફળ

''ગુરોઃ સ્તોત્રક. યઃ પથેત્પુણ્યદેહી
ગૃહી ભૂપતિર્બ્રહ્મચારી ચ સાધુઃ
લભેદ ધર્મકામાદ્દિ મોક્ષં હિ ભકત્યા
ગુરોર્વાકયનિષ્ઠઃ સદા વાઙ્મનોભિ''

પરમાત્મા પરબ્રહ્મસ્વરૂપ ગુરુ ભગવાન એવા દયાળુ છે, એવા ઉદાર છે કે,

''ગુરોઃ સ્તોત્રકં યઃ પઠત્પુણ્યદેહી''

સ્વીચ પાડીએ અને અજવાળું થાય, અને આખા ઓરડાનું અંધારું જતું જ રહે, સ્વીચ પાડી નથી કે અજવાળું થયું નથી,

''પઠેત્પુણ્યદેહી''

તરત દાન અને મહાપુણ્ય. ગુરુ મહારાજની ભક્તિ, જય મહારાજ કેટલા દયાળુ છે, કેટલા ઉદાર છે, કેટલા સતર્ક છે, તમે જાપ કરો ભજન કરો સ્મરણ કરો નિત્યનિયમ કરો અનુષ્ઠાન કરો સેવા કરો,

''પઠેત્પુણ્યદેહી''

તમે કરશો તો તરત જ તમને પૂણ્યની પ્રાપ્તિ થશે. હવે,

પૂણ્ય એટલે શું? આપણા જીવનમાં પરમાત્મા એ જે પણ કાંઇ આપણને આયુષ્યનો સમય આપ્યો છે, એનો સદુપયોગ કરવો એનું નામ પૂણ્ય, દુરાચાર દુરુપયોગ કર્યો એનું નામ પાપ. તો આટલું સ્પષ્ટ છે, કે આપણને સમયનો સદુપયોગ કરતા આવડવું જોઇએ, જો દુરાચાર કર્યો અને સમયનો દુર્વ્યથ કર્યો તો પાપ સમજી જ લેવાનું સ્થિતિ છે. જેમ બરફને અડીએ તો ઠંડું લાગવાનું જ છે તરત જ, અને અગ્નિને અડીશું તો દઝાવવાનું જ છે, એમ અડવાની ક્રિયામાં છે, એવી રીતે પાપ અને પુણ્યની ક્રિયા છે. સમય છે, સમય તમારી પાસે છે, એનો તમે કેવો ઉપયોગ કરો છો એની ઉપર સદ અસદ પાપ-પુણ્ય તમારી પાસે રહેલા છે. તો જય મહારાજ તમને આવાહિત કરે છે, કે આવો

''પઠોત્પુણ્યદેહી''

જય મહારાજનું સ્મરણ કરો આ સ્તુતિથી, આ સ્તુતિનો પાઠ કરો, જય મહારાજના સ્વરૂપનું દર્શન કરો, જય મહારાજનો પરિચય મેળવો, એટલા માટે

''ગુરોઃ સ્તોત્રકં''

આ જે જય મહારાજની સ્તુતિ પ્રાર્થના છે,

''પઠેત''

એનું પઠન કરશો એનું સ્વાધ્યાય નિત્ય નિયમ કરશો તો,

''પઠેત્પુણ્યદેહી''

જરૂર ચોક્કસ તમને પુણ્ય મળશે જ. જેમ સ્વીચ પાડીએ અને અજવાળું થાય, પણ શરત એક કે જે ગોળો કે લાઇટ મૂકી હોય એનો ફિલામેન્ટ હોવો જોઇએ, પણ જો ફિલામેન્ટ ઉડી ગયો હોય અને જો સ્વીચ પાડીએ તો કાંઇ એમાં અજવાળું થાય નહીં,

કરંટ તો ત્યાં સુધી પહોંચે સ્વીચ પાડી એટલે પણ અંદર ફિલામેન્ટ હોય જ નહીં, તો પછી કેવી રીતે અજવાળું થવાનું હતું? એમ શ્રદ્ધા હોવી જોઇએ, વિશ્વાસ હોવો જોઇએ, કે જય મહારાજની સ્તુતિ કરું છું, મારું મન સ્તુતિમાં જશે, જય મહારાજના જે સદગુણો છે એને હું સમજીશ વાંચીશ, એનો હું નિત્ય તિયમ કરીશ, એનાથી મારું મન પવિત્ર થશે, મારા વિચારો પવિત્ર થશે, મારો વ્યવહાર મારું વર્તન એ બધું સુધરશે.

''પઠેત્પુણ્યદેહી''

સમજણપૂર્વક અનુસંધાનથી જો કોઇ પણ ક્રિયા કરીશું, ભગવતભજન કરીશું તો એનો સાર એક જ, કે આપણી દુર્બુદ્ધિ દૂર થઇને સદ્‌બુદ્ધિ આવશે, અને સદ્‌બુદ્ધિમાંથી જ આપણે પુણ્ય કમાવાવનું છે. વિચારો સુધરે, મન સુધરે, વ્યવહાર સુધરે, એનું નામ પુણ્ય.

''પઠેત્પુણ્યદેહી''

તમે રામાયણ વાંચો, ગીતાજી વાંચો, વિષ્ણુસહસ્ત્ર શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કરો, તો એટલો સમય મન તો એમાં વ્યસ્ત રહ્યું ને, અને એને કારણે દુરાચાર કે ખોટા વિચારોથી આપણું મન દૂર રહેવાનું.

''પઠેત્પુણ્યદેહી''

તમારો એટલો સમય તો પુણ્ય માટે ઉપયોગ થઇ ગયો.

''પઠેત્પુણ્યદેહી''

સમયનો સદુપયોગ થયો, એને કારણે પુણ્યની પ્રાપ્તિ થઇ, તાત્પર્ય કે આપણું મન આપણા વિચારો શુદ્ધ થયા, એનું માર્જન થયું, એ સાત્વિક થયા, જેના કારણે આપણે દૂરવિચાર કે

ખોટી વૃત્તિઓ તરફ, ખોટા વ્યવહાર તરફ જતા અટકીએ છીએ, એનું નામ છે પુણ્ય દે હિ. તો જો પાણી પીએ અને તરત જ તરસ મટે, જમવા બેસીએ એટલે તરત જ ભૂખ ઓછી થવાની છે મટવાની જ છે, એમ ભગવદ ભજનનો આહાર પણ આપણા જીવનનું એક પોષણ છે, એમાંથી પોષણ આપણને શું મળવાનું છે? સાત્વિકતનું, સંયમનું સદાચારનું, એને પુણ્ય કહેવાય. કોઇપણ ભગવદ્ સમરણ કરો, ભગવદ્ ચિંતન કરો, ભગવદ્ સેવા કરો, તો એમાંથી પુણ્યની જ કમાણી થવાની છે, પાપની નહીં, પણ જો નવરા બેસી રહીશું, ભગવદ ભજન તરફ તમારું લક્ષ્ય જ નહીં હોય, શ્રદ્ધા જ નહીં હોય, વિશ્વાસ નહીં હોય, તો આપણું આ શરીર આપણું મન આપણી ઇન્દ્રિયો એ દુરાચાર તરફ ઢસડાવાની જ છે, એની મેતે આપોઆપ, અને એ પાપ કર્મ તરફ કરાવવા તરફ જ ઢસડી જશે તમને.

''ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરંતિ પ્રસભં મનઃ''

મન ઇન્દ્રિયો ને જબરજસ્તીથી ખેંચે છે, ચાલ જુગાર રમવા જવું છે, દારૂ પીવા જવું છે, આમ ખેંચી ને લઇ જાય.

એ બધા ઉપર સંયમ મેળવવાનો છે, તો માણસ પોતે પોતાની જાતે એ વિચાર કરે કે લાવ હું કરી લઉં, તો એ શક્ય નથી, પણ જો ભગવદ્ આશ્રય લઇએ ભગવદ્ ભક્તિનું આશ્રય લઇએ, શરણ મળી ગયું, તો એ તરવાનો જ, એ દુરાચારથી દૂર રહેશે, મારે ભગવાનની ભક્તિ કરવી છે, મારે સાત્વિકતા જોઇએ છે, મારે સંયમથી રહેવું છે, સદાચારથી રહેવું છે, તો આપોઆપ તમે પાપમાંથી દૂર હટી જઇને સત્કર્મના પુણ્ય તરફ તમે જવાના જ છો.

''દેહી સદ્ય ફલ પ્રગટ પ્રભાવુ''

સત્સંગનો તો પ્રગટ પ્રભાવ છે, તરત જ તમને ફળ આપશે કે એટલા સમય સુધી તો સંયમ સદાચાર અને શાંતિ મળશે.

''પઠેત''

જેમ કહેવાય ને,

''પઠેત્પુણ્યદેહી''

ચપટી વગાડવામાં વાર લાગે? ગીતામાં ભગવાને કહ્યું કે,

''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા અપિ ચેત્સૂદુરાચારો''

ભયંકરમાં ભયંકર દુરાચારી હોય, પણ જો સદભાવપૂર્વક દિલથી મારું સ્મરણ કરે તો બસ, ચપટી વગાડવા વાર લાગે છે? ચપટી વગાડવા માટે કશું પણ શોધવા જવું પડે છે, કે લાવ અંગૂઠા અને આંગળીઓ ક્યાં પડ્યા છે, ભેગા કરો, ઇચ્છા થઇ એટલે તરત જ ચપટી વાગી ગઇ, એમ

''દેહી સદ્ય ફલમ્''

''બિગડી જનમ અનેક કી સુધરે અબ હિ આજ

હોય રામ કો નામ જપ કરે ત્રિવિધ કલ્યાણ''

જેમ અહીં કહ્યું ને,

''પઠેત્''

આવી જાવ, સ્મરણમાં નિત્ય નિયમમાં બેસી જાવ,

''પઠેત્પુણ્યદેહી''

ભયંકરમાં ભયંકર પાપ કર્યા હોય, દુરાચારીમાં દુરાચારી હોય,

''અપિ ચેત્સ''

માની લો કે,

''સુદુરાચારો''

પણ,

''ભજતે મામનન્યભાક''

અનન્ય ભાવથી જો એ મને ભજે ને તો,

''ક્ષિપ્રમ''

તરત જ,

''ભવતિ ધર્માત્મા''

કેટલું મોટું વચન આપે છે, ક્ષિપ્રમ, તરત જ એ ધર્માત્મા બની શકે છે, પણ એ પ્રમાણે સદભાવપૂર્વક તમારા જે પણ કાંઇ દુરાચારો છે તે ત્યાગી, અને એના શરણે જતુ રહેવું પડે. જેમ મહાભારતના યુદ્ધમાં કેટલાય રાજાઓ એવા હતા કે જે દુર્યોધનનો પક્ષ છોડી અને પાંડવોના પક્ષે પહોંચી ગયા, છોડો આ તો પાપી છે, આ અધર્મી છે દુર્યોધન, ચાલો ધર્મના પક્ષે જતા રહીએ, એમ પોતાના મનથી જ સંકલ્પ કરે કે આ અધર્મનો પક્ષ છે અને આ સદધર્મનો પક્ષ છે, ચાલો આપણે તો સદધર્મમાં જઇએ, તો એટલું જ વિચારે અને સમજી જાય, તો આ બાજુ તો ભગવાન સાથે છે અને પેલી બાજુ માત્ર પાપીઓ જ છે, તો અહીં કહ્યું કે,

''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિ નિગચ્છતિ''

તરત જ શાશ્વત શાંતિને પ્રાપ્ત કરી શકે છે. આખા જીવનનો બળેલો હોય, તપેલો હોય, દુઃખી હોય, હારેલો હોય, માનસિક રીતે ભયંકર હેરાન હેરાન થઇ ગયેલો હોય, છતાં પણ

''શશ્વચ્છાંતિ નિગચ્છતિ''

તરત જ એ શાંતિ પ્રાપ્ત કરી શકે છે. અહીંયા શ્રી લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે જે નિત્ય પાઠ કરશે એને

''પઠેતપુણ્યદેહી''

બસ આને વાંચશે ને તો એને પુણ્ય મળશે જ. પણ સમજતો ના હોય તો પણ? વાલ્મીકિજીને મંત્ર આપ્યો કે રામ રામ રામ રામ, પણ એક વનવાસી તરીકે એમણે શું જપ્યું? મરા મરા મરા, તો તુલસીજી કહે છે કે જુવો નામનો કેટલો મહિમા છે,

''ઉટલા નામ જપત જગ જાના''

આખી દુનિયાને ખબર છે કે વાલ્મીકીજી અવળું નામ જપ્યુ હતું, મરા મરા મરા,

''વાલ્મીકિ ભયે બ્રહ્મ સમાના''

એ બ્રહ્મની પ્રાપ્તિ કરી એમણે, તો આટલી સરસ વાત આપણા મહાપુરુષો ઋષિઓ આપણા ગ્રંથોમાં હોય, તો

''પઠેત્પુણ્યદેહી''

તમે સત્કર્મ કરશો તો તમને પુણ્ય મળવાનું જ છે, બહુ જ સીધી અને સરળ વાત છે, એમાં તમારે બીજું કશું પણ

''પઠેત્પુણ્યદેહી''

બહુ જ તપેલા આવ્યા છો, તાપ બહુ જ લાગ્યો છે, ઘરમાં બેઠા છો અને ઠંડું પાણી આપવા આવ્યા, બે-ત્રણ પ્યાલ પી ગયા, હાશ, હાશ મળવાની જ છે, કેમ કે આટલા બધા તાપમાંથી આવ્યા છો અને ઠંડું પાણી મળ્યું છે, એમ સંસારના તાપમાંથી તપીને દાઝયા હૈયે, તરસ્યા હૈયે દુઃખી થયેલા, પણ સત્સંગની પાસે જઇ અને બેસી જાવ, ઠંડું પાણી જેમ મળે એમ હાશ,

સંસારનો તાપ તો સમી ગયો, ટાઢો થઇ ગયો.

''પઠેત્પુણ્યદેહી''

બસ આ રીતે ભગવાનનું નામ વાંચવામાં જપવામાં આપણને શાંતિદાતા છે, સુખ દાતા છે. તો આટલા બધા દ્રઢ વિશ્વાસવાળા વચન અપાતા હોય, તો જીવનમાં રોજ સવારમાં ઉઠી અને નિત્ય નિયમ કરજો. સવારમાં નહાઇ ધોઇ અને બીજા કોઇપણ કામ ઉપર ચડતાં પહેલાં આપણો નિત્ય પૂજાપાઠ, નિત્ય નિયમ, તો પહેલો જ થઇ જવો જોઇએ. આપણા દિવસના કાર્યની કોઇપણ યાદી હોય, તો સૌથી પહેલાં સ્નાનાદિથી પરવારી ગયા પછી સૌથી પહેલું શું? તો આપણો નિત્યનિયમ, પ્રાર્થના પૂજા, એ પહેલું ગોઠવાઇ જ ગયેલું હોય, ત્યાર પછી આખા દિવસનું શિડયુલ ગોઠવાય, પણ નિત્ય નિયમને પહેલો જ મૂકી દેવાનો, અને પહેલો મૂકી દઇએ એટલે કેવી રીતે? બજારમાં દુકાન ખોલી અને વેપાર કરવો હોય તો પહેલું લાયસન્સ લેવું પડે ને? લાઇસન્સ લીધા વગર દુકાન ચલાવવા દે? વેપાર ન થઇ શકે. તો આપણે પણ નિત્યનિયમનો એક નિયમ લેવો પડે, કે સવારના પહોરમાં પરવારી અને નહાઇ-ધોઇને જ્યાં સુધી નિત્યનિયમ ન કરીએ, ત્યાં સુધી ખાવાનું લાયસન્સ ન મળે, દૂધ ચા નાસ્તો કશું પણ નહીં કરવાનું, સૌથી પહેલું લાયસન્સ રીન્યુ કરી આવો, સવારના પહોરમાં લાયસન્સ રીન્યુ થઇ ગયું, હવે ચા પીવો નાસ્તો કરો, આટલો પાકો નિયમ હોવો જોઇએ.

''અનન્ય ભાક્''

શ્રદ્ધાપૂર્વક નિષ્ઠાથી, એ સમયે બીજું નહીં, ન અન્ય,

''અનન્યભાક્ ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા''

તો એના જીવનને શાંતિ મળશે જ, એ પોતાના જીવનમાં ધર્મના માર્ગે અધ્યાત્મના માર્ગે આગળ વધશે જ.

''પઠેત્પુણ્યદેહી''

પુણ્યની વ્યાખ્યા શું છે, પાપની વ્યાખ્યા શું ? વાતો કરીએ છીએ, આ જુવાનીયાઓ કહે છે કે પાપ શું અને પુણ્ય શું, કોણે જોયું? ભલે પાપ પુણ્ય ન દેખાતા હોય, પણ માણસનું જીવન તો દેખાતું હોય છે ને, એના જીવનની અંદર જ્યારે એ પીડાતો હોય દુઃખી હોય અનેક બાબતોથી, પોતાની ગરીબીને એ સહન કરતો હોય, એ બધા પાપના જ ફળ છે. કાંઇ ખોટું કર્યું હશે, ખોટે રસ્તે ગયા હશો, ખોટા પગલાં ભર્યા હશે, તો એ પ્રમાણે સ્થિતિ થવાની જ છે, અને જો સંયમ હશે સદ્કાર્ય હશે, સારા રસ્તે ચાલ્યા હોય, કોઇ ખોટા કામ નહીં કર્યા હોય, તો તમને અંદરથી તો શાંતિ મેળવી જ શકવાના છો. ભલે વૈભવ ન મળે, ભલે બંગલા ગાડીઓ ન મળે, પણ તમને ભૂખ લાગે છે ને તો એને તમે ભગવાનની કૃપા સમજો, અને ઊંઘ આવે છે ને તો ભગવાનની કૃપા સમજો. મોટા બંગલાવાળા અને વૈભવવાળાઓને ઊંઘ પણ નથી આવતી અને ભૂખ પણ નથી લાગતી. અઢળક પૈસો હોય, અઢળક સુવિધાઓ હોય, ના ખાઇ શકતા હોય કે ના ઊંઘ આવતી હોય, ભલે એની પાસે પૈસા નથી પણ એક પુણ્યશાળી છે, ભગવાનની કૃપા છે, કે એ ખાઇ શકે છે બે રોટલા સરસ રીતે, એ ઊંઘી શકે છે પાંચ છ કલાક, એ ભગવાનનો આશીર્વાદ છે, એનું નામ જ પુણ્ય છે. માણસની સુખની વ્યાખ્યા, એ બહુ પૈસાવાળો છે એ નથી. એક મોટો બંગલાવાળો ખૂબ જ વૈભવી હતો સંપન્ન હતો, અને એની સામે નજીકમાં એક ઝૂંપડી હતી, તો પેલો શેઠિયો તેના બંગલાની ઉપર ચઢી અને પેલી ઝુંપડીમાં જુવે, ત્યારે પતિ

પત્ની નિરાતે ઉંઘતા હોય. સાંજ પડે કામ કરે અને આવે, જમવાનું બનાવી અને ખાઇ પણ સરસ રીતે, અને સરસ ઊંઘ પણ આવી જાય, એટલે પેલો શેઠ જુવે આ બધું, અને વિચારે કે આ બે જણા કેટલા સુખી છે અને હું કેટલો બધો દુઃખી છું, અરે આવડા મોટા બંગલામાં તું રહું છું, આ ઉપરથી તું જોઉં છું, ઝૂંપડીમાં રહેનારાને, એને તું સુખી કહે છે? અને પેલો ઝુપડીવાળો નીચેથી જુએ અને વિચારે કે આ શેઠ કેટલા સુખી છે, એમની પાસે કેટલો બધો વૈભવ છે, એમને કેવો આનંદ અને સુખ છે. બેઉ જણા એકબીજા માટે આવું વિચારે, પછી પેલો શેઠ એક દિવસ ઝૂંપડીવાળા પાસે ગયો, અને કહ્યું કે ભાઇ તને આટલી સરસ ઊંઘ કેવી રીતે આવે છે, અને આટલું સરસ જમી લે છે તો ભૂખ કેવી રીતે લાગે છે? હું તો કેટલી બધી ગોળીઓ ખાઉં છું છતાં પણ ભૂખ પણ નથી લાગતી, અને ગોળીઓ ખાતા ઊંઘ પણ નથી આવતી, તો સુખને દુઃખ, પાપ અને પુણ્યની વ્યાખ્યા કઇ? માણસને પોતાને સત્કર્મ કર્યાનો સંતોષ થવો જોઇએ, એક માણસ હજારની નોટ ખિસ્સામાં લઇ અને નીકળે છે, અને રસ્તામાં કંઇક ખોવાઇ ગઇ, ઘરે સાંજે આવી અને ખાવાનું પણ ન ભાવે, કોઇને કહી પણ ન શકે, રાતે ઊંઘ પણ ન આવે, આ છે પાપ. પણ એકબીજો માણસ છે, હજાર રૂપિયાની નોટ ખિસ્સામાં હતી, જોયું કે ઠંડી ખૂબ લાગે છે અને પેલો માણસ ઠંડીમાં ધ્રૂજે છે, એને એ હજાર રૂપિયામાં સરસ ઓઢવાનું લાવી અને આપી દીધું અને કપડાં લાવી આપ્યા, કે આ કપડાં પહેરજે, આમ એ હજાર રૂપિયા ખર્ચીને આવ્યો, સાંજ પડે ઘરે આવે એની પત્નીને કહે કે આજે તો એક માણસ હતો, ઠંડીમાં ઠૂઠવાતો હતો તો એક સ્વેટર અને ધાબળો આપી અને આવ્યો, આનંદ થશે, પત્ની કહેશે કે બહુ જ સારું કર્યું, પુણ્યનું કામ કર્યું, ઊંઘ સરસ આવશે. હવે હજારની નોટ આની પણ ખિસ્સામાંથી ગઇ છે, અને

આની પણ ખિસ્સામાંથી ગઇ છે, પણ એ પુણ્ય કમાઇ અને આવ્યો અને પોતાની સંતોષ થયો. એટલે પોતે કરેલું જે પણ કાંઇ સારું કાર્ય હોય, એમાં સંતોષ થાય અને આનંદ આવે, અને એ વાત કોઇને કહેવાની ઇચ્છા થાય, એનું નામ પુણ્ય, સરસ કાર્ય કર્યું, પણ પૈસા ફેંકી આવીને દુઃખી થઇને ખોટા કાર્ય કરીને આવ્યા હોય, તમે કોઇને કહી શકશો ખરા? એનું નામ પાપ. પાપ અને પુણ્યની આટલી જ વ્યાખ્યા છે. કોઇપણ કાર્ય કરીને આવ્યા હોય કે જેમાં આપણને સંતોષ થાય, શાંતિ મળે, એનું નામ પુણ્ય છે, અને કોઇ પણ કામ ખોટું કરીને આવ્યા હોઇએ, અને આપણે આપણી જાતે એ સહન કરી શકતા ન હોઇએ, ઊંઘ પણ ના આવે, કહી પણ ના શકીએ, એનું નામ પાપ. તો અહીં કહ્યું કે,

''પઠેત્પુણ્યદેહી''

આ તો જય મહારાજના શ્રીમુખની વાણી છે, શ્રી લક્ષ્મણદાસજી મહારાજના શ્રીમુખની, કે એને પુણ્ય મળશે જ, કેમ? એક સત્પુરુષ એક મહાપુરુષ એક દિવ્યચેતના છે, એમના સાનિધ્યમાં એમનાં સ્વભાવને એમના ગુણોને આપણે નિત્યક્રમ વડે અનુભવીએ છીએ.

''ૐ વિશ્વં વિષ્ણુર્વષટકારો ભૂતભવ્યભવત્પ્રભુ''

આપ કેવા છો?

''ભ્રાજિષ્ણુર્ભોજનં ભોક્તા''

પ્રભુ ભોજન પણ આપ છો, અને ખાનારા પણ આપ છો, અને ખવડાવનારા પણ આપ જ છો. કેટલો સરસ અર્થ છે?

''માધવો ભક્તવત્સલ''

ભગવાન તો ભક્તો ને પ્રેમ આપનાર છે. આ બધા જે

સદગુણો એક એક જ્યારે વાંચીએ, અને અનુભવીએ ત્યારે એમ થાય કે ભગવાન કેટલા દયાળુ છે, કેટલા પ્રેમાળ છે, અને એ છે એમના સદગુણોને આપણી સ્મરીએ, એટલે એની અસર આપણી ઉપર થયા વગર રહેવાની નથી, મસાલા કર્યા હોય, અને એ મસાલામાં પછી અથાણા માટે કેરી નાખવામાં આવે, તો એ મસાલાની અસર કેરીના ચીરિયા ઉપર થવાની જ છે, કેમ કે મસાલાની અંદર કેરી છે, એટલે મસાલાની અસર થવાની જ છે, એમ આપણું મન પણ, એ સત્સંગની અંદર પડશે તો એ સત્સંગના મસાલા આપણી ઉપર ચઢવાના જ છે, અને એનો સ્વાદ અથાણામાં આવવાનો જ છે, બહુ જ સીધી વસ્તુ છે, એટલે જ્યાં તમે હો એની અસર તમને અવશ્ય મળશે જ. અહીંયા શ્રી લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે,

''પઠેત્પુણ્યદેહી''

તમે બસ નિત્યનિયમ કરો, તમને પુણ્ય મળશે જ, તમને પાપથી જય મહારાજ દૂર રાખશે, કે પાપ પાસે જવાય નહીં. મહાપુરુષો ભગવાન પોતાના ભકતોને કયારેય પાપ તરફ નહીં જવા દે, એ પડછાયાની પાછળ દોડે એ પાપ, અને પડછાયો જેની પાછળ દોડે એ પુણ્ય, કેવી રીતે? પડછાયો જેની આગળ દોડે છે તે અંધારા તરફ જાય છે, અને પડછાયો જેની પાછળ દોડે છે એ અજવાળા તરફ જાય છે. એટલે અજવાળું એટલે સાચી સમજ, અને અંધારું એટલે આપણા જીવનનીં અંદર જે પણ કાંઇ પાપ છે, જે પણ કાંઇ દુરાચાર છે, જે પણ કાંઇ અણસમજ છે, એ આપણને પાપના અંધારા તરફ ખેંચી જાય છે. સમયનો તમે જેટલો સદ્ભાવપૂર્વક વ્યય કરશો એનું નામ પુણ્ય છે.

''પઠેત્પુણ્યદેહી''

તમે નિત્ય સ્મરણ કરશો, નિત્ય સ્મરણ વડે તમને તમારા પાસે સત્કર્મ સદ્‌વિચાર સ્મરણ થવાનું જ છે, એનાથી પાપથી દૂર જવાશે અને પુણ્ય કમાઇ શકશે, સીધું જ છે. ઘરમાં જે બનાવેલું છે તે જમશો તો તમને આરોગ્યપ્રદ જમવાનું મળશે અને ભૂખ મટશે, પણ હોટલમાં જઇ અને જમશો, ભૂખ મટશે, પણ આરોગ્ય સારું રહેવા દેશે ખરું? ભલે જમી આવો હોટલમાં, હાશ બહુ જ ધરાઇ અને ખાધું, પણ પછી જમવામાં એસિડિક મસાલા નાખેલા હોય એટલે મોઢું ધમધમે, પેટમાં પણ ખૂબ સરસ લાગે, જમવાનું ખૂબ જ સરસ હતું, પણ પછી જુઓ જોઇએ એની દશા, ખાધું ખરું, ધરાયા પણ ખરા, પણ આરોગ્ય રહ્યું ખરું? તો પઠત્પુણ્યદેહીનો અર્થ એ છે કે આપણે ભજન કરીએ, સ્મરણ સાધન કરીએ, નિત્યનિયમ કરીએ, એટલે એનાથી તરત જ આપણને શાંતિ મળે, તૃપ્તિ મળે, એટલે આપણી ભૂખ પણ સંતોષાય અને આપણું આરોગ્ય પણ જળવાઇ રહે. એટલે

''દેહી સદ્ય ફલ પ્રગટ પ્રભાવું''

સત્સંગનો આ પ્રભાવ છે, ભગવાન નામનો આ સ્વભાવ છે, તમને તરતને તરત એનું ફળ દેશે, અહીંયા શ્રી લક્ષ્મણદાસજી મહારાજે, જય મહારાજે પણ પોતાના શ્રીમુખે કહી દીધું,

''ગુરોઃ સ્તોત્રકં ય પઠેત્પુણ્યદેહી''

આ જય મહારાજની સ્તુતિનું, આ પ્રાર્થનાનું આ સ્તોત્ર

''પઠેત્પુણ્યદેહી''

જાવ, નિત્યનિયમથી વાંચશો તો પુણ્ય અવશ્ય પ્રાપ્ત થશે જ, કોને?

''ગૃહી ભૂપતિર્બ્રહ્મચારી ચ સાધુઃ''

ભૂપતિ એટલે પૈસા વાળો હોય કે ગરીબ હોય, બ્રહ્મચારી હોય, કે ગૃહસ્થી હોય કે સાધુ હોય, સાધુ પણ કહી દીધું, બધાયને કોઇ પણ જાતના વહેરા આંતરા વગર ભગવાન પુણ્ય આપવાવાળા છે. ભગવાનને ત્યાં કોઇ પણ જાતનો ભેદ નથી, કે આ હરિજન છે કે આ વૈષ્ણવ છે ને આ બ્રાહ્મણ છે, આ અભણ છે, એવું કશું પણ નથી. ભગવાન માત્ર આપણી શ્રદ્ધા જોવે છે, આપણી ભક્તિ જોવે છે,

''પઠેત્પુણ્યદેહી''

।। જય મહારાજ ।।

## સત્સંગ-૧૨૫

# ગુરુના વચને બંધાઇને રહેજો

મન બુદ્ધિથી માત્ર સમર્પણ. મન બુદ્ધિથી જે પણ કાંઇ આજ્ઞા કરી હોય એનું નિશ્ચયપણે એનું પાલન કરવાનું, એને વળગી જ રહેવાનું છે. એક વસ્તુ છે, સામાન્ય ખ્યાલ રાખો કે આપણા જીવનના સામાન્ય વ્યવહારોની ઉપર દ્રષ્ટિ કરો તો બહુ જ સ્પષ્ટ જણાશે કે કોઇ પણ બાબત અશક્ય નથી, બધુ જ થઇ શકે એમ છે જ, પણ નબળુ મન નબળા સંકલ્પ, એ નબળાઇને કારણે સારી વસ્તુ તરફ ન પહોંચતા એવા ને એવા નિશ્ચયવાળી ખોટી તરફ પહોંચી જઇએ છીએ, અને સફળ પણ થઇ જઇએ છીએ. ચીજ નકામી છે પણ છતાંય એમાં મનથી રસ છે, એટલે તરત પહોંચી જવાય છે, અને એમા મન તરત જ અંદર ડૂબી જાય, કેમ કે એને આનંદ આવે છે, એવો આનંદ આવે છે કે મન ત્યાંથી હટવા માટે તૈયાર જ નથી, તો જેને નકામું જેને કચરા તરીકે આપણે બહાર ફેંકી દેવાનું છે, તે આપણે ઘરમાં ભરી રાખીએ છીએ, ના-ના આ તો મારું જ છે મને બહુ જ ગમે છે, આ તો મને બહુ જ આનંદ આપે છે. જે માત્ર કચરો જ છે પણ મને માની લીધેલું સુખ છે, એટલે એ કચરાને છેક તિજોરીની અંદર મૂકી અને બંધ કરી અને ચાવી જોડે રાખી લીધી, કે આ કોઇને ન મળે, આ મારું જ સુખ છે,

બસ આ જે અજ્ઞાન અવસ્થા છે, જે કચરાને પોતાનું માની લીધી છે અને પોતે જે પણ કાંઇ છે તેની સમજ જ નથી, અને એના માટે એને દરકાર પણ નથી, પણ છતાંય જે નથી કામનું એના માટે ખૂબ જ આસક્તિ છે, આ મારું છે મારા કામનું છે, મને સુખ આપે છે, મને આનંદ આપે છે, તો એને કારણે જે નિષ્ઠાપૂર્વક પોતાના આરોગ્યને પોતાની સુખાકારીને, શાંતિને માણસ પોતે ભૂલી જાય છે. એને સુખી થવું છે પણ પોતાના મનની ઇચ્છા પ્રમાણે સુખી થવું છે, પોતાનું મન ચાહે ત્યાંથી સુખ જોઇએ છે, પણ જ્યાં સુખ ન હોય ત્યાં પણ એ સુખ લેવા માટે દોડે છે, કે ના અમારે ત્યાંથી સુખ જોઇએ છે, પણ ત્યાં આગળ છાંટોય સુખ ન હોય, અને જમવાની અને તરસ છીપાવવાની વાતો કરે, હુ ત્યા જઇશને એટલે મારી તરસ છીપાઇ જશે, હું ધરાઇને ખાઇ લઇશ, ત્યાં જઇને ઉભો રહે, ચાલો મારે સુખ જોઇયે છે, ત્યા હોય તો લે ને? એને પોતાને અનુભુતિ થાય કે અહિંયા તો જરાપણ સુખ નથી, છતાંપણ પાછા એના એ જ ખાડાની અંદર પડતા હોય છે. તો એ ત્રણ, વિશ્વાસ સંકલ્પ, દ્રઢ નિશ્ચય હોવો જોઇયે.

**નિષ્ઠાઃ સદાઃ વાઙ્મનોભિઃ**

મન વચનથી પૂરેપુરી દ્રઢતા નિષ્ઠા મક્કમ,

''પગલું ભર્યું તે પાછા ના હટવું''

એવી દ્રઢતા હોવી જોઇએ, કારણ કે એ દ્રઢતાની પાછળ સાચી સમજણ, કે એમાં મારું કલ્યાણ છે, એમાં મારું આરોગ્ય છે, એમાં મારી ઉન્નતિ છે, એમાં મારી સદ્ગતિ છે, આવી દ્રઢતા અંદર રાખવી જ પડે, અને એ દ્રઢતા માટે મનની અંદર જે નકામું છે તેના માટે ના વિચારો રહેવા જોઇએ, કે આ નકામું જ છે, આખરે એનો અંત આવી જવાનો છે, તે કશાય કામનું નથી, આવી

પૂરેપૂરું નિશ્ચયાત્મક વૃત્તિ હોય તો જ આગળ વધી શકાય. સવારમાં વહેલા ઊઠો, નહાઇ ધોઇ અને પરવારો એટલે, ચાલો અમારે અમારા નોકરી-ધંધાની જગ્યાએ પહોંચવાનું છે, આટલા વાગે અમારે રસોડામાં બેસવાનું છે, આટલી તૈયારીઓ કરવાની છે સવારથી ઉઠી અને, આ નિશ્ચય છે, દ્રઢતાપૂર્વકનો નિશ્ચય છે, એટલે પોતપોતાના કામે લાગી જવાના છીએ, અને સમયસર પોતપોતાની વસ્તુઓ મળી જવાની છે, એ દ્રઢતા છે, તમારે પોતાનો દ્રઢ સંકલ્પ છે, કે મારે અગિયાર વાગ્યા સુધીમાં રસોઇ તૈયાર કરવાની છે, કે આઠ વાગ્યે જમીને મારે સીધું કામ ઉપર જવાનું છે, એવું પહોંચી જવાય છે ને? તો જો એક વ્યવહારિક બાબતમાં આટલી ચોક્કસતાથી તમે પહોંચી શકતા હોવ, તો અધ્યાત્મમાં પણ જો એ જ પ્રમાણે દ્રઢતા કેળવોને, તો ચોક્કસ ત્યાં સુધી પહોંચી જવાય. પણ એમાં રસ નથી, એમાં સમજણ નથી, એમા દ્રષ્ટિ નથી, આગળવધવાની ઇચ્છા થતી નથી. થોડે સુધી જઇએ અને પછી કહ્યું, હવે ચાલોને નહીં કરીયે તો ચાલશે, આ છે મનની નબળાઇ. પણ કોઇ સિધ્ધ સાધક, કોઇ મહાપુરુષોએ પોતે દ્રઢ સંકલ્પ કરીને, જેમ જેમ તમારા માર્ગે આગળ વધો છો એમ એમના માર્ગે આગળ વધે છે, તો એ સૂર્ય સુધી પહોંચી જાય છે, અને આપણે પશ્ચિમમાં અંધારા તરફ આગળ વધતા રહીયે છીએ, કેમ કે દોટ જ અંધારા તરફ છે આપણી, આપણી દોટ પડછાયાની પાછળ છે, પડછાયો પકડો પડછાયો પકડો, તમે પકડી શકશો ખરો? એ તમારાથી આગળ જ રહેશે, અજ્ઞાન તમારાથી આગળ જ રહેવાનું. જો વિચારોની સમજણની દિશા બદલી નાખી અને પ્રકાશ તરફ મોઢું ફેરવી કાઢો, દિશા ફેરવી કાઢો, તમે સુખી થવાના, પણ ના, કહેશે કે મહારાજ એ બાજુ કોણ જાય? હવે કહ્યું

હોય કે ગૌમુત્ર પીવો, તમારું આરોગ્ય સચવાઇ રહેશે, અરે એ તો કોણ પીવે, પછી શું થાય? એ રોગ નીકળે જ નહીં, ગમે તેવું હોય પણ એ પી જ જવું પડે. એક વસ્તુ વિચાર કરો, કે ડોકટરો પેલા મરેલા મડદાંઓ અને પશુઓ અને એમાંથી કાઢેલી દવાઓ બનાવે, તો એ ખાઇ જવાય, એમનામાંથી જ કાઢે છે ને? પછી દવાઓ બનાવે છે ને એ ખાઇ જવાય, પણ ગાયનું દૂધ પીવાય પણ ગૌમુત્ર ન પીવાય, આવી તો આપણી અક્કલ છે. કે આપણો દ્રઢ નિશ્ચય હોય, નિર્ધાર હોય કે મારે આ રોગમાંથી બહાર નીકળવું છે જ, ડોકરટોની પાસે અથડાયા કુટાયા વગર ગાયનું જરણ લઇ લીધું હોય, તો અઠવાડિયા પંદર દિવસમાં પાર આવી જાય. અને ડોક્ટર તમને દવા આપે ત્યાં સુધી, જેમ ગોદો મારે અને ડોબું ઊભું થાય અને પાછું બેસી જાય, ગોદો મારે એટલે ઊભું થાય અને પાછું બેસી જાય, ડોકટરના ગોદા ખાવાના ઊભા થવાનું અને પાછા બેસી જવાનું. પણ સમજણપૂર્વક નિષ્ઠાથી,

''ગુરોર્વાક્યનિષ્ઠઃ''

નિષ્ઠ એટલે દ્રઢપણે. વિશ્વાસથી એને વળગી રહેવું.

''ગુરોર્વાક્યનિષ્ઠઃ''

ગમે તે થાય પણ હું આ આજ્ઞા આ વાક્ય તોડીશ નહીં, જે થવાનું હોય તે થાય, અને તરી ગયા બધા ઊગરી ગયા. નિષ્ઠાથી વિશ્વાસપૂર્વક વળગી રહ્યા આજ્ઞાને એમને પરિણામ મળ્યું, અને એ સુખી પણ થયા અને નિરોગી પણ થયા. તો આપણને સંકલ્પ કરતા આવડે કે મારે પહેલું નિરોગી થવું છે, સારું કંઇ નહિ એક વખત ડોકટરો પાસે ભટકી આવ્યા, દવાઓ લઇ જોઇ, કંઇ ફેર ના પડયો, કે બાપજી હવે તમે કાંઇક કરો, લો આ શું કરે પછીથી,

થાક્યા હોય એટલે, સારું બાપજી ગાયનું ઝરણ પી લઇશ બસ, પછી સાજા થઇને આવે, કે મહારાજ બહુ જ સારું થયું. એક માજી હતા, કહે કે ગૌમૂત્ર તો પીવાતું હશે, વૈષ્ણવ હતા પાછા, કહ્યું કે કૃષ્ણ ભગવાન પણ પીતાં હતા ગાયનું ઝરણ તો, અને તાજા માજા રહેતા હતા, બધા રાક્ષસોને પણ મારી નાખતાં હતા, તમે તો વૈષ્ણવ છો, તો કહે કે સારું પીશ, પીવા માંડ્યું તો પાછા મહિનામાં તો ઘોડા જેવા ચાલતા થઇ ગયા. વૈષ્ણવ હતા અને જો કનૈયો પીતો હતો તો એની વાત તો માનવી જ પડે, પણ ત્યાં દ્રઢ નિશ્ચય થવો જોઇએ.

''ગુરોર્વાક્યનિષ્ઠઃ''

જો ઠાકોરજીમાં આટલી નિષ્ઠા હોય, અને ઠાકોરજી એ જે પણ કાંઇ કર્યું તેની પ્રસાદી આપણે લઇએ, પછી ચોકકસ એમાંથી આપણે પાર તો ઉતરીયે. તો નિષ્ઠા શું છે, એ વ્યક્તિએ પોતે નક્કી કરવાનું છે. જેમાં ભગવાનમાં નિષ્ઠા હોય, પોતાના ઇષ્ટદેવ હોય પોતાના આરાધ્યમાં હોય, એવી જ નિષ્ઠ આરોગ્યની માટે ઔષધમાં રાખવી પડે. તમે ગમે તેટલી દવા ખાવ, પણ તમને મનથી નક્કી કરી લીધું હોય કે મને મટવાનું નથી જ, મટવાનું નથી જ, તો દવાઓ તમે આખી જિંદગી ખા ખા કરો ને તો પણ તમારું મન એ રોગમાંથી તમને બહાર નીકળવા જ ન દે. નિષ્ઠા રાખો, વિશ્વાસ રાખો, કે આમાંથી મારે બહાર નીકળવું છે, અને આ વસ્તુ માંથી હું બહાર નીકળી જઇશ. ગુરુ મહારાજના વાક્યની અંદર એમની આજ્ઞા જે હોય, આ વ્યસન છોડવાનું, આ સ્વભાવ છોડવાનો, તો જ પાર ઉતરશે, નહીં તો સમય થાય સાંજ પડે એટલે પેલું યાદ આવે, અને ત્યાં જ પગ ઉપડી જશે, નબળાઇ હલકી વૃત્તિઓ બધી, કે માણસને રખડાવ્યા કરે ભટકાવ્યા કરે,

અહીંયા શ્રી લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે,

તમને જય મહારાજમાં વિશ્વાસ છે? હા, તમને આજ્ઞાઓ આપી છે? તો કહે કે હા, એ પ્રમાણે કરવાની તૈયારીઓ છે એ જવાબ તમારી પાસે. જો શ્રદ્ધાપૂર્વક જય મહારાજને ભજીશું અને કહી દઇએ કે,

''તારા મનનું કાંઇ ન ચાલે''

આ તો બહુ જ મોટી સજા થઇ ગઇ, અમારા મનનું કાંઇ પણ નહીં કરવાનું અમારે? ના ના નહીં કરવાનું.

''ગુરુ ને વચનને ઠરજો''

છીછરા ન રહેશો, ગુરુના વચનમાં એની અંદર એમાં ઠરી જવાનું, ઉખડવાનું જ નહીં, પછી તો એના પરિણામ આપણે જે જોઇએ છે એ અવશ્ય આપણે મેળવી શકીશું. શ્રદ્ધાના, ભગવદ્ ભક્તિના, ગુરુ ભક્તિના પરિણામ જોઇતા હોય ને તો આ નિષ્ઠા નામનું ઔષધ, દૃઢતાપૂર્વક એને વળગી રહેવું પડે. તો જય મહારાજન આટલા ઊંચા ભાવોને આપણે સમજીએ, ભક્તિ વડે ઉપાસના વડે સાધના વડે, ખૂબ જ સમજણપૂર્વક અમથા અમથા નહીં, કે ચાલો ને જઇએ છીએ જોઇએ તો ખરા કેમનું છે, એવી રીતે નહીં, જાવ તો પૂરેપૂરી રીતે સમર્પિત થઇ અને પહોંચી જાવ, બેડો પાર થયા વગર નહીં રહે. તમે તમારા મનથી જે સતત સંકલ્પ કરશો, એ જરૂર પૂરા કરશે જ. ભલે ગુરુ ભગવાનમાં તમને વિશ્વાસ છે કે નહીં એ જવા દો, તમને તમારા પોતાનામાં વિશ્વાસ છે કે નહીં, કહે કે ના મહારાજ, અમને અમારામાં જ વિશ્વાસ નથી, અમે તો જે પણ મળ્યું તે ખાઇ લઇએ છીએ, આઇસ્ક્રીમ

આપે તો એ પણ ન છોડીએ, બધી જ વસ્તુ આવી ગઇ, ભલે બે ત્રણ કપ હશે તો કાંઇ વાંધો નહીં, કાલે કફ થશે તો જોયું. જશે પણ ખાઇ લઇએ, તો જો આપણને આપણા પોતાનામાં શ્રદ્ધા નથી, આપણને પોતાનામાં વિશ્વાસ નથી, તો પછી આપણે સાજા કેવી રીતે થઇ શકીશું? જે આપણા વ્યવહાર છે જીવનના, ખાનપાન ઇત્યાદિ બધું જ, તો એ વ્યવહારને આપણે આપણા પોતાની જાતને લક્ષ્યમાં રાખીને કરીએ તો સારી રીતે જીવી શકાય, નિરોગી જીવી શકાય, સુખેથી જીવી શકાય. પણ પોતાનામાં શ્રદ્ધા વિશ્વાસ નથી, નિષ્ઠા નથી, અને જે આવ્યો તે વ્યવહાર અને જે પણ કાંઇ હતું તે ખાધું પીધું, સ્વચ્છંદી ખાવા-પીવા માંડ્યું કે? પોતાને પોતાના પર ઉપર વિશે નિશ્ચય નથી, બીમાર પડ્યા દુઃખી થયા ડોકટર પાસે જઇએ પણ ખરા, ડોકટરની દવા પણ ખાવાની ખરી, અને ફરી પાછા આ બધી વસ્તુઓ પણ ખાવાની ખરી, ઇન્સ્યુલિન પણ લેવાનું અને મીઠાઇ (ચકતાં) લાડવા બધી મીઠાઇઓ પણ ખાવાની, દૂધપાક માલપુવા પણ ખવાય, આજે પૂરા થઇ ગયા શ્રાધ્ધમાં, તો એ શું છે? કે માણસને પોતાની જાત ઉપર જ શ્રદ્ધા વિશ્વાસ નથી, અને એટલે આવો અનર્થ પોતાની જાત ઉપર કરી બેસે છે. એને કહીએ કે તું થોડો સંયમ રાખ, થોડી ચરી પાળ, જો પરિણામ કેમ ન મળે? માણસને પરિણામ જોઇતાં હોય છે, પણ નિયમનથી બહાર રહેવું હોય છે, હું નિયમો ન પાળું પણ મને સાજો કરી દો. જાવ ડોકટર પાસે, ડોબુ ઊભું ન થતું હોય ને એટલે મારે ગોદો એટલે ઊભું થઇ જાય એ, એમ ડોકટર મારે એક ઇન્જેકશન તરત જ ઊભા થઇ ગયા, એ અસર બે ત્રણ દિવસ રહી અને ફરી પાછા એવાને એવા. તો આ રીતે માણસ મનસ્વી જીવન જીવતો હોય, અને પોતાના જ નિયંત્રણમાં પોતે ન રહી

શકતો હોય, પછી એના જીવનમાં દુઃખ સિવાય બીજું કશું પણ એના ભાગે ન આવે, કે મારા જીવનમાં શું આવ્યું, તો કહે કે દુઃખ. તો આ બધા સત્સંગમાં મેળવવાનું એટલું છે, કે આપણા જીવનની અંદર સદાચાર હોય, સંયમ હોય, સાત્વિકતા હોય, તો આપણે અવશ્ય સારુ સાચું નિરોગી અને સુખ ભર્યું જીવન શાંતિથી જીવી શકીએ. પણ સાચું પૂછો, ભગવાને જીવન આપ્યું છે, આયુષ્ય આપ્યું છે, પણ જીવતા નથી આવડતું, તદ્દન સાચી વાત છે, કદાચ પશુઓને જીવતાં આવડતું હશે પણ માણસને તો જીવતાં આવડતું જ નથી. પશું પક્ષીઓ સવારમાં વહેલા ઊઠી જાય છે, માળામાંથી બહાર નીકળી અને ચાલવા માંડે, અને આનંદ કરવા માંડે, બહાર ફરતા હોય છે, માણસ સૂર્ય માથે ચડેલો હોય તો પણ ઊંઘતો પડ્યો હોય. પશુ પક્ષીઓ માદા પડે ને તો અમુક જાતની વનસ્પતિઓ શોધી અને એ જ ખાય ઉપવાસ કરે અને સાજા થઇ જાય, ગાય બીમાર પડે ને એટલે જે જો તમે, બીજી ગાય એની પાછળ ઉભી જ હોય, અને એનું ઝરણ ગાય પી લેતી હોય છે, આ જોયું છે ને, આપણે જોયું છે. માંદી પડી હોય, કે પેટમાં કાંઇ ગરબડ હોય, તો બીજી ગાયનું ઝરણ પી લે, સાજી થઇ જાય. માણસને જ પોતાના આરોગ્યની ખબર નથી, દરેક પશુઓને પોતાના આરોગ્યની ખબર છે, એટલે માણસને આયુષ્ય મળ્યું છે, માણસાઇ મળી છે, પણ માણસ તરીકે જીવવાની એનામાં તાકાત નથી. જેમ રસોઇ કરવા બેઠા હોય અને પૂછે કે વેડમી કેવી રીતે બનાવવી, ફોન કરીને પૂછે, પછી કહે કે મને તો આવડે છે, તોક હે કે પછી મીઠું નાખી દેજે ઉપર આટલું, એ તો મને ખબર છે, આવી વાત છે. જો માણસ પોતાની જિંદગીને જ પોતે સમજી શકતો ન હોય અને એ પોતે જ દુઃખી થતો હોય, એનો ઉપચાર શું? એનો

ઉપાય શું? કશો પણ નહીં. જો પોતાને વિશ્વાસ પોતાનામાં ન હોય, કે હું આ તૈયાર કરી શકીશ, તો એ સુખી નહીં થાય. સૌથી પહેલા માણસને પોતાની જાત ઉપર જ વિશ્વાસ ન હોય, બીજા ઉપર તો વિશ્વાસ ન હોય જુદી વાત છે પણ પોતાની ઉપર જ વિશ્વાસ ન હોય. તો શ્રી લક્ષ્મણદાસજી મહારાજ કહે છે કે સૌથી પહેલાં સદગુરૂનું શરણ લો. સદ્ગુરુનું શરણ લો, સદગુરુના શરણમાંથી એમની પાસેથી વિશ્વાસ અને નિષ્ઠાને શીખો, અને એ સત્સંગમાં થી મેળવી લો, કે આપણી જાત ઉપર પણ આપણે વિશ્વાસ રાખતા શીખીએ, વિશ્વાસ કેવી રીતે રખાય? શરીર ઉપર ભરોસો કેવી રીતે રખાય? આ શરીર ઉપર ભરોસો કેટલો રાખી શકાય? જરા પણ નહીં, પણ જીવન છે જીવન ઉપર તો ભરોસો રાખીએ ને, સમજી રાખીએ કે મારા જીવનને કેવી રીતે સાચવવાનું. તો જે નિષ્ઠાપૂર્વક ગુરુભક્તિ કરે, ભગવદ્ ભક્તિ કરે, અને એ પ્રમાણેના સંયમ સદાચાર, નિયમ પાળે, તો અવશ્ય એનું કલ્યાણ થવાનું જ છે, એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાંથી એને પ્રાપ્તિ થવાની જ છે, મળવાનું જ છે. એમાંથી એ ચોકકસ મેળવી શકશે, સાત્વિકતા મેળવી શકશે, સંયમ મેળવી શકશે, શાંતિ મેળવી શકશે, ગુરુ મહારાજના એ સત્સંગમાંથી એ કાંઇક રસાસ્વાદ પણ મેળવી શકશે, સમજણ પણ મેળવી શકશે, આમ કાંઇકને કાંઇક તો એ મેળવી શકશે જરૂરથી. ધર્મ મળશે, અર્થ મળશે, પોતાની ઇચ્છાઓ પૂરી થવાનું મળશે, અને ક્યાં તો મોક્ષ પણ મળી જશે.

''ગુરોર્વાક્યનિષ્ઠઃ''

પણ એને ભગવાનમાં ભરોસો હોવો જોઇએ, ગુરુ ભગવાન ઉપર ભરોસો હોવો જોઇએ, પોતાનામાં ભરોસો વિશ્વાસ

હોવો જોઇએ. પણ એકેયમાં ભરોસો ન હોય, ભગવાનમાં પણ ન હોય સદગુરુમાં પણ ન હોય અને પોતાની જાત ઉપર પણ એને વિશ્વાસ ન હોય, ભરોસો ન હોય, ભગવાને જીવનને સારામાં સારી રીતે જીવવા માટે આપ્યું છે, ભોગો પાછળ નહીં, વ્યસનો-વાસનાઓ પાછળ નહીં પણ સંયમ અને સદાચાર પૂર્વક માણસ તરીકે જીવન જીવવા માટે આપ્યું છે. તમે સંયમી કેટલા રહી શકો છો, તમે સદાચારી કેટલા રહી શકો છો, એની ગણતરી મૂકો, હિસાબ એનો કાઢો, એ રીતે ભગવદ્ નિષ્ઠા, સત્ય નિષ્ઠા, ધર્મ નિષ્ઠા, એ આપણામાં કેળવવી જોઇએ. ભગવાન છે જ ક્યાં? એમ કહી બેસે, તો પછી શું બાકી રહ્યું એના જીવનમાં? જે પણ કાંઇ અધમમાં અધમ કૃત્ય કરવા હોય તે બધા જ કરવા માંડે, માણસ સંયમ અને સદાચારમાં કેમ રહે છે? એને ભગવાનની બીક લાગે છે એટલે? એને પાપની બીક લાગે છે એટલે? એને પોતાના પરિવાર અને સમાજની બીક લાગે છે? કે લોકો મને શું કહેશે? એટલા માટે પણ એ સંયમમાં રહેતો હોય છે. એટલે ધર્મ માણસને સંયમમાં રાખવા માટેનું એક સાધન છે. ધર્મ પણ માનવ જીવનના ઘડતરનું એક અંગ છે કે જે માણસને સંયમમાં રાખી અને એને ઘડે છે, તૈયાર કરે છે, એક સારા સજ્જન તરીકે તૈયાર કરે છે, દુર્જન અને દુરાચારી તરીકે નહીં, રાક્ષસ તરીકે નહીં, પણ એ માણસ સજ્જન બને દેવ બને, એનામાં સાત્વિકતા આવે અને એ ભાવપૂર્વક પોતાના જીવનને જીવે, તો અવશ્ય એને મોક્ષની, સદગતિની, સન્મતિની, સારા જીવનની, સુખ-શાંતિની એને પ્રાપ્તિ થયા વગર રહે જ નહીં, મળે જ, કારણ એ સદાચારને માર્ગે ચાલ્યો છે. સદાચારને માર્ગે ચાલવા માટે રસ્તો તો એક નો એક જ હોય છે, સમજો, એ રસ્તા ઉપર કાંટા પણ છે, કાંકરા પણ છે,

ખાડા પણ છે, ઠોકરો પણ વાગે છે, તાપ છે એટલે દઝાવાય છે પણ ખરું, ઠંડી છે એટલે અતિશય ઠંડુ પણ લાગે છે, ખાડા-ટેકરા પણ છે. તો હવે રસ્તો તો આ બધા માટે એક જ છે, માણસ એના પગની અંદર પગરખાં પહેરીને નીકળે છે, તો એની ઘણી બધી સમસ્યાઓ હલ થઇ ગઇ, નથી દઝાવાતું, નથી ઠોકર વાગતી, નથી કાંટા વાગતા, નથી કાંકરા વાગતા, બહુ જ સરસ રીતે ચાલી શકે છે, તો તમે સત્સંગને તમારા જીવનની અંદર પહેરી લો. રસ્તો એનો એ જ છે, બધાયને ચાલવાનું પણ, જે પહેલો એમને એમ ચાલ્યો પગરખા વગર, એને કાંટા પણ વાગે છે, કાંકરા પણ વાગશે, ઠોકરો પણ વાગશે, દઝાવાશે પણ ખરું અને ઠંડુ પણ લાગશે, કેમ? એણે સત્સંગ નથી મેળવ્યો, એટલે બધી જ ઉપાધિઓ બધી જ આપત્તિઓ એને સતતને સતત, ડગલેને પગલે દુ:ખી અને હેરાન કર્યા કરશે, પણ જો સત્સંગનું સાધન તમારી સાથે હશે, તો આ બધાયથી તમે બચી જશો. રસ્તો તો એકનો એક જ છે, પણ બંનેની પાસે સાધનો જુદા જુદા છે, એકની પાસે નથી અને એક લઇ ને ચાલે છે. તો સાધન ભજન એ આપણા જીવનને સુખી અને સુરક્ષિત જીવનમાર્ગે આગળ વધવા માટેનું સાધન છે. આપણી પાસે સત્સંગ હશે, સાચી સમજણ હશે, સદબુદ્ધિ હશે તો અવશ્ય આપણે નિર્વિઘ્ને એ માર્ગ ઉપર આપણે સડસડાટ ચાલ્યા જઇશું, દુ:ખી થયા વગર, અને જેની પાસે સાધન નથી, એ ડગલે અને પગલે દુ:ખી થશે, એને ડગલેને પગલે કાંટા વાગશે, કાંકરા વાગશે, એ દુ:ખી થશે, એનાથી નહીં ચાલી શકાય, એ દુ:ખી થશે, તો આમ સત્સંગનું સાધન છે

''ગુરોર્વાક્યનિષ્ઠ''

અને જે નિષ્ઠાપૂર્વક ભગવદ ભજન કરે છે, એને બધું જ

પ્રાપ્ત થાય છે.

‘‘લભેદ ધર્મકામાદિ મોક્ષં’’

એને આ બધું જ પ્રાપ્ત થાય છે, અને એ સદગતિને પ્રાપ્ત થાય છે, સુખ અને શાંતિ પણ પ્રાપ્ત કરી શકે છે.

।। જય મહારાજ ।।

# સત્સંગ-૧૨૬
# અસીમ ગુરુ કૃપાની પરમ પ્રસાદી

**શ્રી સંતરામ સ્તોત્ર**

માનવજીવન ઘણા ક્લેશો થી ઘેરાયેલું હોય છે. માનસિક અશાંતિ માનવને જીવનભર પીડા આપે છે. માણસ પોતાના જીવનમાં આ પીડાનું નિવારણ લાવી શકતો નથી. જીવનમાં થતી પારાવાર અશાંતિના કારણે માણસનું જીવન ભરખાઈ જાય છે. આખા દિવસના થાકને દુર કરવા માટે જ ભગવાને રાત્રિનો આરામ આપ્યો છે. દિવસના કાર્ય બાદ માણસની ઉર્જા શરીરના જુદા જુદા અવયવોના કાર્યથી વહેંચાયેલી હોય છે. શરીરને ગહેરા આરામથી જે ઉર્જા પ્રાપ્ત થાય છે તે ઉર્જા આહારથી પણ મળતી હોતી નથી. માનવજીવનને ટકાવવા માટે ખોરાક શરીરની અંદર કાર્ય કરે છે. શરીરમાં રચનાત્મક કાર્ય સર્જનાત્મક કાર્ય કરનાર રાત્રિનો આરામ છે, જેના દ્વારા શરીર અને મન સ્વસ્થ રહે છે. સ્વસ્થ મન દ્વારા સારા અને નવા વિચારોનું સર્જન થઇ શકે છે.

માનવજીવનના રોજ-બરોજના ક્લેશોને દૂર કરવા માટે, રાત્રિના સત્સંગમાં જીવન કેમ જીવવું તે આપે સૌને શીખવાડ્યુ છે. રોજિંદા જીવનમાં ઊભા થતા ક્લેશોને કેવી રીતે હલ કરવા તેના માર્ગ બતાવેલ છે. સામાન્ય માણસ પોતાના દોષોને દૂર કરી

શકતો નથી. આધુનિક યુગમાં આ ક્લેશોને જ ટેન્શન કહે છે. જે માણસને પામર બનાવી દે છે.

ગુરૂ મહારાજ થોડા શબ્દોથી માનવજીવનના કલેશોને દૂર કરી આપે છે. ગુરૂ મહારાજ સમર્થ શક્તિશાળી છે જે સત્સંગની વાણીમાં લૌકિક ઉદાહરણ આપીને સમજાવે છે. માણસનું મન વિચાર કરતું હોય છે તેના જવાબ આપોઆપ મળી જતા હોય છે. સત્સંગના શરણે જવાથી ગુરૂ મહારાજને પૂછયા વગર જ પોતાના મનના સવાલના જવાબો મળી જાય છે. સંતની ઓથ ઘણું મોટું કામ કરે છે. ગુરૂ મહારાજ આશીર્વાદ આપે છે. માણસની અંદર દ્રઢતા કેળવાય છે. મક્કમ મનોબળના આધારે વિશ્વાસ આવે છે. જય મહારાજના આશીર્વાદથી માણસ હળવો થઇ જાય છે આ છે સંતનું શરણુ.

ગુરૂ મહારાજના શરણની ઓથથી કેટલું મોટું કામ થાય છે તેનું એક દ્રષ્ટાંત સત્સંગમાં ગુરૂ મહારાજ દર્શાવી રહ્યા છે.

એક રાજ પરિવારમાં એક માજી હતા. માજીને સાઇટીકા થયેલ હતો ઘણી દવા કરી માજીને સારુ થાય નહીં, એક સમયે આ પરિવારના સભ્યો કુંભના મેળામાં ગયેલા હતા. કુંભના મેળામાં એક સંત ફક્કડ ધૂણીએ બેઠેલા હતા. માજી પોતાના દુઃખની વાત કરે છે. સંત શ્રી એ પોતાના ધૂણા માંથી ચપટી ભસ્મ આપી માજીએ શ્રદ્ધા વિશ્વાસથી મોઢામાં મૂકી. માજીને સારું થઇ ગયું. સંત કૃપા વગર આ શક્ય નથી. નિષ્ઠાથી ગ્રહણ કરેલ પ્રસાદી કેટલું મોટું કામ કરે છે.

આથી વિશેષ દ્રષ્ટાંત આપતા ગુરૂ મહારાજ એક યુવાનની વાત બતાવી રહ્યા છે. એક યુવાનને જે દિવસે પરદેશ જવાનું હતું તેજ દિવસે પાસપોર્ટ મળે નહીં. ગુરૂ મહારાજ પાસે આવે છે. ગુરૂ

મહારાજ તે યુવાનને આશીર્વાદ આપે છે. યુવાન ઘરે જાય છે પાસપોર્ટ મળી જાય છે મહારાજ પાસે યુવાન પાછો આવે છે અને વાત કરે છે. મહારાજશ્રી આપની કૃપાથી પાસપોર્ટ મળી ગયો તેના ચહેરા પર પ્રાપ્તિનો આનંદ દેખાય છે.

મંદિરમાં નિત્ય દર્શને આવતા એક બહેનનું મંગળસૂત્ર ઘરમાંથી બે વર્ષથી મળે નહીં. મહારાજશ્રી પાસે આવે છે. ગુરૂ મહારાજ જાળીએ જઇને બાપજી (જય મહારાજ)ની બાધા રાખવાનું કહે છે. તે જ દિવસે મંગળસૂત્ર મળી જાય છે. ગુરુ મહારાજની કૃપા હોય તો આ બધું શક્ય છે.

એક માણસની નોકરીમાં બદલી થવાની હતી. એ માણસને બદલી કરવી ન હતી. જય મહારાજશ્રી પાસે આવીને વાત કરે છે. બાપજી (જય મહારાજ) મારે બદલી કરવી નથી પરંતુ રોકાય તેમ પણ નથી. બાપજીને વાત કરીને હજી તો મંદિરની પરિસરમાં જ ફોન આવે છે કે તમારી બદલી રોકાઈ ગઈ છે. મહારાજશ્રી પાસે આવીને પગે પડે છે. ગુરુ મહારાજ મારું કામ થઈ ગયું.

ગુરુ મહારાજ આપણા માતા-પિતા છે. આપણે તેમના સંતાન છીએ. રોજિંદા જીવનમાં જોઈએ તો માતા-પિતા પોતાના સંતાનને સારામાં સારું આપવા પ્રયત્ન કરે છે. આપણે તો ગુરુ મહારાજના બાળકો છીએ. ગુરુ મહારાજ આપણા ક્લેશો દૂર કરવાના છે. આપણે ગુરુ મહારાજની શરણે ગયા છીએ. સાધક-સેવકને જેની જરૂર હશે તે ગુરુ મહારાજ અવશ્ય આપે છે. અને તે તેના કર્મને આધીન હશે.

જાનકીદાસજી મહારાજના સમયની વાત છે. એક સંપન્ન ખેડૂત ૩૬ ટોપલા જાંબુડા લઈને આવે છે. બાપજી પૂછે છે કેમ,

આટલા બધા? સૌપ્રથમ ખેડૂત ક્ષમા માગે છે. બાપજી ભૂલ થઈ ગઈ. મારે જાંબુડાની વાડી છે. દર વર્ષે ફળ પર રોગ આવે છે. મને ગામના એક વડીલે કહ્યું, જય મહારાજની બાધા રાખ. બાપજી મેં બાધા રાખી પરંતુ થયું એવું કે તે વર્ષે ખુબ જ સરસ જાંબુ આવ્યા પરંતુ હુ બાધા પૂરી કરવાનું ભુલી ગયો. પછીના વર્ષે પહેલાં જેવી પરિસ્થિતિ થઈ જાંબુડાને રોગ આવ્યો. મને યાદ આવ્યું કે મારે જય મહારાજશ્રીની બાધા બાકી છે. આ ત્રીજુ વર્ષ છે. હા, ત્રીજા વર્ષમાં એક પણ જાંબુ અમે ખાધા નથી કે ખાવા દિધા પણ નથી. બધા જાંબુડા તોડીને સીધા અહીં મહારાજશ્રીની સેવામાં લાવી દીધા છે.

સમર્થ સદગુરુ આ રીતે નાના-મોટા દરેક માણસોને આશીર્વાદ આપીને સુખી કરે છે. ''વંધ્યા ભેંસ દૂઝવી દેવ'' જેવી વાત છે.

જયમહારાજ રાયણની બખોલમાં બિરાજ્યા અને પીપલગના જીજી ભગત ભિક્ષાની સેવા લેતા હતા. અચાનક એક દિવસ બાપજી કહે, દૂધ તો લાવો ભિક્ષામાં. જીબાએ બાપજીની ક્ષમા માગી અને કહ્યું બાપજી ભેંસ ઘણા સમયથી ઉચી ગઈ છે. દૂધ આપતી નથી. બાપજી પોતાના જળ પાત્રમાંથી જળ આપે છે. જીબા ઘરે જાય છે. જળ છંટકાવ કરે છે. આજુબાજુ રહેનારા તેમને મૂર્ખ પણ સમજે છે. પરંતુ જીબા વિશ્વાસપૂર્વક અને શ્રધ્ધાથી ભેંસને દોવા બેસી ગયા, જોતજોતામાં કમંડળ દૂધથી ભરાઈ જાય છે.

ગુરુ મહારાજ શરણે આવેલાના દુઃખ વિપત્તિ ને શાંત કરી આપે છે. ગુરુ મહારાજના શરણની ઉપલબ્ધીઓના આવા અનેક દ્રષ્ટાંતો છે. જન-જન માટે નાનામાં નાના માણસો હોય તો પણ

ગુરુ મહારાજ તેમની પર કૃપા કરે છે, તેમના દુઃખ દુર કરી આપે છે.

ગુરુજી પાસે માંગવાનું હોતું નથી. ગુરુ મહારાજ આપણા માટે સતત ચિંતિત હોય છે. ગુરુ મહારાજ આપણા હિતકારી, માટે આપણને સામેથી જ આપી દે છે. ગુરુ મહારાજ જે આપે છે તેનો પ્રસન્નતાથી સાધક, સેવકે સ્વીકાર કરવાનો છે. ગુરુ મહારાજના ઉપદેશને અનુસરવાનું છે. કડવો લાગતો લીમડો, જીભને જ કડવો લાગે છે પરંતુ આખા શરીરને અનુકૂળ આવે છે. તે રીતે ગુરુ મહારાજના બોલ કડવા લાગે છતાં જીવનમાં અનુકૂળતા લાવનારા હોય છે.

રાત્રિના સત્સંગ દ્વારા આવી અનેક સમજણ આપી રહ્યા છીએ. સાહજિક સત્સંગ દ્વારા લાભ થાય છે. માણસના જીવનમાં થતી આ રીતની ઉપલબ્ધિના કારણે માણસને અકલ્પિત સંતોષ આનંદ મળે છે. સત્સંગ માણસના જીવનના કલેશનુ નિકંદન કરનાર છે.

ગુરુ ભગવાન નિત્ય વંદન કરનારને હંમેશા સંતોષ આપે છે. વિષ્ણુસહસ્ત્રની અંદર ભીષ્મજી કહે છે, ''માધવો ભક્ત વત્સલ...'' જે મનુષ્ય ભગવાનને ભજે છે તે મનુષ્ય ભગવાનને પ્રિય છે.

પરિવારની અંદર જે બાળકો માતા-પિતાની સેવા કરનાર, સારસંભાળ કરનાર હોય તેના પ્રત્યે માતા-પિતાને વાત્સલ્ય વધુ હોય છે. જીવનની અંદર પણ જે કઇ આપીશું તેવુ પામીશું. સત્સંગની અંદર પણ ભાવ આપી રહ્યા છીએ અને સદભાવ મેળવી રહ્યા છીએ. સત્સંગની આ ઉપલબ્ધિ છે કે જીવનની અંદર સેવકે મેળવવાનું છે અને મળે પણ છે.

નાના બાળક હોય અને દવા પીવડાવવા માટે તેના માતા-પિતા તેને પટાવે છે. બાળક દવા પી લે છે અને સામે આપેલી લાલચ માટે ઇચ્છા પણ વ્યક્ત કરે છે. માતા-પિતા તરીકે બાળકના સ્વાસ્થ્યની ચિંતા માટે માતા-પિતાને આમ કરવું પડતું હોય છે. તે રીતે જ ગુરુ મહારાજને પણ પોતાના ભક્તોને, સેવકોને જીવન ઘડતર માટે બે શબ્દો પણ કહેવા પડતા હોય છે.

ભગવાન ભક્તોને ઘડે છે. ભગવાન ભક્તોને સહજતાથી આપે પણ છે. માણસને હોય તેના કરતાં વધારે મેળવવાની ઝંખના હોવાના કારણે તેની અંદર સંતોષ નથી હોતો. માણસ સ્વભાવે ભગવાનને ફરિયાદ કરે છ, ભગવાન જેટલું આપે છે તેના કરતાં વધારે મેળવવાની અપેક્ષા કરે છે. જીવનભર અસંતોષથી જીવ્યા કરે છે. માણસ વિચારતો હોય છે કે હું તો ભગવાનનો ભક્ત છું, તો ગરીબ શા માટે? ભગવાનને ખબર છે કે ભક્તોને શેની અને કેટલી જરૂર છે. જો ભગવાન જરૂર કરતાં વધારે આપે તો ભક્ત, સાધક, વિલાસી થઇ જાય છે. વધારે પડતા લાડ પ્યારના કારણે છોકરા કહ્યામાં રહેતા નથી તેવી રીતે વધારે સુખ આવવાથી સાધક, સેવકો ભગવાનને ભૂલીને ભોગો અને વિલાસની તરફ દોટ મૂકે છે. ભક્ત સાધકને પોતાની સમીપમાં રાખવા માટે ભગવાન ભક્તોને દુઃખ આપે છે. જય મહારાજ તો ભક્ત વત્સલ છે. ભગવાનને પોતાના બાળકો સાથે આવું કરવાનું કારણ એ જ કે જો ભગવાન દુઃખ આપશે તો તે ભગવાનની સમીપ માં જશે અને સમયનો સદુપયોગ કરશે. સત માર્ગે જશે તો માણસ દુઃખી નહીં થાય. સારા વિચારોથી ગુરુ મહારાજના આશિષથી દુરાચારથી બચશે. ભગવાનને યાદ કરવા માટે જ દુઃખની આવશ્યકતા છે. દુઃખ એ તો માનવ જીવનની ભગવાને આપેલી પ્રસાદી છે. માનવ

સુખનો સ્વીકાર કરે છે પરંતુ દુઃખ ભગવાનને યાદ કરવા માટેનું સાધન છે. ઉપલબ્ધિ એ જ કે પ્રભુને મેળવવા માટે દુઃખ આવે તેના હસતા હસતા સ્વીકાર કરવો. દરેક માણસના પોતાના અનુભવથી વિચારી જોવાનું કે જ્યારે જ્યારે માણસને દુઃખ આવે છે ત્યારે મોઢામાંથી ઉદગાર નીકળી જાય છે કે હે ભગવાન! આ સૌના જીવનનું અનુભવેલું છે.

સંસારની વ્યવહારની ઉપાધિ વચ્ચે માણસ જીવે છે તો સંસારિક ઉપાધિઓતો રહેવાની જ. આ ઉપાધિઓ માણસની જાતે સ્વીકારેલી છે. માણસ જેમ-જેમ વ્યવહારિક સંબંધોના બંધનો સ્વીકારતો જાય છે તેમ-તેમ ઉપાધિઓ પણ વધતી જાય છે. ગુરુ મહારાજ આટલું સમજાવતા હોવા છતાં માણસને સ્વતંત્રતા પચતી નથી. એકલા રહેવું પસંદ નથી.

દરેક મનુષ્યને જીવનની અંદર ઈશ્વરે ઘણું સહજતાથી આપી દીધું છે. માણસ પોતાને યોગ્ય લાગે તે એકત્રિત કરે છે. પોતાને ફાવતુ કરવામાં જ માણસ દુઃખી થાય છે. માણસ મનનું કહ્યું કરતો હોવાથી પસ્તાય છે. મનની આંતરસૂઝ હોતી નથી તેને કેળવવી પડે છે. મન પોતાનું ધારેલું કરતું હોવાથી તેની પાછળ થતું નુકસાન માણસને ભોગવવું પડે છે. મનનું કામ કાગડા જેવું છે. કાગડાને સોનાના પિંજરામાં રાખીને છુટો મુકવામાં આવે તો સૌ પહેલા કાગડો ગંદકીમાં, સડેલા માસ પર જઈને બેસે છે, ખાય છે ઉચકીને પોતાના જીવનના આંગણે ફેંકે છે. માણસનું પણ આવું જ છે એ આખરે માણસ જીવનભર દર્દ પીડા અને નકામી ઉપલબ્ધિથી પીડાયા કરે છે.

ગુરુ મહારાજ આપણને સુખી રાખવા ઈચ્છે છે. ભગવાન આપણને સારું જીવન આપવા ઈચ્છે છે. જય મહારાજના શરણે

આપણે બેઠા છીએ જય મહારાજ આપણું કલ્યાણ થાય તે જ આપે છે. ગુરુ મહારાજ આપણને સુખ આપે છે. માણસ પોતાની ઇચ્છાથી, બાધાઓથી માણસની ઇચ્છા મુજબ માંગે છે. તે લૌકિક સુખ માગનાર હોય છે તેને કારણે માણસ આખરે દુઃખી થાય છે. લૌકીક સુખ ક્યારે પણ સુખ શાંતિ આપતું નથી. જય મહારાજ મનોવાંછિત આપે છે જે ભક્તનું માંગેલું હોય છે. જય મહારાજ પોતાની જાતે જે આપે છે તે કલ્યાણકારી શુભ કરનાર હોય છે કારણ કે ભગવત્ ઈચ્છિત છે. ભગવત ઇચ્છિત વસ્તુથી અઘટીત થતું નથી.

ગુરુ મહારાજ કલેશ દુર કરનાર છે. કોઇપણ પ્રકારનો કલેશ ગુરુ મહારાજની સમક્ષ આવીને ઉભો રહી શકતો નથી. આવા અનેક દ્રષ્ટાંતો આપણે જોઈએ છીએ. જ્યોતની સમક્ષ બેસતાની સાથે જ ઉપાધિઓ કહે મારે જવું છે.....હું જાઉં છું. જય મહારાજ આવી બધી જ ઉપાધિઓને દૂર કરી આપે છે. સમાધિસ્થાનની સમક્ષ ઊભા રહીને કરેલી પ્રાર્થના ગુરુ મહારાજ અચૂક સાંભળે છે. શરણે આવેલાના દુઃખ દૂર કરી આપે છે. ગુરુ મહારાજ આપણા બાપ છે. ગુરુ મહારાજને પોતાના બાળકોની દયા અચૂક આવે છે. ગુરુ મહારાજ સામેથી દુઃખ નો રસ્તો કાઢી આપે છે. નડીઆદ અને આપણાં શાખા મંદિરમાં સમાધિસ્થાનના દર્શન માત્રથી આટલું બધું પ્રાપ્ત થતું હોય તો આપણા જય મહારાજનું કેવું સાધુત્વ કહેવાય આ એક વિચારવા જેવી વાત છે.

પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજ તેના માટે જ કહે છે કે ગુરુ મહારાજ આપણને કેટલી ઊંચી અવસ્થા પર લઇ જાય છે. અન્નાદ્યૈઃ પંચકોશૈઃ આદિ... માનવ શરીર પાંચ કોષથી બનેલું છે. અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય, જય

મહારાજ આપણને આનંદમય કોશમાં લઈ જાય છે જે અંતિમ છે. આ પંચકોશથી ઉપર ઉઠીને સાધક, સેવક શરીર ભાવથી, દેહાધ્યાસથી બહાર નીકળે છે. રાત્રિના સત્સંગ દ્વારા આપણને આ રીતનું જ્ઞાન આપીને તે રસ્તે ચાલવાનો માર્ગ મળે છે. આ ધરા પર જન્મ લેનાર દરેક જીવ માત્ર પશુ-પક્ષી સહિત દરેકને જીવવું હોય છે. જીજીવિષાના કારણે માણસને દેહાધ્યાસ છૂટતો નથી. આસક્તિના કારણે માણસ દુઃખી થાય છે.

આપણે ત્યાં ભજનમાં બેઠા હોઈએ છીએ કીડી મકોડો કરડતા, ખંજવાળ આવતા માણસની અંદર રહેલો આસક્તિનો ભાવ જાગૃત થઇ જાય છે. આપણે કીડી મંકોડાને પણ જોઇએ છે ત્યારે તેની ગતિમાં ફેર અનુભવાય છે. આ રીતના દેહાધ્યાસથી બહાર નીકળવાનો માર્ગ ગુરુ મહારાજ સત્સંગ દ્વારા શીખવે છે. આસક્તિના કારણે આખરે જીવન દુઃખી થાય છે. ગુરુ મહારાજ પંચકોષથી ઉપર ઊઠી જઈને એટલે કે આત્મતત્વ જે આનંદમય કોશ છે તેની ઉપર આત્મા છે ત્યાં લઈ જવા ઈચ્છે છે.

પંચકોષ રહિત એટલે કે પાંચ કોષથી ઉપર ઊઠી જઈને શરીરની ઉપાધિઓથી ઉપર ઊઠીને, દૈહિક, દૈવિક, ભૌતિક બધા જ પ્રકારની ઉપાધિઓથી ઉપર ઊઠી જઈને, આત્માને ઓળખી લેવાનો માર્ગ સમજવાની જરૂર છે.

સાધક જ્યારે ગુરુ મહારાજે બતાવેલ માર્ગ પર આગળ ચાલે છે ત્યારે તેને સંસારની કોઇપણ ઉપાધિ અસર કરતી નથી. ગુરુ મહારાજ સતત પ્રયત્નો કર્યા કરે છે કે પોતાના બાળકોને, સાધકોને, ભક્તોને, આશ્રિતોને, સેવકોને આનંદમય કોષની અવસ્થા પ્રાપ્ત થાય, દરેકને સમજાય તે રીતે સમજણ આપે છે લૌકિક દ્રષ્ટાંતો દ્વારા પણ સમજાવે છે.

આપણે તો અતિ ભાગ્યશાળી છીએ કે આપણને સમર્થ ગુરુ મહારાજ મળ્યા છે. ગુરુ મહારાજના દર્શન માત્રથી મનુષ્યના જીવનના તમામ પ્રકારના તાપ દૂર થાય છે. ગુરુ મહારાજના સાંનિધ્યમાં રહેવાથી શારીરિક, આર્થિક, વ્યવહારિક, માનસિક શાંતિ અચૂક પ્રાપ્ત થાય છે. ગુરુ મહારાજ આપણને ધર્મના માર્ગ તરફ વાળે છે. ગુરુ મહારાજના સાંનિધ્યમાં જવાથી અમૂલ્ય સાધન પ્રાપ્ત થાય છે.

માણસ જીવનભર શાંતિ માટે વલખા મારે છે. ગુરુ મહારાજ તમામ મનુષ્યને બોલાવી-બોલાવીને તદ્દન મફતમાં આપતા હોય છે પરંતુ લૌકિક વ્યવહારની અંદર સપડાયેલા માણસની પાસે સમય હોતો નથી. માણસની અંદર જ્યારે સમજણ આવે છે ત્યારે ઘણું માડું થઈ ગયું હોય છે.

ભગવાને મનુષ્યને પરિપૂર્ણતાવાળુ જીવન આપ્યું છે.સુવિધાવાળું શરીર મળ્યું હોવા છતાં પણ માણસને તેનો સંતોષ હોતો નથી. સૌ ભક્તોની ઉપર કૃપા કરનાર શાંત સ્વરૂપ એવા જય મહારાજ સૌનું કલ્યાણ કરનાર છે.

જય મહારાજ સ્વયં કલ્યાણ સ્વરૂપ છે. સૌ ભક્તોના કલ્યાણ માટે જ ધરા પર આવ્યા છે. આપણે જય મહારાજની સ્તુતિ કરીએ છીએ તેમાં એક શ્લોકની અંદર અન્ય ''અન્નાદ્યૈ પંચકોશૈ રહિત પરશીવં પૂર્ણભકત્યા ગૃણન્ત'' યોગીઓના પણ યોગેશ્વર યોગીન્દ્ર જય મહારાજને વિશ્વ વ્યંદ્યમ્ પણ કહ્યા છે.યોગેન્દ્ર વ્યંદ્યમ્ અને યોગિવ્યૂહૈકવંદ્યં... આ બંને શ્લોકની અંદર એક જ વાત બતાવવામાં આવી છે કે યોગીઓનો સમૂહ જય મહારાજની સેવામાં છે જ પરંતુ યોગીઓના રાજા પણ ગુરુ મહારાજની સેવામાં છે. જન્મ મરણના ભય ટાળવાવાળા, જય

મહારાજને સત્સંગના માધ્યમથી સમજવાની જરૂર છે.

ગુરુ મહારાજની ઊંચી અવસ્થાના કારણે યોગીઓના યોગીઓથી પણ સત્કારાયેલા છે. ગુરુ મહારાજ ધરા પર રહેલા તમામ મનુષ્યના તો ભય દુર કરે છે, ઊંચી અવસ્થા પર બેસેલા ઉચ્ચ કોટિના સંતો ઋષિ મુનિઓ દેવી-દેવતાઓના ભય પણ દૂર કરે છે.

ગુરુ મહારાજ આપણને આપણું સ્વરૂપ બતાવે છે. ભગવાન મારામાં છે અને તે જ હું છું. જો સાધક સેવકોને આ વાત સમજાય તો ઘણી મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી તેમ કહેવાય છે. ગુરુ મારા સ્વયં કહે છે કે આપણે પરમાત્માના જ છીએ આપણે ભગવાનના છીએ અને ભગવાન આપણા છે. સાધકે આ વાત સમજી લેવાની છે. ગુરુ મહારાજ શિષ્યોને સદ્જ્ઞાનનું સંબોધન કરે છે નરક જેવી દુર્ગતિવાળી જીવનની અવસ્થાને દૂર કરી આપે છે. શરણે આવેલાને નરક જીવનમાંથી મુક્ત કરી આપે છે.

સાધક, સેવક, ભક્તોએ ધીરજ રાખીને શાંતિથી ગુરુ મહારાજ જે બોધ ઉપદેશ આપે તે પોતાના કામનું છે તેવા વિચાર સાથે જીવવાનું છે. ગુરુ મહારાજ જીવન જીવવા માટેનું માર્ગદર્શન આપે છે તે ગુરુ મહારાજનો આપણા માટેનો સદભાવ છે.

ગુરુ મહારાજને વંદન કરતા આપણને સહજમાં પ્રસાદી પ્રાપ્ત થઈ જાય છે. દ્રસ્ટી રૂપે, આશિર્વાદ રૂપે માત્ર વંદન કરવાથી સહજમાં ભક્ત, સાધક ગુરુ મહારાજનું સાનિધ્ય પ્રાપ્ત કરી શકે છે. જય મહારાજ પરમ ઉદાર છે. જે ભક્તોના કરોડો અપરાધોને વિસારીને ક્ષમા આપી શકે તેવા મહાન શક્તિશાળી ગુરુ મહારાજ... લખ ચોરાસી ઓછા પડે. ગુરુ મહારાજ આપણા કરોડો અપરાધોને માફ કરવાની ક્ષમતા ધરાવનાર છે ભગવાનની

આટલી બધી ઉદારતા છે તો ભગવાને જેનું સર્જન કર્યુ છે તે એટલે કે માણસ કોઈની એક ભૂલ ક્ષમા કરી શકતો નથી. શું આ માણસની કંજુસાઈ છે? જય મહારાજ આપણા અબજો અપરાધોને માફ કરે છે. ભગવાન આપણી પર કૃપા કરે ત્યારે માનવ જન્મ મળે છે. કેટલા મહાન કર્મનો ઉદય થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે છતાં માણસ ઉદારતા કેળવી શકતો નથી. માણસ સહેજ અમથી ભૂલથી બીજાની સામે અહંકારની આંગળી કરી બેસે છે. તર્જની એટલે તરછોડાયેલી આંગળીથી અહંકાર બતાવે છે. ભગવાનની ઉદારતાની સામે માણસની ઉદારતાની તુલના કરીએ તો ભગવાન એક પણ અપરાધની સજા કરતા નથી અને માણસ એક પણ અપરાધ માફ કરતા નથી.

ગુરુ મહારાજ રાત્રિના સત્સંગ દ્વારા શરણે આવેલા સૌ ભક્તોને જીવનની કેળવણી માટે માર્ગદર્શન આપે છે. આપણે જે ઈષ્ટદેવની ઉપાસના કરીએ છીએ તેના સદગુણો આપણે કેળવવાના છે. જીવનની અંદર ઉદારતા અને સંયમ આવે તેવું વર્તન રાખવાનું છે. ભગવાન આપવા બેઠા છે. જે મનુષ્ય ભગવાનનો થઇને રહે છે તેને ભગવાન આપે જ છે. માણસને પછી એટલો સંયમ, સદાચાર, સાત્વિકતા, સુખ ભગવાન જરૂર આપે છે. આપણે આ બધું ભગવાન પાસે માંગવાની જરૂર રહેતી નથી ભગવાન તો સહજતાથી આપી દે છે.

જય મહારાજ આપણને માંગીને લેવાનું ના પાડે છે. આપણને માગવા અને મળવાનું બંને વચ્ચેનો તફાવત પણ બતાવે છે. બન્નેની વચ્ચે કેટલું મોટું અંતર છે તેનું દ્રષ્ટાંત આપે છે.

કોઇ ભિક્ષુક આપણા આંગણે રોજ ભિક્ષા માટે આવે તો આપણે ભિક્ષા આપીએ છીએ. કોઇ ભીખ માંગ્યા વગર આપણા

ઘરના આંગણેથી પસાર થતા હોય અને આપણે બોલાવીને ભિક્ષા અર્પણ કરીએ આ તફાવત સૌ વિચારી શકે તેમ છે. સૌનો અનુભવેલો છે.

અહીં જય મહારાજનો કહેવાનું તાત્પર્ય એ છે કે માગ્યામાંથી એટલું નહીં મળે પરંતુ જો ગુરુ મહારાજ પોતાની ઇચ્છાથી આપશે તો ઘણું મળશે. પરમ પૂજ્ય ડોંગરેજી મહારાજ પણ કહેતા ઠાકોરજીએ મારી લાયકાત કરતાં મને ઘણું વધારે આપ્યું છે. જય મહારાજ પણ સ્પષ્ટ આદેશ આપે છે ક્યારેય પણ હું ગરીબ છું, લાચાર છું, તેવું કહેશો નહીં અને કોઇની સામે હાથ ફેલાવશો નહીં. ભગવાન પર ભરોસો રાખીને મહેનત કરવાથી ફળ પ્રાપ્તિ થાય છે. હંમેશાં વિચારવાનું કે મારા પ્રારબ્ધમાં જે હતું તેના કરતાં ગુરુ મહારાજે મને વિશેષ આપ્યું છે અને આપી રહ્યા છે.

જય મહારાજ આપણને આટલો બધો સત્સંગ આપે છે. જય મહારાજ આપણને પોતાનો કિંમતી સમય આપી રહ્યા છે. જય મહારાજે આપણને કેટલું આપ્યું તેનો વિચાર આપણે કરવાનો છે. તેમાંથી આપણે શું મેળવ્યું? આપણે ગ્રહણ શું કર્યું? ગુરુ મહારાજ તો આપણને સાચી સમજણ, જય મહારાજની ભક્તિ શ્રદ્ધા આપે છે. સાચી સમજણથી જીવન જીવતાં શીખવાડે છે. જીવનમાં ઉપયોગમાં આવતા તમામ સારા સંસ્કારોનું સિંચન કરી રહ્યા છે.

ગુરુ મહારાજ માનવમાત્રને ટકોર કરતાં કહે છે કે ખીસામાં રહેલા પાકીટમાંથી વપરાય છે તે દેખાય છે. માણસ અનુભવે છે. તેનો વિચાર પણ કરે છે. પરંતુ માણસ જીવનના પાકીટમાંથી કેટલું વપરાયું તેનો વિચાર કયારેય પણ કરતો નથી. ગુરુ મહારાજ આ

રીતના માણસોને અંગુલિનિર્દેશ કરે છે. હજુ પણ મોડું થયું નથી જાગ્યા ત્યાંથી સવાર. જીવનની અંદર જાગૃતતા લાવીને આત્માને ઓળખી લો. સજ્જનતા કેળવી લઇને લોક ઉપયોગી કાર્યો કરો.

માણસ અસંતોષી જીવન જીવે છે. લાંબા આયુષ્ય પછી પણ અધૂરાપણુ અનુભવે છે. માણસ આપેલું ગણે છે. પરંતુ ભગવાન કેટલું આપવાના છે તે ગણતો નથી. જીવનભર માણસ વિચારે છે કે હજુ કંઇ ખૂટે છે. માણસની પાસે જે હોય છે તેના કરતાં વધારેની ઇચ્છા રાખીને માણસ મૃગજળની જેમ તેની પાછળ દોટ મૂક્યા કરે છે. જીવન પુરું થવાની તૈયારી હોવા છતાં કશું હાથમાં આવતું નથી. અંતિમ સમય માણસને પસ્તાવો થાય છે.

જય મહારાજ માણસના જીવનમાં રહેલી આ રીતની વૃત્તિઓને સત્સંગના માધ્યમથી દૂર કરી આપે છે. ગુરુ મહારાજની શ્રીમુખની વાણીથી સત્સંગ દ્વારા શબ્દરૂપી સમજ આપે છે. આપણે ગુરુ મહારાજના કૃપાપાત્ર થઇને સંતોષથી જીવન જીવવાનું છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજ અપેક્ષા રહિત જીવન જીવવાનું શીખવે છે. ગુરુ મહારાજ આપણને સ્પષ્ટ સમજ આપે છે કે અપેક્ષા અને ઉપેક્ષા જ બંને માણસને દુઃખી કરે છે. ઉપેક્ષા એટલે આપણી પાસે જે વસ્તુ છે એ ગમતી નથી માટે આપણે તેને ઉપયોગમાં લેતા નથી. અર્થાત આપણે તે વસ્તુની ઉપેક્ષા કરીએ છીએ. જે વસ્તુ છે તેનું દુઃખ... પરંતુ જે નથી એ ક્યારે મળશે તેની અપેક્ષા માણસ રાખ્યા કરે છે. ગુરુ મહારાજ અપેક્ષા અને ઉપેક્ષાને જીવનમાંથી કાઢી નાખવાનો આદેશ આપે છે. સહજતાથી પ્રાપ્ત થતી વસ્તુઓનો સંતોષ અને શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે શીખવાડે છે. સંતોષ અને શાંતિથી જ માણસ

સુખી થાય છે. જીવનભરના ક્લેશો દૂર થાય છે.

શ્રી સંતરામ સૌરભની અંદર જય મહારાજ જે કાંઇ આપણને આપ્યું છે તેની અંદર સત્સંગ પણ સહજતાથી આપી દીધો છે. જો માણસને સમજાય તો ગુરુ મહારાજના સત્સંગમાં આપણને ઘણું બધું મળે છે. આપણે તો ફકત સમય આપવાનો છે ગુરુ મહારાજ તો તેમના જીવનભરનું એકત્રિત કરેલ આપી રહ્યા છે.

જીવન અને જીવનનું આયુષ્ય કિંમતી છે. આયુષ્યનો સમય અતિ કિંમતી છે. જીવનને સમયની સાથે સાંકળવાનું છે. સમયની સાથે ચાલવાથી જ આપણું જીવન સુવ્યવસ્થિત રીતે જીવી શકાશે. જો આપણે સમયથી પાછા પડીશું તો હારી જવાશે. ભગવાને આપણને નિર્વ્યાજ જીવન આપ્યું છે. આપણે જીવનનો સદુપયોગ કરવાનો છે. પરમ પૂજ્ય મહારાજશ્રી આ રીતની સમજણ આપણને આપીને આપણા જીવનનું ઘડતર કરી આપે છે.

ભગવાને મનુષ્યને કિંમતી જીવન આપીને આ ધરા પર મોકલ્યા છે. મનુષ્ય શરીર આયુષ્ય પૂરું થતાં પાછા જઈશું ત્યારે આપણે ભગવાનને શું જવાબ આપીશું તેનો વિચાર આપણે કોઈ દિવસ કર્યો છે ખરો? સારામાં સારી રીતે સમયનો ઉપયોગ કરીશું તો જીવન જીવી જાણ્યા એમ કહેવાય. જીવનના છેલ્લા શ્વાસે જીવન જીવ્યાનો સંતોષ થવો જોઈએ. તે સમયે જીવનનું સરવૈયું નીકળી જાય છે. જો માણસ સારામાં સારી રીતે જીવન જીવ્યો હશે તો અંત સમયે પ્રસન્નતા હશે. છેલ્લો શ્વાસ નિરાંતનો હશે. અંતિમ ઘડીએ આંખ સામે આખું જીવન આવે છે. અંતરઆત્મા બોલી ઊઠે છે. પરમાર્થ કર્યો છે? કોઇની આંતરડી ઠારી છે? સાત્વિકતા કેળવી છે? જીવનનો સદઉપયોગ કર્યો છે? જીવનને સંતોષ થાય

તેવું કોઇ સતત કાર્ય કર્યું ખરું? આખરે જીવન વ્યર્થ ગુમાવ્યું તેવું અનુભવાય છે. આ પ્રકારના અનેક પ્રશ્નો દ્વારા માણસનું અંતિમ સમયનું મન વ્યથીત થાય છે.

માણસ આખું જીવન જીવે છે જીવનના અંતે છેલ્લા શ્વાસે જીવન જીવ્યાનો સંતોષ થાય છે કે કેમ તેનો વિચાર કરવાનો ગુરુ મહારાજ શીખવે છે. જીવનનું સરવૈયું જીવનના અંતિમ સમયમાં જ નીકળી જાય છે. જો માણસ સારામાં સારી રીતે જીવન જીવી ગયો હશે તો તેના અંત સમયે બિલકુલ પ્રસન્નતા હશે. જીવનનો છેલ્લો શ્વાસ નિરાંતનો હશે. અંતિમ ઘડીએ માણસની આંખ સામે તેણે જીવેલુ આખું જીવન આવે છે. અંતર આત્મા બોલી ઊઠે છે. ગુરુ મહારાજ માણસના જીવનમાં આવતી તમામ અવસ્થામાં કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન આપે છે.

માનવ તન અને આટલું મોટું આયુષ્ય તે જ માનવ જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. જીવન અને માનવ જન્મ ભગવાને સહજતાથી આપી દીધો છે. જો માણસની અંદર આ રીતની સમજણ આવી જાય તો સમજી લેવું કે તેના ઉપર ભગવાનની ગુરુ મહારાજની સહજ કૃપા થઇ ગઇ છે. ગુરુ મહારાજ તો અનેક દ્રષ્ટાંતો દ્વારા આ રીતની સમજ આપણને આપી રહ્યા છે. સાધકે, ભક્તે, સેવકે પાત્રતા કેળવીને ગ્રહણ કરવાનું છે. આપણે જય મહારાજના કૃપાપાત્ર હોઇએ તો જ સાચી સમજણ અને સંયમ પ્રાપ્ત થાય.

સમજણની પરિપકવતા હશે તો જીવન જીવવાનો આનંદ આવશે. પરિપકતવા દ્વારા જીવન સક્ષમ બનશે. શક્તિશાળી જીવનથી કેળવેલી સમજણ માણસને ડગલે અને પગલે કામ લાગશે. જય મહારાજ આપણને પહેલેથી જ સમજણ કેળવી

લેવાનો આદેશ આપે છે. આપણે જય મહારાજના કૃપાપાત્ર બનવાનું છે અને સાચી સમજણ ને પ્રાપ્ત કરી લેવાની છે. જય મહારાજ આપણને પોતાના શ્રીમુખની વાણીના સત્સંગમાંથી આટલું બધું કિંમતીમાં કિંમતી આપતા હોય તો આપણે ગ્રહણ કરવાની ક્ષમતા કેળવવાની છે. માણસ વધુમાં વધુ કેટલું ગ્રહણ કરી શકશે?

કોઇ પાત્રમાં કશું પણ ભરતા ભરાઇ જાય પછી શું? શું આપણે તે પાત્રની અંદર વધુ ભરી શકીએ છીએ ખરા? એમ જય મહારાજ પાસે તો અઢળક ભરેલું છે. આપણી ક્ષમતા પ્રમાણે આપણે લેવાનું છે. સમજણમાં પણ આ મુજબ છે. ‘‘સમજણથી સમજણ છે અળગી... સમજણમાંથી સમજણ પ્રગટી... આ સમજણ શું છે.’’ તેના વિશે ગુરુ મહારાજ કહે છે કે સમજણ એટલે જ ‘‘માણસના વ્યક્તિત્વની કિંમત.’’ સમજણથી સમસ્યાઓના ઉકેલ સાહજિક બને છે.

પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજની સ્તુતિ કરતાં કહે છે આપતો શરણાગતના ક્લેશ હરતા છો. સાધક ભક્તે ગુરુ મહારાજના શરણે જવાનું છે. નિત્ય વંદન કરનારને ‘‘પરમ અવધૂત સ્વયં દત્તાત્રેય ત્રિદેવ સ્વરૂપ જય મહારાજ ઘણું બધું વણ માંગે આપી દે છે.’’ શરણે આવેલાને અનેક પાપમાંથી મુક્ત કરે છે. ‘‘શરણે આવેલાને પાળો છે... સદાય શિર પર રાખો છો...’’ અધિકારી હોય તેજ સાધક, ભક્ત સેવક ગુરુ મહારાજ જે આપે છે તેને લઇ શકે છે. પચાવી જાણે છે. ગુરુ મહારાજ નરક જેવી વૃત્તિઓને દૂર કરી આપે છે. દરેક મનુષ્ય જય મહારાજ જે આપે છે તેને પચાવી શકતો નથી. જીરવી શકતો નથી. ગુરુ મહારાજના શરણ માત્ર, સાંનિધ્યથી મનના મેલ દૂર

થાય, ગુરુ મહારાજ આપણને દુર્ગતિ થી છોડાવે છે. કેટલો મોટો ગુરુ મહારાજનો આપણા માટે અનુગ્રહ. સદગુરુજી આપણી પર કૃપા કરીને આત્માનું અનુસંધાન કરાવી આપે છે. ઉપેક્ષા કરનાર માણસોને આત્માની અનુભૂતિ કરવાનો માર્ગ બતાવે છે. સંયમ, સદાચાર, સાત્વિકતા જેવા સદ્‌ગુણો સેવક, સાધક, શિષ્યએ કેળવીને ગુરુમહારાજના સત્સંગના ઉપદેશને અનુસરવાનું છે. ગુરુજી આદિ અને અંત માત્ર એક જ ''આત્મા''નું આત્માનુસંધાન રાખવાનો આદેશ આપે છે. નિત્ય સેવન કરનારને ગુરુ મહારાજ અઢળક આપી દે છે. ગુરુ મહારાજ પોતાના શિષ્યોને સેવકોને પોતાના શરણે લઇને તેમના કલ્યાણ થાય તેવું આપે છે. જીવનભરની નિરાંત આપે છે. એમ જ કહેવાય કે માણસને કશું કરવાનું રહેતુ નથી. ગુરુ મહારાજ આપોઆપ સહજતાથી પાર પાડે છે.

નિત્ય સ્મરણ કરનારનું કલ્યાણ કરનાર યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ સૌના માટે છે. જેમણે આપણને સૌને એક જ વસ્તુ આપી દીધી. ''શિષ્યાન્સંબોધયંતં સંબોધયતમ....'' શેના માટે? નરક ભય હરં''... અર્થાત શિષ્યનું નરક જેવું જીવન દૂર થાય, મૃત્યુ બાદ નરકની વાત નથી. જીવતે જીવતાં નરક જેવું જીવન જીવવાનું દૂર કરતાં શીખવી રહ્યા છે.

ગુરુ મહારાજ આ ધરા પર અવધૂત સ્વરૂપે જગત કલ્યાણ અર્થે જ પધાર્યા છે. આપણને માનવ દેહ મળ્યો છે તો આપણે સદ્‌ઉપયોગ દ્વારા ભગવદ્ પ્રાપ્તિ કરીને સદગુરુને પ્રાપ્ત કરી લેવાના છે. ગુરૂ મહારાજ આપણને પાર ઉતારી દે છે. જય મહારાજના સાંનિધ્યથી આપણને આટલું બધું પ્રાપ્ત થાય છે. જીવનની અંદર આનાથી વિશેષ કશું પ્રાપ્ત કરવાનું હોઇ શકે

નહીં.

ગુરુ મહારાજના સત્સંગ સાંનિધ્યથી સાહજિકતા પ્રાપ્ત થાય છે. માણસે જિજ્ઞાસાથી મેળવી લેવાનું છે. ગુરુ મહરાજ તો વિશેષમા વિશેષ આપવા બેઠા છે. રાત્રિના સત્સંગના માધ્યમથી ગુરુ મહારાજ આપણને ''તત્વ મસ્યાદિ.... અન્ન આદિ પંચકોશ''ની સમજણ આપે છે. જોગમણીને પ્રાપ્ત કરવા માટે આદેશ કરે છે અનુસંધાન માટેનો માર્ગ પણ બતાવે છે. અનુસંધાન માટે જરૂરી તેવા તમામ પગથિયાં કેવી રીતે ચઢવા તેનું માર્ગદર્શન પણ આપે છે.

પ્રજ્ઞાનંબ્રહ્મનું જ્ઞાન સત્સંગ દ્વારા આપે છે. પરિપકવતા શીખવાડે છે જીવનની સાચી દિશા બતાવે છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજ આપણને પ્રજ્ઞાને સ્થિર કરીને પોતાને બ્રાહ્મીભાવથી જોતા પણ શીખવાડે છે. સમજણપૂર્વક દ્રષ્ટિ કરી લઇને આત્માની અનુભૂતિ કરતા પણ શીખવે છે. આથી વિશેષ ગુરુ મહારાજ આપણને દસ દિશામાંથી બહાર નીકળી જઇને અગિયારમી દિશા એટલે કે અંતર્મુખતામાં ઉતરી જવાનું પણ માર્ગદર્શન આપે છે. તે માટેના જરૂરી પગથિયાં પણ કેવી રીતે ચડવા તેનો માર્ગ બતાવે છે. અગિયારમી દિશા એટલે કે અંતર્મુખતાની અંદર ઊતરી જવાનું સુરત... એકાગ્રતા એટલે જ પ્રજ્ઞા. મન બુદ્ધિથી સ્થિર થઇએ તેને જ પ્રજ્ઞા કહેવાય. આ સ્થિર થયેલી બુદ્ધિને જ બ્રહ્મ કહેવાય.સ્થિર થયા વગરની બુદ્ધિ એટલે ભ્રમ.

ચિત્ત અને ચિદ્ બંનેની વચ્ચેનું અંતર ગુરુ મહારાજ સ્પષ્ટ કરે છે. ચિત્ત એટલે મન અને ચિદ્ એટલે આત્મા ગુરુ મહારાજ સત્સંગ દ્વારા સત્ ચિત્ આનંદ સ્વરૂપ સહજતા આપે છે. ગુરુ મહારાજ સાધકને, સેવકને પોતાનું સાચું સ્વરૂપ એટલે કે

આત્માનો આનંદ આપવા માટે ઇચ્છા રાખે છે. સત્સંગની વાણી દ્વારા બોધ આપે છે. સમજ આપે છે કે આપણે માત્ર શરીર નથી. સુખદુઃખ આપણાં નથી. આ જગત, માયા, ભ્રમ, ભ્રાંતિ પણ આપણું નથી. ફકત અને ફકત આત્મા જ આપણે છીએ. આ શરીરનો સમય પૂરો થતાં આ યાત્રા પૂરી થતા બધાને જવાનું છે. માનવ જીવનની અતિ ઉપયોગી સાચી સમજણ પોતાના શ્રીમુખેથી ગુરુ મહારાજ સત્સંગ દ્વારા આપે છે. શરીર ભૌતિક છે. આત્મચેતના શાશ્વત છે. ગુરુ મહારાજ સત્સંગના માધ્યમથી શાશ્વતતાને ઓળખતાં શીખવાડે છે.

ધર્મ વિજ્ઞાન કરતા આગળ છે. ધર્મનું ક્ષેત્ર અધ્યાત્મ છે. સૂક્ષ્મ છે. ચૈતન્ય છે. સૂક્ષ્મમાંથી સૂક્ષ્મનું સંશોધન થાય છે. વિજ્ઞાનના ક્ષેત્રે જડતાના કારણે સંશોધન કરી શકાય છે પરંતુ અધ્યાત્મના ક્ષેત્રે પ્રાપ્ત થતી સૂક્ષ્મતાવાળી વસ્તુનું સંશોધન કરી શકાતું નથી. વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે તો પણ રક્ત બનાવી શકતું નથી. ધર્મના ક્ષેત્રે સૂક્ષ્મને સમજવા માટે જ્ઞાનની આવશ્યકતા રહે છે. જ્ઞાન દ્વારા જ અંતઃકરણમાં રહેલા આત્માને ઓળખી શકાય છે. આત્માની અનુભૂતિ દ્વારા જીવનની શાશ્વતતાને જાણવાની છે. સત્સંગ દ્વારા જય મહારાજના સાંનિધ્યમાં આ રીતની સાચી સમજણ પ્રાપ્ત થાય છે તેનું નામ જ ઉપલબ્ધિ છે. જય મહારાજ સદૈવ પ્રસાદ સ્વરૂપે આપવાવાળા છે. કલ્યાણકારી જય મહરાજ સદૈવ પ્રસાદી સ્વરૂપે કૃપામૃત વરસાવતા હોય છે. કૃપામૃત વરસાવતા જય મહારાજ માટે ગાયું કે.... આપ સાક્ષાત્ સદ્ચિત સ્વરૂપનો આનંદ માણવાવાળા છો. આપ સ્વયં સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છો. આનંદના સહજ ભાવ આત્મસ્વરૂપની ચેતનાની સાહજિકતા સદગુરુ મહારાજ જાગ્રત કરાવી આપે છે.

સાધક સેવકની સહજ ભાવથી પ્રસાદી સ્વરૂપે પ્રાપ્ત થતો આનંદ ક્લેશ રહિત બનાવે છે.

સત્સંગ દ્વારા ગુરુ મહારાજ આપણને આત્માના આનંદનો અનુભવ સત્ચિત સ્વરૂપે કરાવી આપે છે. ગુરુ મહારાજના આપણા માટેના સતત પ્રયત્નથી આપણા જીવનમાં ક્લેશ સહેજ માત્ર સ્પર્શી શકતા નથી. શરીર ભાવથી ઉપર ઉઠીને સમજણ કેળવવી પડે કે શરીરની પીડા શરીર ભોગવે છે. હું તો માત્ર સાક્ષી સ્વરૂપે છુ. ગુરુ મહારાજ શરણાર્થીઓને સત્સંગ દ્વારા જીવનની આ અવસ્થા પ્રાપ્ત કરાવી આપે છે.

પરમ પૂજ્ય નારાયણદાસજી મહારાજને છ વર્ષ ડાયાલિસિસ કરવા છતાં પણ બિલકુલ પ્રસન્નતાથી નિજ મંદિરની સેવા અને ભક્તોના દુઃખ દૂર કરવા પર રહ્યા. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિની પીડા શરીરની પીડાથી છે.

જય મહારાજ જ્યારે અવધૂત સ્વરૂપે વિચરણ કરતા હતા તે સમયની વાત છે. જય મહારાજ એક મકાનની બહાર ઉભા હતા અને તેના માલિકને પૂછે છે કે આ ધર્મશાળા કોની છે? માલિક પ્રત્યુત્તર આપતા કહેછે આ મારું ઘર છે. વધુમાં ગુરુ મહારાજે પરિવારનું પૂછયું. માણસ કહે બા... બાપુજીનો સ્વર્ગવાસ થઇ ગયો. જય મહારાજે સમજણ આપી કે આવીને જતું રહેવાવાળો ધર્મશાળા જ કહેવાય ને!!! માણસને સમજણ કેળવાઇ, જ્ઞાન થયું કે આ કોઇ સિદ્ધ મહાપુરુષ લાગે છે. આ રીતની સમજણ સિદ્ધ મહાપુરુષ જ આપી શકે.

જય મહારાજ શ્રીમુખની વાણીથી સત્સંગ દ્વારા સમજાવે છે કે શરીર પણ ધર્મશાળા જ છે. આપણે સૌ લાઇનમાં ઊભા છીએ. આપણે સૌએ આવીને જતું રહેવાનું છે. શરીરને ગમે

તેટલા કષ્ટ આવે પરંતુ ચિત્ત સ્વસ્થ રાખવાનું. હું શરીર નથી બધા ક્લેશોથી ઉપર ઊઠી જઇને હું આત્મા છું આ રીતની પ્રતિતિ થયેલી હશે તો જીવનમાં આવતા કોઇ દુઃખ ઉપાધિ આપણને સ્પર્શતા નથી.

આપણે અતિ ભાગ્યશાળી છીએ કે આપણને જય મહારાજનું સાંનિધ્ય પ્રાપ્ત થયું છે. જય મહારાજનો આશ્રય મળ્યો છે. સિદ્ધ મહાપુરુષોનું સાંનિધ્ય મળ્યું હોય તો આપણે તેમના શરણની થોડી પ્રસાદી મેળવી લેવાની છે. ગુરુ મહારાજશ્રી તો વ્યાપક સ્વરૂપે અગાધ છે. સાધકે અગમ્ય અને અગાધ જય મહારાજના સ્વરૂપને ઓળખી લેવાનો છે. ગુરુ મહારાજના અગમ્ય અગાધ સ્વરૂપને અગાધતાની અંદર આત્મા સ્વરૂપે શોધવાની છે. સાધક જ્યારે આટલા ઊંડાણ સુધી પહોંચે છે ત્યારે બધું વિસ્મૃત થઇ જાય છે. જય મહારાજની આકાશ જેવી વિશાળતા અને અગાધતા જ કહેવાય. જેમ આકાશનો છેડો મળતો નથી તેમ જય મહારાજ વ્યાપક છે. ગુરુ મહારાજની રોજ બરોજની થતી સેવાનું માપ કાઢવું મુશ્કેલ જ છે. આપણે અગમ્ય અગાધ જય મહારાજના સ્વરૂપને ઓળખી લેવાનું છે. સાધક સેવકે ગુરુ મહારાજના સ્વરૂપને અગાધતતાની અંદર આત્મસ્વરૂપે શોધવાની છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજ આપણને આટલી ઊંચાઇ સુધી જતા શીખવાડે છે આ અવસ્થાએ પહોંચ્યા પછી સાધક સેવકને બધું વિસ્મૃત થઇ જાય છે.

ગુરુ મહારાજ નિર્વિકલ્પ ધ્યાન શીખવાડે છે. નિર્વિકલ્પ ધ્યાન એટલે માત્ર પોતાના નિજ સ્વરૂપની અનુભૂતિ. સાધક, સેવક આ અવસ્થા પર પહોંચે છે ત્યારે તેને માળા, મંત્ર, શબ્દ, ક્રિયા બધું જ બંધ થઇ જાય છે. ગુરુ મહારાજે પોતાના અનુભવથી

''સરત નરતને પાર રહેવાનું બતાવ્યુ છે. ચંદ્ર સૂરજ તો નવ પઈએ... જેને ગુરુગમ હોય તેને કહીએ.'' માત્ર આત્મસ્થ અવસ્થા. આત્મસ્થ અવસ્થાની અંદર ક્રિયા અને અનુસંધાન બંને છૂટી જાય છે. માત્ર સ્વરૂપનું નિરાધાર.... એકાગ્રતા... શરીર સાથેનું અનુસંધાન પણ છૂટી જાય છે. સ્થિરતા.... કશું સ્પર્શતું નથી.

સિધ્ધિ મહાપુરુષો વર્ષો સુધી સમાધિમાં બેસી જાય છે. મહીસાગરના કિનારે રણજીત નગર ગામ છે. જય મહારાજ વિચરણ કરતા કરતા ત્યાં પહોંચે છે. ખેતરમાં ખેડૂતને સમજાવીને ૧૮ દિવસ સુધી ધ્યાનમાં બેસી જાય છે. શરીરથી દેહાતીત... ઓમકાર અને તેની અંદરનું રહસ્ય... માત્રાત્મક ચેતનાની અંદર જ અંતર્મુખતાની સ્થિરતાથી ધ્યાન કરવું તેને સત ચિત આનંદ કહેવાય. નિજાનંદનો આનંદ કહેવાય.

વરસાદનું એક ટીપુ નેવા નીકો થઇને તળાવ નદીમાં જઇને સાગરમાં ભળે છે આ દૃષ્ટાંત દ્વારા ગુરુ મહારાજ આત્મચેતનાની સમજણ આપે છે. હાથમાં છે ત્યાં પણ આખરે સ્વરૂપ સ્થિતિમાં ઉતરીને પોતાના વ્યાપક અવસ્થામાં ભળી જાય છે. તેનું નામ છે નિર્વિકલ્પ સમાધિ. ભૌતિક સ્પર્શથી ઉપર ઉઠીએ તેને સમાધિ કહેવાય છે. મહારાજશ્રી સ્પષ્ટ કહે છે કે આ પરમ ચૈતન્ય દરેક માણસની અંદર રહેલું છે. આ પરબ્રહ્મને આધિન આદિ બ્રહ્મ નારાયણ કહેવાય. પરમ તત્વને સૌ વંદન કરી રહ્યા છે.

જય મહારાજે જે સમાધિભાવમાં  અનુભવ્યું તેને વ્યાપક રૂપે પરબ્રહ્મને પામી લીધું તે ચૈતન્ય સૌની અંદર છે. ચૈતન્ય સ્વરૂપ દરેક મનુષ્યની અંદર હોવા છતાં સદ્દગુરુ દ્વારા જ ઉપલબ્ધ થાય છે. ગુરુ મહારાજ સત્સંગ દ્વારા અનુભૂતિ કરાવી આપે છે. સાધક

સેવકે ઉપાસના અનુસંધાન કરવું પડે. સાધન ભજનના અભ્યાસ દ્વારા જ ચૈતન્યને ઓળખી શકાય છે. પરમ ચૈતન્ય આપણા સૌની અંદર રહેલું છે. તે સ્વયં જય મહારાજ છે. પોતાની પાસે હોવા છતાં માણસ મંદિર અને તીર્થોમાં શોધતો હોય છે. ''હતો દિલમાં તું બેઠો, ન હતી તેની મને ખબર... તને મેં ગીરી અને ગહ્વરે શોધ્યો... પહાડ પથ્થરે શોધ્યો... હતો દિલમાં તું બેઠો, ન હતી તેની મને ખબર'' ચૈતન્યમ્‌શિષ્યમધ્યે. જય મહારાજ આપણી બુદ્ધિના સાક્ષી સ્વરૂપે છે. જીવની સદ્‌ગતિ દુર્ગતિનું કારણ પોતાના જીવનમાં રહેલી લક્ષહિન અવસ્થા છે. જય મહારાજનું શરણું અને સાંનિધ્ય આપણને સદ્‌ગતિની વૃદ્ધિ માટે ચૈતન્યના સ્વરૂપ સાથે અનુભૂતિ કરાવી આપે છે.

પરમ કૃપાળુ પરમાત્માએ સાધકને માગ્યા વગર ઉદારતાથી હિતકારી હોય તે આપે છે. સાધક સેવકના જીવનની આ અત્યંત કિંમતી ઉપલબ્ધિ છે. અતિ કિંમતી તેવું જય મહારાજ સહજ સરળતામાં આપી દે છે. ગુરુ મહારાજ આખી જીંદગીભરની તપસ્યાથી એકઠું કરેલું એક ભિક્ષાના બદલામાં આપી દેતા હોય છે. આશીર્વાદના રૂપે અતિ કિંમતી સંપત્તિ ધન આપે છે. માણસને અનુભવાતું નથી છતાં અતિ ઉપયોગી સંયમ, સદાચાર, સાત્વિકતા આપે છે. આપણું કલ્યાણ કરે છે, સંતોષ થાય તેવા આશીર્વાદ આપે છે. તેમની ઈચ્છા પૂર્ણ કરે છે. ગુરુ મહારાજના આપેલ આશીર્વાદથી આત્મબળ વધે છે. આત્મવિશ્વાસના બળથી કાર્યમાં સફળતા મળે છે. સત્સંગી માણસને પ્રાપ્ત થતી ઉપલબ્ધિ આશીર્વાદરૂપ આત્મબળ પ્રાપ્ત કરી આપે છે. જય મહારાજ ઘણું બધું આપે છે. ગુરુ મહારાજ નિસ્વાર્થ ભાવે આપ્યા કરે છે. સાધક સેવકે પોતાની ક્ષમતા પ્રમાણે તેમાંથી ગ્રહણ કરવાનું છે. કોથળો

ભરેલી ખાંડમાં હોય તેમાંથી કીડી એક દાણો લઇને ખુશ થાય છે તેનું પેટ ભરાઈ જાય છે. સાધક આ રીતે એક દાણા જેટલું ગુરુ મહારાજ પાસેથી લેશે તો તેના જીવન માટે પૂરતું બની જશે.

સદગુરુ મહારાજ જ્ઞાનના સાગર છે. અપાર છે. તેમાંથી આપણે કેટલું લઈ શકીશું! ગુરુ મહારાજ તો ઉદારતાથી લુંટાવા બેઠા છે. વિના સંકોચે આપી રહ્યા છે.

જય મહારાજ અવધૂત પરિવ્રાજક જંગમ તીર્થ હોવા છતાં આપણા કલ્યાણ માટે નડિયાદમાં સ્થિત થયા છે. ભગવાન શિવની સન્મુખ આવેલ છાંગેશ્વર મહાદેવની સમક્ષ સાધક ભક્તોને ઠંડક આપી રહ્યા છે.

શ્રી સંતરામ મહારાજને નડિયાદમાં આસન જમાવ્યા બાદ પંચોતેરિયા વડેથી વિદાય લે છે તે સમયે પૂજાભાઈએ જય મહારાજને રોકી રાખ્યા છે પાછા બાલાવે છે ત્યારે આપણે આ દર્શનનો લાભ લઇ શકીએ છીએ. સહજ ભાવથી મળેલી વસ્તુનો આનંદ અનોખો હોય છે. આપણને જય મહારાજ મળી ગયા તે પણ આલ્હાદક અસ્મિતા છે.

સત્સંગ દ્વારા મહારાજ એક પ્રસંગ બતાવી રહ્યા છે.

એક સમારંભની અંદર પરમ પૂજ્ય શ્રી રામદાસજી મહારાજને આમંત્રિત કરે છે. તે જ સમારંભની અંદર ગુરુ મહારાજના પ્રોફેસર પણ હોય છે. પ્રવચન શરૂ થતાની સાથે સૌ પ્રથમ પ્રોફેસર ગુરુ મહારાજ માટે સંબોધન કરે છે કે મહારાજ આપ વંદનીય છો જ્યારે આપ વિદ્યાર્થી તરીકે મને મળ્યા હતા તે અકસ્માત હતો અને આજે જે અનુભવી રહ્યો છું કે જોઈ રહ્યો છું તે વાસ્તવિકતા છે જે જીવનની સાહજિક સ્થિતિ છે. પ્રોફેસર પણ

પોતાના ઊંચા ચિંતનના દર્શન કરાવી રહ્યા છે. આ રીતના વિચારો તો જ શક્ય બને છે. સંતરામ મહારાજની પણ સાહજિક પ્રાપ્તિ છે. ગુરુ મહારાજ મળ્યાનો અલૌકિક આનંદ થાય છે.

પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજ વરાડ ગામની પાદરે ભજન કરતા... જય મહારાજ વિચરણ કરતાં કરતાં ત્યાં પહોંચે છે અને મારલીનો નાદ સંભળાવે છે અને જ્યારે લક્ષ્મણદાસજી મહારાજને મોરલીનો નાદ સંભળાતો બંધ થયો ત્યારબાદ પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજની અવધૂતને શોધવાની શોધયાત્રા શરૂ થાય છે. સંતરામ મહારાજ પોતાના સ્વજનોને શોધવા નીકળ્યા છે. આ વાતથી સ્પટ થાય છે કે આપણા જય મહારાજ કેટલા સહજ અને ઉદાર છે.

ગુરુજી જ્યારે શિષ્યની શોધમાં સામે ચાલીને નીકળે છે ત્યારે આ વાતને આંખની સમક્ષ વિચારીએ તો ગુરુ મહારાજ શિષ્યને શોધતા-શોધતા ભજનની અંદર પહોંચે છે.

નગર બહાર દક્ષિણ દિશાએ મુકામ કરી લીધો. અઢીસો વર્ષ પહેલાં જય મહારાજ આવે છે એ સમયે પીપલગ બ્રાહ્મણોનું હતું. ગુરુ મહારાજ ત્યાં થઈને પ્રવેશે છે.... ગોપાલજી પંડ્યાએ પણ ગુરુ મહારાજની ખુબ સેવા કરી.. ઉમરેઠના નારાયણજી વ્યાસ પણ ખૂબ સેવા કરતા... જીબા, મોટી, દુધી, રાજી, જીજી ભગત, પુજાભાઈ, જેઠાભગત, જેવા અનેક ભક્તો જ્યારે શ્રી સંતરામ મહારાજ રાયણની બખોલમાં રહેતા ત્યારે સેવા કરતા. જય મહારાજ રાયણની બખોલમાં રહેતા હતા તે સમયે જીબા અને જીજી ભગતે મહારાજને ખુબ સાચવ્યા છે. તે સમયે તેઓ જય મહારાજની પાસે દરરોજ આવતાં સેવા સત્સંગ દર્શન. અતૂટ શ્રધ્ધા ભક્તિ અને નિષ્ઠાથી ભક્તો ગુરુ મહારાજની સેવા કરતા.

અધિકારી શિષ્ય, સેવક તેને પ્રાપ્ત કરી શકે છે. ગુરુ મહારાજની ઉદારતા અવર્ણનીય અગણિત છે. જય મહારાજની પાસે જે જ્ઞાન છે તે અકિંચનતાથી નિસ્વાર્થ ભાવે કોઇપણ જાતની આકાંક્ષા સિવાય આપી દે છે. જય મહારાજ પરમ ઉદાર છે. પરમ પૂજ્ય રામદાસજી મહારાજ તેનું સાક્ષાંત ઉદારહણ છે.

શ્રી સંતરામ સૌરભની અંદર લક્ષ્મણદાસજી મહારાજે પોતાના ગુરુ મહારાજની એટલે કે શ્રી સંતરામ મહારાજની કરેલ સ્તુતિ છે. સ્તુતિ નિત્યનિયમ કરવા માટે છે. જે જન બ્રહ્મમુહૂર્તમાં નિત્યનિયમ કરે છે તેને કઇ વસ્તુ પ્રાપ્ત થાય છે તે મહાત્મ અહીં પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજે બતાવ્યું છે. પોતાના શ્રીમુખેથી સ્તુતિ પણ કરે છે. અવધૂતને ભગવાન દત્તાત્રેય માન્યા છે. જય મહારાજને સાક્ષાત પરંબ્રહ્મ જાણ્યા છે. પુરણ બ્રહમચરાચર વ્યાપક જય મહારાજનું પરમ બ્રહ્મસ્વરૂપ આપણને આપી રહ્યા છે.

શ્રી સંતરામ મહારાજે પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજને પૂર્વજન્મની કથા કહી સંભળાવી અને આ ધરા પર સાક્ષાત મિલન પણ થયુ છે. પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજશ્રી સંતરામ મહારાજને સંબોધન કરતાં કહે છે કે ભગવાન સ્વયં સાક્ષાત દત્તાત્રેય છે. અધિકારી નિત્યનિયમથી સ્તવન કરે છે તેને અનુભવાય છે. જય મહારાજ શાંત સ્વરૂપ છે. જે સાધક જય મહારાજને ઉપાસે છે તેને શાંતિની અનુભૂતિ પ્રાપ્ત થાય ગુરુ મહારાજની ઉપાસનાની ફળશ્રુતિ શું છે તેને સમજવાની છે. નિત્ય સ્મરણ કરનારને પ્રાપ્ત થતી અનુભૂતિનાં દર્શન પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજ બતાવે છે. જીવનની સાહજિકતા છે. જીવમાત્રને અપેક્ષા હોય છે. અધ્યાત્મ ઔષધ સમાન છે.

અધ્યાત્મ માણસને સુરક્ષિત બનાવે છે. ધાર્મિક બાબતમાં પણ માણસને અપેક્ષા હોય છે. દરેક માણસને પોતાની ક્ષમતા પ્રમાણે સમજણ પ્રમાણે અપેક્ષા રહેવાની. દરેક પ્રવૃત્તિ અપેક્ષા સહિત છે. કોઇ માણસને વ્યવહારિક જીવનની અપેક્ષા હોય તો કોઇ સાધક સેવક ભક્તને સત્સંગ દર્શન અધ્યાત્મની અપેક્ષા હોય છે. આથી વિશેષ ગુરુ મહારાજ બતાવે છે કે જ્ઞાન, આત્મદર્શન, અંતર્મુખતા જેવી અપેક્ષાઓ પણ હોય છે. પરમ પૂજ્ય લક્ષ્મણદાસ મહારાજ દરેક પદની ફલશ્રુતિમાં પણ દર્શાવે છે કે અધ્યાત્મથી શું પ્રાપ્ત થાય છે. સત્સંગમાંથી પણ જ્ઞાન જીવનનું માર્ગદર્શન જીવન જીવવાની સાચી દિશા, શાંતિ, સમજણનો ખોરાક મળે છે. જેમાંથી આધ્યાત્મિક પોષણ થાય છે. આ રીતે અપેક્ષાના પણ અલગ અલગ પ્રકાર હોય છે.

તમસની અંદર જે અપેક્ષા હોય છે તેનાથી તામસી વૃત્તિ એટલે કે ભૂત ભુવા પ્રાપ્ત થાય છે તામસી, રાજવી, સાત્વિક આમ ત્રણ પ્રકારની અપેક્ષા હોય છે. સાત્વિકતાની અંદર માત્ર ધ્યાન અંતર્મુખતા. સમાધિ... અપેક્ષા તો ખરી. શાસ્ત્રગ્રથામાંના આખરે પણ ફલશ્રુતિ રૂપે પ્રલોભનો આપે છે. માણસનો સ્વભાવ છે કે મંદિર જઇશું તો મને શું મળશે? વિચારે છે. જીવનનો આખો વ્યવહાર જીવજંતુ સહિત તમામ જીવની અપેક્ષા હોય છે માટે દોડે છે.

શ્રી લક્ષ્મણદાસજી મહારાજ પણ સ્તુતિ કરતાં કહે છે યત્સંગાન્નષ્ટપાપઃ... ગુરુ મહારાજના શરણે જવાથી પાપબુદ્ધિ દૂર થાય છે. ગુરુ મહારાજના સાંનિધ્યમાંથી મન સાફ રહે છે. સાત્વિક અપેક્ષા છે. સાત્વિક અપેક્ષા પ્રાપ્ત કરવાની ક્રિયા સંતોષની છે. ભગવાન પાસેથી પ્રાપ્ત થતાંની સાથે જ માણસનુ

મન નાના બાળકની જેમ આનંદ કિલ્લોલ કરતું થઇ જાય છે. ભક્તિ મળ્યાનો આનંદ થાય છે. પ્રભુની કૃપા મેળવવી તે પણ એક અપેક્ષા જ છે. જીવમાત્ર નિરપેક્ષ હોઇ શકે નહીં.

જય મહારાજ રાત્રિના સત્સંગ દ્વારા શ્રી મુખની વાણીથી આત્મસંતોષથી જીવન જીવવાનું શીખવે છે. સાધક સેવકે ગુરુ મહારાજના સત્સંગની વાણીને અનુસરવાનું છે. સાધક સેવક ભક્તને જ્યારે સમજાય છે ત્યારે તેના જીવનમાં શાંતિ, સંયમ સદાચાર આવે છે. ગુરુ મહારાજ જીવનનું નિયમન શીખવે છે. ભક્તિના માર્ગ પર આગળ વધીને પ્રસન્નતા મેળવી લેવાનો માર્ગ પણ ગુરુ મહારાજ બતાવે છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજ જીવનમાં રહેલી આસક્તિઓને દૂર કરીને જીવન કેમ જીવવું તે પગથિયાં બતાવે છે. સત્સંગના ફળ સ્વરૂપે ગુરુ મહારાજ અનેક ઘણું માર્ગદર્શન આપે છે. ધર્મનું શરણ લેવાથી શાંતિ મેળવી શકાય છે. તુલસીદાસજી પણ ધર્મની લાલચ બતાવે છે. ''જીમી પ્રતિલાભ લોભ અધિકાઇ'' લોભ વધતો જાય છે. પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજને (જય મહારાજશ્રી) પાસે આ રીતની અપેક્ષા કરતા જય મહારાજની સમીપમાં આવ્યા છે. નિત્ય સ્મરણ કરતા અધ્યાત્મના ક્ષેત્રમાં મળતી પ્રલોભન ફળશ્રુતિથી વધુને વધુ આગળ વધવાની ઇચ્છા જાગ્રત થાય છે. શ્રી રામદાસજી મહારાજ રાત્રિના સત્સંગમાં આ સમજણની પ્રસાદી પીરસી રહ્યા છે. અધિકારી શિષ્ય સેવક આ ફલશ્રુતિ મેળવી શકે છે. સેવકની આસ્થા વધતી જાય છે. નિત્ય સ્તુતિ કરવાથી દત્તાત્રેય સ્વરૂપ જય મહારાજના દર્શન અચુક થાય છે. નવ યોગેશ્વર, નવનાથ પણ દત્તોત્રય સ્વરૂપને વંદન કરે છે. જય મહારાજ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ સ્વરૂપ સ્વયં છે. દત્તાત્રેયની ઉપાસના આરાધના કરતા જઇએ જય

મહારાજનો સદ્‌ભાવો સાધકની અંદર આવે છે. જય મહારાજનું અનુસંધાન તો જય મહારાજની અંદર રહેલા સદ્‌ગુણો સાધકને પ્રાપ્ત થાય છે સાથે સાથે ભગવાનનો આવિર્ભાવ પણ થાય છે.

સાધકની ભૂખ પ્રમાણે સાધકને મળે છે. ઉપાસક જે સંકલ્પ કરશે તેવો સંકલ્પ પૂરો કરી આપે છે. ભગવાન ભક્તોને બધું જ આપે છે. જય મહારાજ ભક્ત વત્સલ છે. પરમ પૂજ્ય લક્ષ્મણદાસજી મહારાજ જ્યારે ''ગુરુવેણમાં પેઠા....'' ફળસ્વરૂપે જે મળ્યું આપણે અનુભવી રહ્યા છીએ... થયા ગુરુવેણ ના અધિકારી.....

અધિકારી થવું સહેલું નથી.... ઘણી ભાવભરી સેવા કરવાની છે ગુરુ મહારાજ આપોઆપ ધન્યતા આપી દે મહારાજ પણ ૭૫ વર્ષથી સેવામાં ઓતપ્રોત થયા ત્યારે ગુરુ મહારાજે તેમના પોતાના બનાવી દીધા છે.

સાધકે નિષ્કામ સેવા કરવાની છે. અંતઃકરણની શુદ્ધિ માટેની આવશ્યકતા રહે છે. મેળવેલ ઉત્તમમાં ઉત્તમ ગણાય છે. પ્રભુ પાસે પણ ક્યારેય માગશો નહીં. આપણને જે વસ્તુની જેની જરૂર છે તે જય મહારાજ સમય સમય પર આપી દે છે. સાધન, ભજન, નિત્યનિયમ, ઉપાસના નિષ્ઠાથી કરવાથી સેવકને ફલશ્રુતિ રૂપે કૃતાર્થતાનો અનુભવ થાય છે. સદગુરુજીના શરણથી કંઇક પ્રાપ્ત થયાનો આનંદ થાય છે.

ગુરુ શિષ્યનું અદ્વૈત આપણે જય મહારાજ અને પરમ પૂજ્ય લક્ષ્મણદાસ મહારાજમાં જોઇ રહ્યા છીએ ભગવાન ભક્તનું અદ્વૈત સમ દમ રૂપે બ્રહ્મચર્ય, સમર્પણ સેવા આપી. યોગના આઠે અંગો.... સમાધિ સુધી આપ્યા છે. યોગ જીવનની અંદર ૧૨૯ વર્ષનું આયુષ્ય સ્વસ્થ રીતે જીવ્યા.... અંતે સમાધિનો સંકલ્પ અને

તે પણ ઇચ્છિત લૌકિક ભાષામાં કહીએ તો ઇચ્છા મૃત્યુ. આનાથી પણ એક પગથિયું ઉપર સમાધિ છે. ઇચ્છા મૃત્યુ રજોગુણ છે. આત્મહત્યા તમોગુણ છે. સમાધિ એ સત્વ ગુણ છે. પણ જય મહારાજે તો ત્રણેય ગુણોથી ઉપર ઉઠીને ''મહા સમાધિ'' લીધી.

સાત્વિકતાના ભાવથી સમાધિ લઇ શકાય છે. જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને યોગના આઠ અંગો સહિત યોગદીક્ષા આપી. આત્માને ઓળખાવ્યો. વેદાંતથી સમજાય તે યોગના આઠ અંગો દ્વારા આપ્યું. જય મહારાજનું બીજું નામ બાબા વિદેહી છે. મનની બધી વૃત્તિઓ સદગુરુજીની અંદર મૂકી દેવાની.

આ ગુરુભક્તિ અનન્ય છે. જય મહારાજ આપણને આ રીતની સમજણ આપે છે તેમના કહેવાનો તાત્પર્ય એ જ છે કે કોઇ પણ નિષ્કામ ભાવથી કરેલી સેવા પૂજા. આરાધ્યાની ફલશ્રુતિ પ્રાપ્ત થાય છે. સંતરામ સૌરભના સત્સંગમાંથી સાધક જે મેળવે છે તે સાત્વિક સંપત્તિ છે. અંતર્મુખતા, સાત્વિકતાની સંપત્તિથી પાપવૃત્તિ નાશ પામે છે. સેવકનો જેટલો સત્સંગ વધારે હશે તેટલો તેન મહિમા અને ફળ સમજાશે. મનમાં રહેલી વિકૃતિઓ અને વાસનાઓ આપોઆપ બહાર નીકળી જાય સાચી સમજણ દ્વારા માયા મોહ અહંકાર દૂર થાય છે. સત્સંગમાંથી થતી આ રીતની ઉપલબ્ધિથી શાંતિ આપોઆપ આવે છે.

સાધકના જીવનની અંદર જય મહારાજનો આવિર્ભાવ સમાન છે. સત્સંગ અતિ કિંમતી હોવાના કારણે ક્યારે પણ ચૂકવો જોઇએ નહીં. ''ગુરુ મહારાજ મહેર કરે જેને રે ઉડી જાય અજ્ઞાનનું અંધારું.'' સત્સંગથી સાત્વિક ઉપલબ્ધિ થવી એટલે જય મહારાજની સાધક સેવક, ભક્ત પર મહેર થવી માણસના

જીવનમાં આવતા તોફાનો જ્યારે દૂર થાય, સાચી સમજણ કેળવાય તે જ સત્સંગની મોટામાં મોટી ઉપલબ્ધિ છે. આપણે જય મહારાજના છીએ જય મહારાજ આપણને આત્મસ્થ સંપત્તિ આપી રહ્યા છે. જેમ માતા-પિતા પોતાના સંતાનોને પોતાની મિલકત આપે છે તે રીતે જય મહારાજ સત્સંગ દ્વારા આપણને આત્મનિષ્ઠાની સંપત્તિ આપી રહ્યા છે. સત્સંગના માધ્યમથી ગુરુ મહારાજ આપણને અખંડ સુખાસ્પદ બનતા શીખવે છે. અધ્યાત્મની અખૂટ સંપત્તિ આપણે સત્સંગ દ્વારા મેળવી રહ્યા છીએ. સત્સંગના માધ્યમથી સાધકના મનને નિયંત્રણમાં કેવી રીતે રાખવું તે પણ દર્શાવી રહ્યા છે. મનને નિયંત્રણમાં રાખીને ગુરુ મહારાજમાં કેવી રીતે રાખવું તે પણ દર્શાવી રહ્યા છે. રખડતા ભટકતા મનને નિયંત્રણમાં રાખીને ગુરુ મહારાજમાં કેવી રીતે સમાવી લેવું તેનું જ્ઞાન પણ આપી રહ્યા છે. સંતરામ સૌરભની આ મોટામાં મોટી ઉપલબ્ધિ છે. સાધક સેવકે પોતાનું મન સદ્‌ગુરુના સત્સંગની અંદર ઓગાળી દેવાનું છે. મીઠું પાણીમાં નાખતા ઓગળી જાય છે તેવી રીતે આપણે ગુરુ-મય બની જવાનું છે. સત્સંગમાં આપેલ ગુરુ મહારાજના બોધે પૂરેપૂરી શ્રદ્ધા ભક્તિ નિષ્ઠા અને સમર્પણથી અનુસરવાનું છે. ગુરુ મહારાજના સત્સંગમાં આપેલ જ્ઞાનને વાગોળવાનું છે. સત્સંગ-ચિંતન-મનન કર્યા કરવાથી ગુરુ મહારાજની વાત સમજાય છે. સેવા, સ્મરણ, સત્સંગ દ્વારા ગુરુજીના ઉપદેશમાં મનને કેળવી લેવાનું છે. રોજબરોજની દોડાદોડમાં માણસ પાસે સમય હોતો નથી. અધ્યાત્મને પ્રભુતા આપીને સત્સંગ તરફ વળી જવાથી લૌકિક વ્યવહાર આપોઆપ દૂર થઇ જાય છે. સત્સંગી માણસ આપોઆપ અધ્યાત્મની અંદર પ્રવેશ મેળવી લે છે. આપણે ખૂબ ભાગ્યશાળી

છીએ. આપણા ગુરુ મહારાજ સતત ચિંતિત રહીને આપણને સત્સંગ રૂપી સમજણ આપે છે. ગુરુ મહારાજની પ્રાપ્તિ માટે લક્ષ અને સમરસતા આવશ્યક છે. ગુરુ મહારાજ વારંવાર સત્સંગના માધ્યમથી મનના અને જીવનમાં રહેલા કચરાને દૂર કરવા માટે ઉપાયો બતાવે છે. સેવકના જીવનના અજ્ઞાનને દૂર કરીને જ્ઞાનરૂપી સમજણ આપે છે. અનુસંધાન દ્વારા પ્રાપ્ત થતી આત્માની અનુભૂતિ કરવાનો માર્ગ પણ બતાવે છે. આત્માને સમજાવે છે. આત્મરૂપી જોગમણી કેવી રીતે પ્રાપ્ત કરવો તેનું માર્ગદર્શન પણ આપે છે. સત્સંગ દ્વારા શુદ્ધ બોધથી સાધક સેવકને આત્માને ઓળખતાં શીખવે છે. સાધકે શરીર રૂપી સાધના દ્વારા જય મહારાજના સાંનિધ્યથી આત્માની અનુભૂતિ કરી લેવાની છે. શ્રદ્ધાપૂર્વક કરેલી પ્રાર્થના નિત્ય વંદન કરનારને અવશ્ય પ્રાપ્ત થાય છે. શરીરને ઊર્જા મળે છે. આ સમજણ સાંનિધ્યથી જ પ્રાપ્ત થાય છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજના શ્રીમુખથી મળતી સમજણ સાધક સેવકના જીવનમાં કિંમતી ઉપલબ્ધિ છે. સાધકને આવશ્યક દિશા મળે છે. સત્સંગ દ્વારા આખા જીવનની અંદર નિર્ભયતા આપોઆપ આવે છે. સદગુરુજી દ્વારા આત્માનો સાચો આનંદ અનુભવી શકાય છે. સત્સંગ અને સદગુરુ દ્વારા આપણને આટલી મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત થતી હોય તો આપણે સત્સંગમાં જવું આવશ્યક છે. ગુરુ મહારાજ પીરસી રહ્યા છે આપણે મેળવી લેવાનું છે. ગુરુ મહારાજ તો એટલે સુધી કહે છે કે ભૂખ્યા રહેવાનું પસંદ કરજો પરંતુ સત્સંગ ચૂકશો નહિ.

ગુરુ મહારાજના બતાવેલા પથ પર ચાલવાથી સાધકને અનહદ નાદ ઘટમાં વાગતો અનુભવાય છે. અખંડ ધારા વહેતી હોય છે. આ નાદ પ્રાપ્ત થતી ઊર્જા અને અનુભૂતિ બળ આપનાર

છે. જેના માધ્યમથી આત્માની અનુભૂતિ શક્ય બને છે. નાદબ્રહ્મની ઉપાસના કરવામાં આવે છે. નાદબિંદુ ઉપનિષદની અંદર બિંદુની સમજણ આપણા ઋષિમુનિઓએ આપી છે. અનહદ નાદ પ્રાપ્ત થાય છે જે અવર્ણનિય છે. સાધક આત્માની અનુભૂતિ કરી શકે છે પરંતુ તેને થયેલી અનુભૂતને શબ્દમાં વર્ણવી શકતો નથી. આત્મા અવ્યક્ત છે તો તેની અનુભૂતિ પણ અવ્યકત છે. જેણે અનુભવ્યું હોય તેજ બીજાના ભાવોને સમજી શકે છે. મૂંગો માણસ ગોળ ખાય તો તે વર્ણવી શકતો નથી તેમ અનુભૂતિ વર્ણવી શકતો નથી.

આત્માની અનુભૂતિ થતા દૈહિક, દૈવિક ભૌતિક ઉપાધિઓ સ્પર્શતી નથી. માણસની અંદર આપોઆપ સમજણ કેળવાય જાય છે. અંતર્મુખતા આવવાના કારણે બર્હિમુખતાનું સ્થાન રહેતું નથી. આકાંક્ષા અને ઉપેક્ષિતની વચ્ચે સંઘર્ષમાં પીડાતા માણસને થતી ઉપેક્ષા સાથે જય મહારાજ કેમ બહાર નીકળવું શીખવે છે. ગીતાજીના ૧૭મા અધ્યાયમાં પણ આજ વાત બતાવી છે. અપેક્ષા ઉપેક્ષા દુઃખનું કારણ હોવાથી તેને દૂર કરવાનો સ્પષ્ટ આદેશ જય મહારાજ આપી રહ્યા છે. સત્સંગની સમજણ આપે છે. તેનાથી માણસના જીવનમાં થતી ઉપેક્ષા અને અપેક્ષા આપોઆપ દૂર થાય છે. સંતોષ રાખી જીવન જીવતાં જીવનભરની શાંતિ આપોઆપ આવી જાય છે. જય મહારાજ અમૂલ્ય તેવો સત્સંગ આપે છે તેથી સાધકના જીવનની અંદર આવિર્ભાવ સમાન છે. સત્સંગની સાત્વિક ઉપલબ્ધિ થઇ એટલે જય મહારાજની ભક્ત ઉપર મહેર થવી. આપણે જય મહારાજના છીએ. ગુરુ મહારાજની પ્રાપ્તિ માટે લક્ષ અને સમર્પિતતા આવશ્યક છે. માણસની આખી જિંદગીના દુઃખનું મૂળ તેનામાં

રહેલું અજ્ઞાન છે. માણસને જે મળે છે તેનો સંતોષ થતો નથી કારણે દુઃખી થાય છે. ગુરુ મહારાજ આપણને સ્પષ્ટ આદેશ કરે છે કે ભગવાન જે આપે છે તેમાં સંતોષ રાખો. જગતના પિતા ભગવાન આપણા બાપ છે આપણા કરતાં તેમને વધારે ચિંતા છે કે પોતાના બાળકોને શેની જરૂર છે. સત્સંગ દ્વારા જીવનની દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરતાં શીખવાડે છે. સાથે સાથે ગુરુ મહારાજ કહે છે કે જીવનની અંદર મળ્યું તો પણ ભલે ના મળ્યું તો પણ ભલે તેવી માનસિકતા કેળવો. મનનો સંતોષ હશે તો સુખ શાંતિ મેળવી શકાશે. ગુરુ મહારાજે આપેલ જીવન જીવવાની સમજને જીવનની ખેતી કહેવાય. ઉગાડવાની માણસે પોતે છે. માણસના પોતાના પર આધારિત છે કે પોતે પોતાની જીવનની અંદર શેની ખેતી કરવી છે. જેવું વાવશો તેવું પામશો. જીવનમાં સાચી સમજણ મેળવવા માટે ગુરુ મહારાજનું શરણ લેવું આવશ્યક છે. ગુરુ મહારાજ સમાધાનરૂપે સમજણ આપે છે. ગુરુ મહારાજના સ્પંદનોથી જીવમાત્રને દુઃખમાંથી બહાર કાઢી આપે છે. જીવન માત્ર સંઘર્ષ સમસ્યાઓથી ભરેલું છે. માનવ જીવન આ રીતના સમયમાં ઉપયોગી તેવી સમજણ સત્સંગ દ્વારા નિર્વ્યાજ આપી રહ્યા છે. સત્સંગ દ્વારા જીવનમાં જે સાત્વિક ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે તે જીવનની ઉપલબ્ધિ સદગુરુજી દ્વારા કરેલ સત્સંગમાંથી પ્રાપ્ત થાય છે. ગુરુ મહારાજને શાન્તમ શ્રી સંતરામનું ઉપનામ આપવામાં આવ્યું ગુરુ મહારાજ શાંત સ્વરૂપ હોવાથી તેમના શરણે જઈને શાંતિ અનુભવવાની જ છે. આધુનિક યુગમાં દરેક માણસના જીવનની સમસ્યા મનની સમસ્યા છે. આ સમસ્યાઓમાંથી હંમેશાં માટે કેવી રીતે બહાર નીકળવું તે ગુરુ મહારાજ સત્સંગમાં સમજાવે છે. સાધક સેવકને જ્યારે સમજાય, ત્યારે સમજવું કે જય

મહારાજનો સાક્ષાત્કાર થયો. આ રીતનો આવિર્ભાવ ગુરુ મહારાજની ઉર્જા કહેવાય. આવિર્ભાવ વગર ઊર્જા મળતી નથી. જો સાધકને ઊર્જા પ્રાપ્ત થાય તો તેના જીવનની ઉપલબ્ધિ કહેવાય. આ ઉપલબ્ધિ પ્રાપ્ત થાય તેને જીવનની શાન્તિ કહેવાય.

રામાયણની અંદર ભરતનો પ્રેમ શ્રી રામ પ્રત્યે છે. શ્રી રામનો પ્રેમ ભરત પ્રત્યે છે. તુલસીદાસજીએ લખી દીધું ભરત એટલે સાક્ષાત ભગવાન રામનો પ્રેમ. ભગવાન રામ પ્રેમની મૂર્તિ ભગવાન રામના પ્રેમનું મૂર્ત સ્વરૂપ એટલે ભરત, બિલકુલ આવી રીતે જ્યારે માણસને શાંતિનો અનુભવ થાય ત્યારે સમજવું કે જય મહારાજના પ્રેમનું મૂર્ત સ્વરૂપ પોતાની અંદર પ્રગટ થયું છે. સત્સંગ દ્વારા ગુરુ મહારાજ આટલી સુંદર સમજણ આપે છે. સાચી સમજણમાંથી શાંતિનું સાચું સ્વરૂપ આપણા પોતાની અંદર આવે છે. જીવનભર શાંતિની ઝંખના કરનાર દરેક માણસ માટે આવશ્યક છે. સૂર્ય એક છે આખી દુનિયાને પ્રતિબિંબ આપે છે. શાંત સ્વરૂપ જય મહારાજ એક હોવા છતાં પણ પોતાના શરણે આવનાર દરેક જીવને શાંતિ આપે છે. જય મહારાજના શાંત સ્વરૂપના પ્રતિબિંબના કિરણો દરેક શરણાર્થીઓને પ્રાપ્ત થાય શાંતિની ઉપલબ્ધિ આપોઆપ થઇ જાય છે. ગુરુ મહારાજ ભકતોના દુઃખના પોટલા પોતાની પાસે રાખે છે બદલામાં સુખ આપે છે. જય મહારાજ જેવી વિભૂતિ જ્યારે હૃદય પૂર્વક આશીર્વાદ આપે છે ત્યારે સાધકના જીવનની અંદર ઘણા પરિવર્તન આવે છે. આશીર્વાદ રૂપી ઉપલબ્ધિ માણસના જીવનની મોટામાં મોટી શાંતિનું ઉદાહરણ છે.

સાધન ભજન કરવા માટે ગુરુ મહારાજ પૈસાની જેમ ભૂખને પણ પચાવી રાખવાની આજ્ઞા આપે છે. અર્થાત પેટને થોડું

ઊંડુ રાખીને ખાવાનું. ગુરુ મહારાજની વાણીના શબ્દોનું મહત્વના સત્સંગમાં બતાવી રહ્યા છે.

એક સંત હતા તે ગામેગામ જઇને સત્સંગ કરતા હતા. સંતશ્રી સંત્સંગીમાંથી એક યુવાને સંત શ્રી પાસે આવીને કહ્યું હું કાંકરા ખાઉં. સમય જતાં યુવાન નોકરી પરિવાર આગળ વધતા એક દિવસે રાત્રે પતિ-પત્ની વચ્ચે કંકાસ થયો. શંકા શું કારણ એ હતું કે પતિ પત્ની અને બાળકો સિનેમા જોવા માટે જવાના હતા. યુવાનને નોકરીમાંથી આવી શક્યું નહીં. ભગવાન રાત્રે ઘરે મોડો પાછો વળે છે તે સમયે પત્ની ગુસ્સામાં બોલ્યા આ ખીર ટાઢી કાંકરા જેવી થઇ ગઇ. યુવાનનો નિયમ હતો કાંકરા ન ખાવાનો. યુવાન નિયમને વળગી રહ્યો. ઘરના વાતાવરણમાં ઉગ્ર સ્વરૂપ થયું. પરિવારના બધા સભ્યો જમ્યા વગર સૂઇ ગયા. સવાર થતાંની સાથે બધાનો ગુસ્સો શાંત થઇ ગયો અને ભૂખ તો બધાને લાગી હતી. રાત્રે જમવાનું હતું તે ખીર પીરસવા માટે અંદર વાસણ નાખતા જ મરેલી ગરોળી જોવામાં આવી. બધાને સમજાયું કે સારું થયું કે રાત્રે જમ્યા નહીં. યુવાન સંત પાસે જાય છે સંત શ્રીને પગે લાગે છે. બાપજી આપના નિયમથી આજે આખો પરિવાર સુરક્ષિત છે. આ દૃષ્ટાંત દ્વારા જય મહારાજ આપણને એ જ વાત સમજાવવા માંગે છે કે હંમેશાં નિયમને વળગેલા રહો. બળ શક્તિ મળશે રક્ષણ થશે, સત્સંગની આ ઉપલબ્ધિ દ્વારા આપણે સૌએ ગુરુ મહારાજની વાણીમાંથી શું પ્રાપ્ત કરી લેવું તેનો વિચાર આપણે પોતે કરવાનો છે.

જય મહારાજને શરણે આવેલા સૌનું તું કલ્યાણકારી હોય તે આપે છે. સાધકને અનુભવાય પણ છે. ગુરુ મહારાજ યોગ્યતા કરતાં વિશેષ આપે છે તેનું નામ જ અનુગ્રહ છે. ગુરુ મહારાજ

કલ્યાણકારી હોવાના કારણે વગર માગે આપી દે છે. મુક્ત મનથી આપતા જય મહારાજ સાધક સેવકના હિતકારી આપતા હોય છે.

નાના બાળકોને બાળપણમાં આપેલા સંસ્કાર જ મોટા થઇને ઉગે છે અનુભવાય છે. આપણે પણ જય મહારાજના સાંનિધ્યમાં રહેતા હોવાથી મહારાજના શુભ ગુણોની પ્રાપ્તિ કરી શકાય છે. જય મહારાજના થઇને રહીએ છીએ ત્યારે કૃપા પાત્ર બની શકાય છે. જય મહારાજનું શરણું લેવાથી જય મહારાજ આપ્યા જ કરે છે આપ્યા જ કરે છે સાહજિકતાથી મળ્યા કરે છે.

જય મહારાજ આપણને નિરપેક્ષ જીવન જીવીને સુખ-સમૃદ્ધિવાળુ જીવન બનાવવાનું માર્ગદર્શન આપે છે.

શીબીરાજાના શરણે એક પક્ષી આવીને બચવા માટે રાજા ના ખોળામાં બેસે છે. પક્ષીના શિકાર માટે બાજ પક્ષી આવે છે. શીબીરાજા પક્ષીને બચાવવા માટે પોતાના શરીરમાંથી આવેલ પક્ષીના વજન જેટલું માસ આપવા તૈયાર થાય છે. શરણે આવેલાને શરણ આપવું. શીબીરાજા એક પક્ષીને મોતના કલેશમાંથી મુક્ત કરે છે. ગુરુ શિષ્યના સંબંધની અંદર પણ શિષ્યના જીવનમાં આવતા બધા જ કલેશોનું શમન સદગુરુ મહારાજ કરી આપે છે. સદગુરુના શરણથી થતી આ રીતની ઉપલબ્ધિ માનવજીવન માટે અતિ મહત્વની, ગુરુ મહારાજને તો જ્ઞાનાંજનસલાકયા કહ્યા છે. આપણે તેને આંજી લઇને દ્રષ્ટિ મેળવી લેવાની છે.

|| જય મહારાજ ||

## ।। શ્રી સંતરામ પ્રાતઃ સ્મરણ સ્તોત્રમ્ ।।

નામાનુસાર ગુણયુક્ત સુચિત્તવૃત્તિં
સિધ્ધ સ્વરૂપમયપરોક્ષ સુખાભિલીનમ્
વિજ્ઞાન મૂર્તિમતિ સૌમ્યખંડ કાન્તિમ્
શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।૧।।

સત્યસ્વરૂપમચલં કરુણાનિધાનં
ધૈર્યાદિસદ્ગુણયુતં શુભશાન્તવૃત્તિમ્
ઉદ્યત્પ્રતાપસહિતં શરણં જનાનામ્
શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।૨।।

ભક્તોપદેશનિપુણં શુભસુન્દરાસ્યં
ચંદ્રપ્રભં સકલસજ્જનમાનનીયમ્
મોક્ષોપયોગી વચના રચનાભિરામમ્
શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।૩।।

શ્લોક ત્રયમિદં નિત્યં ભક્તાનાં સુખદાયકમ્
યઃ પઠેત્પ્રાતરુત્થાય સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૪।।

## ।। શ્રી સંતરામ પ્રાતઃ સ્મરણ સ્તોત્રમ્ ।।

**નામાનુસાર ગુણયુક્ત સુચિત્તવૃત્તિં**
**સિધ્ધ સ્વરૂપમયપરોક્ષ સુખાભિલીનમ્**
**વિજ્ઞાન મૂર્તિમતિ સૌમ્યખંડ કાન્તિમ્**
**શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।૧।।**

**નામાનુસાર ગુણયુક્ત સુચિત્તવૃતિં :**

**હે મહારાજ, સર્વ કોઇ આપને ''સંતરામ'' નામથી જાણે છે, આપ ''સંતરામ'' નામ પ્રમાણે ગુણવાળા છો. વળી સુમંગળ ચિત્તવૃત્તિવાળા છો, સિદ્ધયોગી સ્વરૂપ છો. વળી અપરોક્ષ સુખમાં એટલે નિજાનંદમાં નિરંતર લીન છો. વિજ્ઞાનમૂર્તિ છો. સદા સૌમ્ય શાંત સ્વરૂપ છો, અખંડ કાન્તિવાળા છો. આવા સંત અને ભગવાન ગુરુદેવ સંતરામ મહારાજને હું પ્રાતઃકાલમાં સ્મરું છું અને સેવું છું. (૧)**

નામ અનુસાર જેની ચિત્તવૃત્તિ બિલકુલ શાંત હોય તેને ''નામાનુસાર ગુણયુક્ત સુચિત્તવૃત્તિમ્'' કહેવાય. શાસ્ત્રોમાં અને મહાપુરુષોએ પણ નામનો અનંત મહિમા ગાયો છે. પરમાત્માનું નામ કલ્યાણકારી છે.

સદ્ગુરુદેવ પરમાત્મા આપણા સહુના આરાધ્ય છે અને ઇષ્ટદેવ છે. આપણે સહુ સવારમાં સૌ પ્રથમ આપણા ગુરુદેવ પરમાત્માનું નામ લઇ આપણા દિવસનો પ્રારંભ કરીએ છીએ. સૃષ્ટિના આરંભથી જ નામનો આધાર રહ્યો છે.

ઈશ્વર સ્વરૂપ ગુરુ મહારાજે મહાસમાધિ લેતી વખતે પોતાની તપશક્તિ વડે દીવા પ્રગટાવી સંતરામ સુખધામનો આધાર આપ્યો અને કહ્યું, ''મારા નામનું નિત્ય સ્મરણ કરજો,

તમારું કલ્યાણ થશે.''

પૂ. ગુરુ મહારાજના પટ્ટશિષ્ય પૂ. લક્ષ્મણદાસજી મહારાજના સમયમાં એક સમયે એક ખેડૂત પોતાના ખેતરમાં કોસ ચલાવી પાકને પાણી વાળતો હતો. ચોમાસુ હતું પરંતુ વરસાદ ખેંચાતો હતો. લગભગ અડધા ખેતરમાં પાણી પહોંચ્યું હતું. એવામાં જ કોસનું દોરડું તૂટી ગયું અને કોસ કૂવામાં પડી ગયો. ખેડૂતને માથે તો જાણે આભ તૂટી પડ્યું. તે દુઃખી થઇ ગયો. એણે તુરત જ પૂજ્ય સંતરામ મહારાજનું સ્મરણ કર્યું. જય મહારાજના શરણે આવ્યો અને આજીજી કરી કે ''ગુરુ મહારાજ, મારી વહારે આવો. મારો કોસ કૂવામાં પડી ગયો છે. પાણી વિના પાક સુકાઇ જશે તો આખું વર્ષ મારા કુટુંબને ભૂખે મરવું પડશે.'' તેણે ગુરુ મહારાજને આર્ત સ્વરે પ્રાર્થના કરીને કહ્યું કે, ''હે મહારાજ, મારો કોસ કૂવામાંથી બહાર કાઢી આપો હું સવા રૂપિયાની બરફીનો થાળ આપને ધરાવીશ.'' આમ કહી જય મહારાજનું સ્મરણ કરતો કરતો તે કૂવામાં ઉતર્યો અને હેમખેમ કોસ તથા દોરડું લઇ બહાર આવ્યો અને અધૂરા રહેલા ખેતરને પાણી પાયું.

બીજા દિવસે સવારે ખેડૂતે સવા રૂપિયાની બરફી (તે સમયે સવા રૂપિયામાં પાંચ શેર બરફી આવતી) લઇ મંદિરમાં પાછળના ભાગમાં જ્યાં પૂ. લક્ષ્મણદાસજી મહારાજ હાથ પગ ધોતા હતા ત્યાં આવી બધી વાત કરી ત્યારે પૂ. લક્ષ્મણદાસજી મહારાજે તેને વ્યંગમાં કહ્યું કે, ''સવા રૂપિયાના થાળ માટે તેં મહારાજને કૂવામાં ઉતાર્યા. જો, આ કપડાં હજી પણ ભીનાં છે.''

ખેડૂતની આજીજી અને ભક્તિને વશ થઇ મહારાજે જાતે કૂવામાં ઉતરી ખેડૂતને ખભે લઇ કોસ બહાર કાઢ્યો હતો, આમ નામી કરતાં નામ મોટું છે નામમાં અનંત શક્તિ છે.

ગુરુ મહારાજે લૌકિક કાર્યોમાં પણ અનેક ભક્તોને સહાય કરી છે. લગભગ ૨૦-૨૫ વર્ષ પહેલાંની આ વાત છે. એક શ્રધ્ધાળુ બહેન પૂનમ ભરવા માટે દર પૂનમે અમદાવાદથી નડીઆદ શ્રી સંતરામ મંદિરે આવતાં. તેમના પતિને દારૂનું વ્યસન હતું. એક વખત એવું બન્યું કે બહેન પૂનમ ભરીને ઘરે પહોંચ્યા ત્યારે તેમના વ્યસની પતિએ બહેનને કહ્યું કે ''તું બહુ મોટી ભકતાણી છું પણ આજે હું તને દારૂ પીવડાવ્યા વિના છોડવાનો નથી.'' એમ કહીને તેમના પતિએ દારૂ ભરેલો પ્યાલો બહેનના હાથમાં પકડાવ્યો. બહેન તો ગભરાઇ ગયાં અને સહાય કરવા માટે જય મહારાજનું સ્મરણ કર્યું. ત્યાં જ ચમત્કાર થયો હોય તેમ દારૂના પ્યાલામાંથી ગુલાબની સુગંધ આવવા લાગી અને તે બહેન સુગંધિત જળ પીવા લાગ્યાં. પતિ વિસ્ફારિત આંખે જોવા લાગ્યો કે આ દારૂ પીએ છે ! પતિએ પ્યાલો હાથમાં લઇ જોયું તો તેમાંથી ગુલાબ જળની સુગંધ આવતી હતી.

ભગવાને મીરાંબાઇના ઝેરનું અમૃત કર્યું તેમ અહીં આપણા ગુરૂ મહારાજે એક ભક્તને માટે દારૂને ગુલાબજળ બનાવી દીધું.

બહેનના પતિ આશ્ચર્યચક્તિ થઇ ગયા અને બહેનના પગે પડીને કહેવા લાગ્યા કે, ''મારી ભૂલ થઇ ગઇ છે, મેં મોટો અપરાધ કર્યો છે મને માફ કરો.'' ત્યારે શ્રધ્ધાળુ પત્નીએ નમ્રતાથી પોતાના પતિને પગે પડવાની ના પાડી અને કહ્યું કે, ''ચાલો, નડીઆદ પૂ. મહારાજ પાસે.'' બન્ને પતિ-પત્ની નડીઆદ આવીને મહારાજશ્રી પાસે ગયાં અને પગે લાગીને પતિએ કહ્યું કે, ''બાપજી, મારી મોટી ભૂલ, અપરાધ થઇ ગયો છે મને ક્ષમા કરો.'' પતિ-પત્નીએ મહારાજશ્રી સામે અંજલિ ધરીને કહ્યું,

મહારાજ મને કંઠી બાંધો અને નિયમ આપો કે આજથી હું હવે ક્યારેય વ્યસન નહીં કરું.

આ પ્રસંગને નજરે જોનાર કોઇ ઉત્સાહી શ્રધ્ધાળુએ તેનો અહેવાલ છાપામાં આપ્યો અને તે વર્તમાનપત્રમાં છપાઇને પ્રગટ પણ થયો હતો.

આમ ગુરુ મહારાજનું સ્મરણ અતિ પાવનકારી છે તથા ઉદ્ધાર કરવાવાળું છે. શ્લોકની પ્રથમ પંક્તિમાં પણ કહેવાય છે કે, જય મહારાજના પાવનકારી નામનું સમરણ સદાય આપણું કલ્યાણ કરનારું છે.

ગુરુ મહારાજનું સ્વરૂપ સૌમ્ય અને શાંત છે. ચિત્તવૃત્તિઓનું નિયંત્રણ કરનારું છે. ચાલો આપણે પણ જય મહારાજના નામનું સ્મરણ કરીને ''ચિત્તવૃત્તિ નિરોધ'' ના ગુણનું આપણામાં આવાહન કરીએ.

''ગુણયુક્ત સુચિત્તવૃત્તિમ્'' અર્થાત્ ગુણોથી ભરપૂર અને જેની વૃત્તિઓ શાંત થઇ છે તે પરમાત્માના સર્વગુણો જય મહારાજમાં સમાયેલા છે. તેઓ બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું સ્વરૂપ છે. તેઓશ્રીના પવિત્ર નામનું સ્મરણ આપણો ઉદ્ધાર કરનારું છે. આપણી વૃત્તિઓમાં વિકાર જન્મે ત્યારે ગુરુ મહારાજનું સ્મરણ કરી. ''ૐ શ્રી સંતરામ સદ્ગુરુ શરણં મમ''ના મંત્રનું આર્તભાવથી સ્મરણ કરીએ તો ગુરુ મહારાજ સદાય આપણી સાથે રહે છે. ચિત્ત ભટકતું ન હોય પરંતુ શાંત અને સ્થિર હોય તેને 'સુચિત્ત' કહે છે. ગુરુ મહારાજનાં આવાં સુચિત્ત સ્વરૂપનાં દર્શન કરીને આપણે પાવન થઇએ છીએ.

પરમ પરમાત્મા સ્વરૂપ શ્રી સંતરામ મહારાજ વિચરણ કરતા કરતા આવીને આ નટપુરની ધરતી પર સ્થિર થયા હશે

ત્યારે જે કોઇ ભક્તો, સંતો, મહંતોએ તેમનું શરણ લીધું હશે તે સર્વ પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ, ભગવાનદાસજી મહારાજ, હરિદાસજી મહારાજ, હરિરામ મહારાજ જેવા અનેક પુણ્યાત્માઓને મહારાજે દર્શન આપીને તેઓને જ્ઞાન દિક્ષા આપી છે. આ બધા જ પુણ્યશાળી આત્માઓ પાવન થઇ ગયા.

આ તો ગુરુ મહારાજના વિચરણ કાળની વાત છે પરંતુ તેઓના સમાધિસ્થ થયા પછી પણ તેમના નામનું સ્વરૂપ આપણા બધાયની વચ્ચે સદૈવ જાગ્રત રહ્યું છે. કોઇપણ વિપત્તિ આવી પડે ત્યારે જય મહારાજના નામનું સ્મરણ કરતાંની સાથે જ તેઓ આપણી વહારે આવે છે અને આપણાં દુઃખ દૂર કરી આપણું માર્ગદર્શન કરે છે.

એક વખત પ. પૂ. નારાયણદાસજી મહારાજ પાસે સવારના સમયે એક વ્યક્તિએ આવી મહારાજશ્રીના પગે પડી હાથ જોડીને કહ્યું કે, ''મહારાજ, મારો છોકરો જતો રહ્યો છે. મારે આ એક જ દીકરો છે અને વળી તે ઉંમરમાં નાનો છે. આપ કૃપા કરો. ચોધાર આંસુએ રડતાં તેણે કહ્યું કે મહારાજ, કૃપા કરો કે તે ઘેર પાછો આવી જાય.'' પૂ. નારાયણદાસજી મહારાજે કહ્યું કે, ''જા, સાંજ સુધીમાં તે ઘેર પાછો આવી જશે.''

આખો દિવસ પસાર થઇ ગયો અને સાંજ ઢળી ગઇ. પૂ. નારાયણદાસજી મહારાજ સમાધિસ્થાનની સેવા કરી જાળી મંગલ કરીને સમાધિ ચોકમાં પધાર્યા. ત્યાં તો પેલો માણસ રડતો, કકળતો, કપાળ કૂટતો બૂમો પાડતો આવ્યો કે, ''બાપજી, મારો દીકરો હજી આવ્યો નથી. આપે તો કહ્યું હતું કે તે સાંજ સુધીમાં આવી જશે.''

કરુણામૂર્તિ પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ વિના વિલંબે

સમાધિસ્થાનમાં પાછા ગયા. મહારાજશ્રીની જ્યોત, ગાદી-પાદુકા સમક્ષ પ્રાર્થના કરી ગુરુ મહારાજનું સ્મરણ કરીને બોલ્યા કે, ''મહારાજ ગમે તે થાય પણ આ દુઃખી માણસનું દુઃખ દૂર થાય એવું કરો.'' આટલું સ્મરણ કરી જેવા પૂજા દ્વારના પગથિયા ઉપર પગ મૂકે છે ત્યાં તો પાછળના દરવાજેથી એક માણસ પૂ. મહારાજશ્રી પાસે આવીને હૈયું ભરાયેલા સ્વરે કહેવા લાગ્યો. ''મળી ગયો, મળી ગયો.''

આ છે ગુરુ મહારાજના કરુણાભાવનું સાક્ષાત્ પ્રતિક. ગુરુ મહારાજ તો ભક્ત વત્સલ છે, કૃપાળુ છે, કરુણાનિધાન છે.

ગુરુ મહારાજ ભગવાનથી જુદા નથી અને ભગવાન ગુરુ મહારાજથી જુદા નથી એટલે જ કહેવાયું છે કે,

**।। ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।**

ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે તેવા ગુરુજીને નમસ્કાર

મહારાજના નામમાં ''સંત'' પણ છે અને ''રામ'' પણ સમાયેલા છે.

**।। ગુરુરેવ જગત્સર્વં બ્રહ્મ વિષ્ણુ શિવાત્મકમ્,**

**ગુરોઃ પરતરં નાસ્તિ તસ્માત્સંપૂજયેદ્ ગુરુમ્ ।।**

ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે તેવા ગુરુજીને નમસ્કાર.

ગુરુ જ સર્વ જગત છે, ગુરુ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સ્વરૂપ છે. ગુરુથી મોટું બીજું કોઇ નથી તેથી ગુરુને સારી રીતે પૂજવા જોઇએ.

આવા ભાવથી ગુરુ મહારાજના નામનું સ્મરણ કરીને તેમણે પ્રણામ કરવા જોઇએ. જેઓએ ગુરુ મહારાજનાં દર્શન કર્યાં નથી તેવા જિજ્ઞાસુ ભક્તો તેમના નામ માત્રના સ્મરણથી પાવન

થયા છે.

લૌકિક દુનિયામાં વ્યક્તિઓના નામમાં ભારે વિચિત્રતા અને વિષમતા જોવા મળે છે. નામ હોય શાંતિલાલ અને ગુસ્સો આખી દુનિયાનો હોય તેવું પણ જોવા મળે છે.

ગુરુ મહારાજના શ્રીવિગ્રહમાં આપણને ''શ્રીરામ'' અને ''સંત'' બંનેનાં દર્શન થાય છે. ભગવાન રામ જ્યારે વનવાસમાં ગયા ત્યારે તેમણે મુનિ વેષ ધારણ કર્યો હતો. માથે જટા, શરીરે વલ્કલ અને પગમાં પાદુકા હતી. શ્રીરામ કથા એ કોઇ કાલ્પનિક વાર્તા નથી. પૂ. સંતરામ મહારાજનો જીવન ઈતિહાસ લગભગ ૩૦૦ વર્ષનો છે. પૂ. સંતરામ મહારાજ પણ તપસ્વીની જેમ ભ્રમણ કરતા હતા. ગુરુ મહારાજે પોતાના શ્રીવિગ્રહમાં જટા, પાદુકા અને તપસ્વીનાં વસ્ત્રો ધારણ કરેલા છે એટલે શ્રીરામમાં પણ આપણને પરમ પરમાત્મા સ્વરૂપ શ્રી ગુરુ મહારાજનાં દર્શન થાય છે તેથી જ કહેવાયું છે કે,

**રામસ્વરૂપં કલિદુઃખહારમ્ વન્દે સદા શ્રી ગુરુ સંતરામમ્**

કલિયુગનાં દુઃખોને હરનારા રામ સ્વરૂપ શ્રી સંતરામ ગુરુ મહારાજને હું સદા વંદન કરું છું.

કળિયુગમાં લોકોનાં દુઃખ દૂર કરવા માટે પરમપિતા પરમાત્મા આ ધરતી પર અવતર્યા છે. ભગવાન મૂળ અનામી છે, અનંત છે.

**હરિ અનંત હરિકથા અનંતા**

દુનિયાના કોઇપણ ખૂણે આપણે હોઇએ પરંતુ જય મહારાજના નામનું સ્મરણ કરતાં જ તેઓ દોડી આવે છે અને ભકતને સહાય કરે છે, તેનાં દુઃખો દૂર કરે છે. પદ સંગ્રહમાં પણ

ગવાયું છે....

**તમારું નામ પ્રતાપ જે કોઇ જાણશે રે**

**તે તો સે'જે તરે સંસાર રે**

**સંતરામ અલૌકિક નામ છે રે....**

જેણે નામનો આધાર લીધો છે તે સહુ સુખી થઇ ગયાં છે. નામમાં નામીનાં તપ, પુણ્ય અને સાત્વિકતાની શક્તિ હોય છે.

**અનંતસંસાર સમુદ્રતારં**

**નૌકાયિતાભ્યાં ગુરુભક્તિદાભ્યામ્**

આપણે જો એકવાર નામને પકડી પાડીએ તો ''નામી'' તેની પાછળ પાછળ અવશ્ય દોડી આવશે. ભગવાન અનામી છે છતાંય નામી છે. કારણ કે, સ્વરૂપને ઓળખવા માટે નામની જરૂર પડે છે. પરમાત્માની પ્રાપ્તિ માટે તેમના નામનો અને તેમના નામના ગુણાનો પરિચય કરવો પડે છે. જેમ સાકરને મીઠી અને ગોળને ગળ્યો કહેવો પડતો નથી. કેમ કે સાકર અને ગોળ એના મૂળ સ્વભાવથી જ મીઠાં તેમ ગુરુ મહારાજમાં તેમના નામ પ્રમાણેના બધા જ ગુણો સંપન્ન થયેલા છે. સંતના સ્વરૂપની સાથે શ્રી રામના ગુણો પણ સમાયેલા છે તેથી જ શ્રી સંતરામ કહેવાયા છે. નામ અનેક પણ સ્વરૂપ એક. વિષ્ણુ સહસ્ત્રનામમાં પણ કહ્યું છે,

**યાનિ નામાનિ ગૌણાનિ**

અર્થાત્ જે હજાર નામ ગવાયાં છે તે બધાં જ પરમાત્માનું સ્વરૂપ છે.

**અખંડ મંડલાકારમ્ વ્યાપ્તં યેન ચરાચરમ્**

એટલે કે શાંત ચિત્તવૃત્તિને લીધે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે તે જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં સ્થિર અને અચલ છે.

પતંજલિ યોગ દર્શનમાં કહ્યું છે કે, **''યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ''**

અર્થાત્ ચિત્તવૃત્તિને સ્થિર કરવી એનું નામ યોગ. જય મહારાજ સ્વયં યોગીરાજ છે તેઓ સામાન્ય સ્તરના યોગી નથી પરંતુ ઉચ્ચ કક્ષાના યોગી છે. તેમના સ્વરૂપને સુચિત્તવૃત્તિ કહ્યું છે.

**પ્રાતઃ કાલે સ્તોત્રમિદં મત્સમીયે વિશેષતઃ**

**પઠિત્વા ધનામાપ્નોતિ ધનકામશ્ચ યો નરઃ**

જે માણસ ધનની ઇચ્છાવાળો હોય તે સવારે ખાસ કરીને મારી પાસે (જય મહારાજ પાસે) આ સ્તોત્રનો પાઠ કરીને ધન મેળવે છે.

અર્થાત્ સવારમાં ઊઠીને જય મહારાજનું નામ સ્મરણ કરીએ તો આપણો દિવસ શુભયમ રીતે પસાર થાય છે.

આપણો સહુનો પ્રાતઃકાળ સત્કર્મોથી શરૂ થવો જોઇએ જેમ દોરો સોયમાં સરસ રીતે પરોવાઇ જાય છે તેમ આખા દિવસ દરમ્યાન આપણાં બધાં જ કાર્યો સરસ રીતે પરિપુર્ણ થાય છે. સોય-દોરાથી જેમ કપડું સરસ રીતે સંધાઇ જાય છે તેમ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ શ્રી ગુરુ મહારાજમાં મન પરોવી દિવસની શરૂઆત કરવામાં આવે તો દિવસ સારી રીતે પરિપૂર્ણ બને છે.

પ્રાતઃ કાળનો સમય શાંત, શીતળ, સૌમ્ય અને પવિત્ર હોય છે. તેથી સવારમાં વહેલા ઊઠવાની ટેવ પાડવી જોઇએ. આઠ-નવ વાગે ઊઠવાની ટેવ હોય તો પ્રાતઃકાળ વહી જાય છે. જેનો પ્રાતઃકાળ નિરર્થક વહી ગયો તેનું જીવન પણ નિરર્થક વહી

જાય છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાતઃકાળની પ્રાર્થનાને મહત્ત્વની ગણવામાં આવે છે. સવારમાં ઊઠીને ભગવાનને 'થેંકસ' Thanks સાથે કહો કે, ''હે પ્રભુ, તમોએ મને રાત્રે સુવાડીને સવારે ઉઠાડ્યો છે. હું તમારો આભારી છું.'' વહેલા ઊઠીને પ્રભુ સ્મરણ કરવાનું ચૂકી જશો તો જીવનની ગાડી પણ ચૂકી જશો.

માણસ સાથેના સંબંધ કરતાં ઈશ્વર સાથેનો સંબંધ નિત્ય છે, શાશ્વત છે.

મહારાજશ્રીનું સમાધિ સ્થાન પવિત્ર છે.

**દુઃખઘ્નો યત્ર વાતિ પ્રણતજનમનોહ્લાદકારી ચ વાયુઃ**

જ્યાં પ્રણામ કરવા આવેલા ભક્ત મંડળના મનને પ્રસન્ન કરનારો તથા તેમના દિલના દુઃખને હરનારો શીતમંદ સુગંધિત વાયુ વાયા કરે છે એવા શાંતમૂર્તિ પ્રણત - જનના મનોભિલાષાને પૂર્ણ કરનારા જય મહારાજ બિરાજમાન છે તે સમાધિ સ્થાનમાં બેસવાથી મન અને ચિત્ત શાંત થાય છે. અશાંતિ, ચિંતા, દુઃખ દૂર થઇ જાય છે. આવા આહ્લાદક સ્થાનમાં સેવા કરવાથી મનને આનંદ મળે છે. જ્યાં સ્મરણ તથા પાઠ કરવાથી મન શાંત અને નિશ્ચિંત બને છે. સમાધિ સ્થાનની પ્રદક્ષિણા કરવાથી કૃતાર્થ થવાય છે તથા નામ-જપ કરવાથી આત્મા તથા મનને ટાઢક વળે છે.

મહારાજની દૃષ્ટિ 'તીર્થસ્વરૂપ સમદૃષ્ટિયુક્તં' છે. કોઇપણ જાતના ભેદભાવ વગર ગુરુ મહારાજ સર્વ ઉપર કૃપાદૃષ્ટિ કરે છે. તેમનું દર્શન-સ્મરણ શરણે આવેલા સહુ કોઇને સાંત્વન આપે છે. તેમનાં કાર્યો પરિપૂર્ણ કરે છે. જય મહારાજનું નામ, સ્મરણ, દર્શન આધ્યાત્મિક સુખ આપનારું છે. રોજ સવારે આવા પરિપૂર્ણ

સ્વરૂપનાં દર્શન કરવાનો લ્હાવો **નટપુર નગરના ભક્તજનોએ ગુમાવવા જેવો નથી.**

**તુલસીકૃત રામાયણમાં કહ્યું છે,**

**ભાવકુભાવ અનખ આલસહુ**

**નામ જપત મંગલ દિસિ દસહુ**

એટલે કે ભાવથી કે કુભાવથી નામ સ્મરણ કરવાથી કલ્યાણ તો થવાનું જ છે. લાડુ અંધારામાં ખાઇએ કે અજવાળામાં પણ તે મીઠો જ લાગવાનો. તેમ નામ સ્મરણ કોઇપણ સ્વરૂપમાં કોઇપણ સ્થિતિમાં કરવાથી તેનો લાભ અચૂક થાય છે.

સદ્‌ગુણી માણસની સહુ કોઇ પ્રસંશા કરે છે. નગુણી વ્યક્તિની કોઇ કિંમત હોતી નથી. વહેપારીમાં પ્રામાણિકતા, ડૉક્ટરમાં માનવતા, વકીલમાં બુદ્ધિમતા અને શિક્ષકમાં શિક્ષક તરીકેના ગુણ ના હોય તો તેમની પાસે કોઇ જતું નથી.

આપણા ગુરુ મહારાજ ''સંત'' અને ''રામ'' બન્નેના ગુણોથી સંપન્ન છે. તેથી જ ત દરિયાપારના દેશોમાંથી પણ આ ગુણોથી આકર્ષાઇને ભક્તો સમાધિ સ્થાનના દર્શને આવે છે. આ સંદર્ભમાં નીચેનું દૃષ્ટાંત નોંધપાત્ર છે.

નડીઆદની ન્યુ શોરોર મિલમાં રાવજીભાઇ નામના એક મેનેજર હતા. સામ્યવાદી વિચારસરણીથી રંગાયેલા, તેથી ઈશ્વર જેવી ચીજને સ્વીકારતા નહીં. કોઇપણ મંદિર કે મૂર્તિ સમક્ષ ક્યારેય માથું નમાવતા નહોતા. એક વખત તેઓ શ્રી સંતરામ મંદિરમાં આવ્યા. આવતાંની સાથે જ પૂ. નારાયણદાસજી મહારાજને સાષ્ટાંગ દંડવત કરી દર્શન કર્યાં. જે માણસ કદી ભગવાનને પણ નમે નહિ તે માણસને સાષ્ટાંગ દંડવત પ્રણામ

કરતા જોઇને પૂ. મહારાજશ્રીને પણ આશ્ચર્ય થયું.

પ્રણામ કરીને તેઓ મહારાજશ્રીની પાસે બેઠા. પૂ. નારાયણદાસજી મહારાજના પૂછયા વગર જ રાવજીભાઇએ કહ્યું કે, ''મહારાજ, હું સ્વયં સામ્યવાદી વિચારસરણીવાળો છું. મંદિર કે ઇશ્વરમાં માનતો નથી તેમ છતાં શ્રી સંતરામ મંદિરના સ્થાનમાં પ્રવેશ્યા પછી પ્રથમવાર સમાધિ સ્થાને મારું માથું ઝૂકી ગયું છે. આપશ્રીનાં દર્શનથી મને આપનામાં શ્રી સંતરામ મહારાજના ગુણોના દર્શન થાય છે.''

આમ એક ભણેલો - ગણેલો અને ઈશ્વરમાં ન માનનારો માણસ પણ શ્રી સંતરામ મહારાજમાં પરમાત્માનાં દર્શન કરે છે.

હિમાલય અને ઉત્તરકાશીના સંતો માટે તો શ્રી સંતરામ મંદિર પિયર ગણાય છે. ઉત્તરાવસ્થામાં જ્યારે કોઇ સ્થાન ન મળે તો શ્રી સંતરામ મંદિર છેવટનું આશ્રય સ્થાન બની રહે છે. ''નામ સુનકર આયા હું'' એવું બોલીને ઘણા બધા વૃદ્ધ સંન્યાસીઓ મંદિરમાં આવીને સુખેથી રહે છે.

હરદયાલ શેઠ નામે એક વ્યાપારી સંત હતા. તેમણે ભર્તૃહરિએ લખેલા વૈરાગ્યશતકનું હિન્દી ભાષામાં છંદ બદ્ધ અનુવાદ કરીને પુસ્તક રૂપે પ્રગટ કરેલું. પૂ. જાનકીદાસ મહારાજે આ વૈરાગ્યશતક હાલના મહંત પૂ. રામદાસજી મહારાજને પણ ભણાવેલું. તે સમયે શ્રી સંતરામ મંદિરમાં આવેલા એક સાધુના હાથમાં હરદયાલજીએ લખેલ વૈરાગ્યશતક પુસ્તક આપ્યું અને તેમણે વાંચ્યું. પુસ્તકથી સાધુ એટલા તો પ્રભાવિત થયા કે તેમને હરદયાલજીને મળવાની ઇચ્છા થઇ. તેઓ વિચારવા લાગ્યા કે જેણે આવું સરસ પુસ્તક લખ્યું છે તે માણસ કેવો હશે? તેથી તેઓ હરદયાલજીને મળવા તેમના ગામ પહોંચ્યા. ગામમાં જઇ તેમણે

એક માણસને પૂછયું કે ''ભાઇ, હરદયાલજી કયાં રહે છે?'' પેલા માણસે ગીચ વસ્તીવાળા બજારમાં એક પેઢી તરફ આંગળી ચીંધીને કહ્યું કે, ''પેલી પેઢી પર બેઠા છે તે જ હરદયાલ શેઠ.'' સાધુ તો આશ્ચર્યમાં પડી ગયા કે કયાં વૈરાગ્યશતકમાં લખાયેલી વાત અને કયાં આ માણસ ! સાધુ તો પેઢીની બાજુમાં નાની સરખી જગ્યા હતી ત્યાં બેસી ગયા અને હરદયાલ શેઠનો વ્યવહાર જોતા રહ્યા. હરદયાલ શેઠ સહેજ નવરા પડયા એટલે સાધુ તેમની પાસે પહોંચી ગયા અને બોલ્યા કે, ''હરદયાલજી, હમ તો આપકા નામ સુનકે આયે હૈં'' શેઠનો વ્યવહાર તેમના નામ પ્રમાણે જ હતો. ત્યારે સાધુને થયું કે પુસ્તક એવી રીતે લખાયું છે કે લખનાર મોટો સાધુ, ત્યાગી, સંત, વિરકત કે વૈરાગી હોવો જોઇએ.

સાંજ પડી એટલે શેઠ પેલા સાધુને પોતાને ઘેર લઇ ગયા અને ભિક્ષા કરાવી. થોડો સત્સંગ પણ કર્યો. બીજા દિવસે શેઠ તેમના નિત્ય ક્રમ પ્રમાણે પેઢીએ ગયા. પેલા સાધુ મહારાજ બીજા દિવસે પણ શેઠના વ્યવહારને જોતા રહ્યા. શેઠ સહેજ નવરા પડ્યા એટલે સાધુએ શેઠ હરદયાલને કહ્યું કે, ''હરદયાલ ચલ ! '' સાધુ માત્ર આટલું બોલ્યા એટલામાં તો હરદયાલ શેઠ ધમધમતી પેઢીને છોડીને સાધુની પાછળ ચાલતા થયા. સાધુના એકમાત્ર વચનથી પાછું વળીને જોયા વિના ધમધમતી પેઢી છોડીને ચાલી નીકળ્યા. શેઠનો વ્યવહાર સંસારીનો હતો પણ જીવ સંતનો હતો. તેમના પુસ્તકમાં પણ તેમણે લખ્યું છે કે, ''જન્મ થતાં પહેલાં પણ માતાના પેટમાં જેણે પોષણ કર્યું છે તો જન્મ પછી પણ પોષણ કરવાવાળો તો છે જ તો પછી ચિંતા શા માટે કરવી ?''

**जब माता की पेटमां पेट भर्यो**

**तब पेट की खातीर कयु रुची ताई**

**સિદ્ધ સ્વરૂપમપરોક્ષ સુખાભિલીનમ્ઃ**

સિદ્ધ સ્વરૂપમ્ અપરોક્ષ સુખાભિલીનમ્ એટલે આપ ગુરુ મહારાજ અપરોક્ષ સુખ એટલે નિજાનંદમાં નિરંતર લીન છો. આત્મ સિદ્ધિ એ મોટામાં મોટી સિદ્ધિ છે. બાકીની અષ્ટ સિદ્ધિઓ તો લૌકિક વ્યવહારની સિદ્ધિઓ છે. એકાંતમાં અદ્વૈતનો, અભેદનો અનુભવ તે આત્મસિદ્ધિ છે. વિના પ્રયત્ને સહજ રીતે પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થવો તેનું નામ અપરોક્ષાનુભૂતિ. તેનાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. સર્વ અનર્થો અને અનિષ્ટો નાબૂદ થઇ જાય છે. જન્મ-મરણના ફેરા સદાયને માટે પૂરા થઇ જાય છે.

ઉપનિષદો, શાસ્ત્રો તથા જ્ઞાનીઓના અનુભવમાં એક વાત બહુ સ્પષ્ટ છે કે આત્મા નથી પ્રત્યક્ષ કે નથી પરોક્ષ. છતાં પણ તેની હયાતી નથી. તેવું પણ નથી. આત્મતત્ત્વ તો સદા સર્વત્ર હાજર જ હોય છે. આમ છતાં તે ઈન્દ્રિયગમ્ય પણ નથી. આત્મા સર્વકાળે સર્વ સ્થળે અપરોક્ષ રૂપે રહેલો છે. આ અપરોક્ષ છે તે જ બ્રહ્મ છે.

બ્રહ્મનું દર્શન એટલે પોતાના સ્વરૂપનું દર્શન, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે,

**વિમૂઢા નાનુપશ્યંતિ પશ્યંતિ જ્ઞાન ચક્ષુસઃ**

માત્ર જ્ઞાનચક્ષુ દ્વારા જ બ્રહ્મતત્ત્વ, આત્મતત્ત્વને જાણી શકાય છે. અજ્ઞાની તે કયારેય જાણી શકતો નથી. સ્વરૂપ કે આત્મા અપરોક્ષ છે. એટલા માટે જ તેને જાણવા માટે ઉપદેશની જરૂર છે.

ગુરુ અને શાસ્ત્ર પરંપરાથી ચાલી આવતી આપણી શિક્ષણ પરંપરા વિના સર્વના સાક્ષી એવા આત્માની અપરોક્ષ અદ્વિતીયતા જાણી શકાતી નથી.

અનુભૂતિ એટલે સ્વાનુભવ. વિચારશીલ વ્યક્તિ પોતાના અનુભવોમાંથી પ્રેરણા લઇને જીવનની દિશા નક્કી કરી શકે છે.

**અનુભવથી બધું જ મળશે.**

**ના મળશે તુજને વાચનથી**

**તડપવાનું છે સમજણથી**

**સમજવાનું છે જીવનથી.**

આથી જ આપણી ગુજરાતી કહેવતમાં કહેવાયું છે કે,

**જયાં ન પહોંચે કવિ**

**ત્યાં પહોંચે અનુભવી**

સુખ દુઃખની પુનરાવૃત્તિ માનવીના જીવન દરમ્યાન સતત થતી જ રહેતી હોય છે. સુખ કે દુઃખ બીજાના કારણે જન્મે છે તેવી ભ્રાંતિથી માણસ પીડાતો હોય છે. તેથી તે દુઃખ દૂર કરવા માટે પ્રયત્નશીલ બને છે. પણ તે માને છે કે સુખ બીજામાંથી મળે છે માટે વ્યક્તિ સંસારમાં સુખની શોધ સતત ચાલુ રાખે છે.

માનવીનું મન કાં તો કાંઇક પ્રાપ્ત કરવા માટે અથવા તો પ્રાપ્ત કરેલી વસ્તુ ગમતી ન હોવાથી એનો ત્યાગ કરવાના પ્રયત્નો કરતો હોય છે. સુખ આપતી વિષયવસ્તુને તે પોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે અને દુઃખદ પરિસ્થિતિઓમાંથી પલાયન કરે છે. માનવમનની આ ભાગદોડ તેના પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવોના આધારે થાય છે. પરંતુ આ બધાથી પર કાંઇક અપરોક્ષ અનુભવ છે તેનો વિચાર કરવાનું તે ભૂલી જાય છે.

આપણે પ્રત્યક્ષ સંસારી સુખો પાછળ આંધળી દોટ મૂકીએ છીએ. આપણી દૃષ્ટિ સાચી હોય છે. પરંતુ દિશા ખોટી હોય છે. ધરતી અને સ્વર્ગ વચ્ચેની આ ભાગદોડ તેની પ્રત્યક્ષ કે પરોક્ષ

અનુભૂતિ કહી શકાય. ધરતી પર દેખાય છે તે પ્રત્યક્ષ છે. સ્વર્ગ માત્ર કલ્પના છે. ટૂંકમાં કહીએ તો અપરોક્ષ અનુભૂતિ એટલે આત્માના સુખનો અનુભવ. ઉચ્ચ કોટીના આત્માઓ આત્માનુભૂતિમાં લીન થઇ ગયેલા હોય છે. એટલે જ શ્લોકના પ્રથમ ચરણમાં કહ્યું છે.

**સિદ્ધ સ્વરૂપમપરોક્ષ સુખાભિલીનમ્ ।**

**શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।**

જેમનું સ્વરૂપ સિદ્ધ છે જે અપરોક્ષ સુખમાં સારી રીતે લીન થએલા છે તેવા સંતરામ ગુરુ રૂપી ઈશ્વરને હું નમસ્કાર કરું છું.

આપણા નિજ સ્વરૂપમાં જોનારો બીજો નથી. અર્થાત્ આત્મા, પરમાત્મા તથા બ્રહ્મ આ બધું અન્ય નથી તે આપણું પોતાનું જ સ્વરૂપ છે તેથી જ તેને અપરોક્ષ કહેવામાં આવે છે. દા.ત. વિદ્યુતપ્રવાહને તથા ગુરુત્વાકર્ષણ બળને આપણે જોઇ શકતા નથી પરંતુ તેને જાણીએ છીએ. તેવી જ રીતે બ્રહ્મ કે આત્મચેતના કે પરમાત્માને આપણે નરી આંખે જોઇ શકતા નથી પરંતુ તેમના અસ્તિત્વને અનુભવીએ છીએ અને તેનો સ્વીકાર પણ કરીએ છીએ.

ટૂંકમાં આપણે એટલું જ સમજીએ કે અપરોક્ષ અનુભૂતિ એટલો આત્માના સુખનો અનુભવ. આત્માનુભૂતિ એટલે આત્માના સુખનો અનુભવ.

આ આત્માનુભૂતિ અર્થાત્ આત્મસુખની અપરોક્ષ અનુભૂતિ કહેવાય છે. જય મહારાજના સ્વરૂપમાં પણ એ ‘‘અપરોક્ષાનુભૂતિ’’ એવી તદ્રુપ થયેલી છે કે તેની અંદર તેઓ સંપૂર્ણ પણે વિલીન થઇ ગયેલા છે.

આત્મસુખ આપણે પોતે જ ભોગવવાનું છે. આત્મસુખ પામ્યા પછી માનવીને બાહ્ય લૌકિક જગતમાંથી કશું જ મેળવવાનું રહેતું નથી. મીરાંબાઇએ ગાયું છે કે,

**પાયોજી મૈંને રામરતન ધન પાયો....**

આમ આત્મધન મેળવ્યા પછી લૌકિક ધન-સુખની ઇચ્છા રહેતી નથી. આપણા ગુરુ મહારાજ પણ આવા જ આત્મધન રૂપી દિવ્ય છે તેમને પામ્યા પછી અન્ય ઇચ્છા રહેતી નથી.

**યં લબ્ધ્વા ચાપરં લાભં, મન્યન્તે નાધિકંતતઃ**

ગુરૂ મહારાજનું આવું દિવ્ય સ્વરૂપ આપણને બીજે કયાં મળવાનું છે? ગુરૂ મહારાજ પોતે આત્મદર્શન કરીને બીજાઓને પણ આત્મદર્શન કરાવે છે. આત્મસુખ આપણે પોતે જ ભોગવવાનું છે. આત્મસુખ પામ્યા પછી માનવીને બાહ્ય લૌકિક જગતમાંથી કશું જ મેળવવાનું રહેતું નથી.

**વિજ્ઞાન મૂર્તિંમતિ સૌમ્યમઅખંડ કાન્તિમ્**

વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. પ્રશ્ન થાય છે કે આ વિશેષ પ્રકારનું જ્ઞાન કયું ?

જેણે પોતાના આત્માને ઓળખ્યો છે, આત્માનુભૂતિ કરી લીધી છે તેવું વિશેષ પ્રકારનું જ્ઞાનનું સ્વરૂપ એટલે ''વિજ્ઞાનમૂર્તિ'' આપણા મહારાજશ્રી આવા જ જ્ઞાનમૂર્તિ છે.

આપણને શરીર અને ઈન્દ્રિયોનું જ્ઞાન હર હંમેશ રહે છે. ઈન્દ્રિય સુખ દુઃખની અનુભૂતિ સદાય થતી રહે છે. અર્થાત્ દેહાધ્યાસ તો સતત રહે છે. આ દેહાધ્યાસમાંથી જ અહંકાર, ક્રોધ, રાગ, દ્વેષ જન્મે છે. પરંતુ જેની આત્મવૃત્તિ શાંત થઇ હોય, પોતાના નિજ સ્વરૂપ સિવાય અન્ય કશાયની પરવા ન હોય તેને

વિજ્ઞાનમૂર્તિ સ્વરૂપ કહેવામાં આવે છે.

જેમ મીઠાની પૂતળીને સમુદ્રમાં મૂકીએ તો તે સમુદ્રના પાણીમાં સમરસ થઇ જાય છે તેમ આત્મસુખમાં સમરસ થઇ ગયેલા આપણા ગુરુ મહારાજ કે જે વિજ્ઞાનમૂર્તિ છે તેમનું સાંનિધ્ય આપણા સહુના જીવનને આત્મસુખ આપે છે.

ગુરુ ગીતામાં પણ ''જ્ઞાન સ્વરૂપં નિજબોધ યુક્તં'' કહીને આપણા શ્રી ગુરુ મહારાજને યાદ કર્યા છે. ગુરુ મહારાજને વિજ્ઞાનમૂર્તિનું સંબોધન કર્યું છે. તેમની સદા આપણી ઉપર કૃપાદૃષ્ટિ રહે છે. તેથી સેવા-ભક્તિ કરીને આપણે તેમના કૃપાપાત્ર બનીએ. પદ સંગ્રહમાં ગવાયું છે કે,

**''ઘણી દયા કરી આતમ સુખ આપો તો મનમાં લઇએ.''**

પૂ. સંતરામ મહારાજને ''વિજ્ઞાન મૂર્તિમતિ'' કહીને સાથે સાથે 'સૌમ્યમતિ' પણ કહ્યા છે. મતિ એટલે બુદ્ધિ. બુદ્ધિમાં ચંચળતા, વિકૃતિઓ, વાસનાઓ હોય ત્યાં સુધી સૌમ્ય બની શકાતું નથી. બુદ્ધિમાં સાત્વિકતા, સદાચાર, સંયમ, ભગવદ્ સ્મરણ હોય તો જ સૌમ્યતા આવે છે.

સમાધિ સમક્ષ ગુરુ મહારાજનાં દર્શન કરવા ઊભા રહીએ છીએ ત્યારે બુદ્ધિ સ્થિર થઇ મન શાંત બને છે. આધિ, વ્યાધિ, ઉપાધિ ટળી જાય છે. કારણ કે ગુરુ મહારાજ સાક્ષાત્ સૌમ્યઅખંડ કાન્તિમ્ છે. મનની શંકાઓ અને ક્લેશ ટળી જાય છે.

**।। શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોઽભિષ્ટદં નિત્યમીડે ।।**

જેવા રંગનો પ્રકાશ આપણા ઉપર પડે તેવા રંગના આપણે દેખાતા હોઇએ છીએ. સૌમ્યમૂર્તિના પ્રકાશવાળા આપણા જય મહારાજનો સૌમ્ય પ્રકાશ આપણા ઉપર પડે છે ત્યારે આપણે પણ

તેઓના સાંનિધ્યમાં સૌમ્યમૂર્તિ થઇ શકીએ છીએ. સમાધિ સ્થાનમાં જ્યોત, ગાદી અને પાદુકાના દર્શન કરવાથી આપણને શીતળતા અનુભવાય છે. ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે ''જે મારી ઉપાસના કરે છે તેને હું પ્રાપ્ત થાઉં છું'' વિજ્ઞાનમૂર્તિ, જ્ઞાનમૂર્તિ અને શાંતમૂર્તિ એવા સ્વયં ભગવાનનું સ્વરૂપ ધારણ કરેલા આપણા શ્રી સંતરામ મહારાજનાં દર્શન સ્મરણ કરવાથી તેમના જેવા ગુણો આપણામાં ઉતરે છે.

**દુઃખઘ્નો યત્ર વાતિ પ્રણતજનમનો હ્‌લાદકારી ચ વાયુઃ**

જ્યાં મનની અશાંતિ અને દુઃખોને દૂર કરનારો આહ્‌લાદક વાયુ વહી રહ્યો છે તેવા મંદિર પરિસરમાં પ્રવેશતાંની સાથે જ આપણે અવર્ણનીય સ્પંદન અનુભવીએ છીએ.

ગુરુ મહારાજની કાન્તિ અખંડ છે. સમાધિ સ્થાનમાં જયોત સ્વરૂપે સાક્ષાત્ બિરાજેલા મહારાજશ્રીનું તેજ, ઓજસ સ્વયં પ્રકાશિત છે તે નિત્ય છે, સુંદર છે તેઓ આત્મસુખની અનુભૂતિ કરેલા અવધૂત યોગી છે.

સૌમ્યમતિવાળા (પૂર્ણશાંત) મહારાજ ક્યારેય ગુસ્સે થતા નથી તેમની બુદ્ધિમાં કયાંય આવેગ, અવિચારીપણું હોતું નથી. તેમની બુદ્ધિમાં સ્થિરતા અને ગંભીરતા છે અને તેથી જ તેઓ અખંડ કાન્તિમ્ છે.

શાસ્ત્ર એ જ સંતનું શસ્ત્ર છે. જ્ઞાનરૂપી શસ્ત્ર વડે તેઓ આપણને વિજય પ્રાપ્ત કરાવે છે. ગુરુ મહારાજ ઉદાર છે. શાસ્ત્રના જ્ઞાનથી તેઓ સહુને જીતી લે છે. તેઓ ઇષ્ટદેવ છે તેથી જ

'શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ' એક કહેવામાં આવ્યું છે.

આપણા આરાધ્ય એવા અવધૂત યોગીરાજ પૂ. શ્રી

સંતરામ મહારાજનું સ્વરૂપ....

**શાંતચિત્તમ્ અર્થાત્ શાંતમૂર્તિ છે.**

**સૌમ્યમૂર્તિમ્ અર્થાત્ (તેમની બુદ્ધિમાં સ્થિરતા છે.)**

**સિદ્ધ સ્વરૂપમ્ અર્થાત્ તેઓ સ્વયં સિદ્ધ યોગી છે.**

**અપરોક્ષ સુખાભિલીનમ્ અર્થાત્ પ્રત્યક્ષ, પરોક્ષ અને અપરોક્ષ સુખની અનુભૂતિ પામેલા છે.**

**વિજ્ઞાનમૂર્તિમ્ અર્થાત્ તેઓ વિશેષજ્ઞાનનું સ્વરૂપ છે.**

**મતિ સૌમ્યમ્ અર્થાત્ તેમની પ્રજ્ઞા સૌમ્ય છે.**

**કાંતિમ્ એટલે તેમના સ્વરૂપની સૌમ્યતા, કાંતિ, આભા દિવ્ય અખંડ જ્યોતિની જેમ નિત્ય અખંડિત છે.**

જયાં સૌમ્યતા, શીતળતા ત્યાં જ શાંતિ મળે છે. શ્રી સંતરામના શરણે આવ્યા પછી કયાંય જવાની ઇચ્છા જ થતી નથી. મહારાજના ધામમાં સર્વસ્વ છે. તેઓ બ્રહ્મ સ્વરૂપ છે તેથી જ પદ સંગ્રહમાં પણ કહ્યું છે પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક. શ્રી સંતરામનું સાંનિધ્ય સાત્વિક અને ઊંચી ભૂમિકાવાળું છે.

સવારમાં વહેલા ઊઠીને જય મહારાજની વંદના કરવી જોઇએ. તેઓ સહુના પાલક-પોષક છે. તેઓ સ્વયં જ્ઞાનના ભંડાર છે તેથી ભક્તોને પણ વિશેષ પ્રકારનું આધ્યાત્મિક જ્ઞાન આપે છે. પૂ. મહારાજે તેમના જ્ઞાનનો ખજાનો ખુલ્લો મૂક્યો છે. જેને જેટલો લૂંટવો હોય તેટલો લઇ શકે છે. કારણ કે મહારાજ તો આપવા જ બેઠા છે. એકવાર જે શ્રી સંતરામ મંદિરનું પગથિયું ચડે તે સમાધિ સ્થાનને શરણે થઇ જાય છે.

**રડતાં આવી હસતા જાય, એવી લીલા તમારી**

**કેવી આ ધૂણી ધખાવી.**

**સત્યસ્વરૂપમચલં કરુણાનિધાનં**
**ધૈર્યાદિસદ્‌ગુણયુતં શુભશાન્તવૃત્તિમ્**
**ઉદ્યત્પ્રતાપસહિતં શરણં જનાનામ્**
**શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ॥ ૨ ॥**

**હે મહારાજ ! આપ સત્ય સ્વરૂપ છો, અવિચલ છો, કરુણાનિધાન છો, ધૈર્ય, ઔદાર્ય, ચાતુર્ય, ક્ષમા, દયા જેવા સદ્‌ગુણોથી સંપન્ન છો. પવિત્ર અને શાન્તવૃત્તિ છો, ઉર્ધ્વગામી પ્રતાપી ગુણવાળા છો. સંસારીજનોનું શરણ એટલે આશ્રય છો. આવા સંત અને ભગવત્ સ્વરૂપ ગુરુદેવ સંતરામ મહારાજનું પ્રાતઃ સ્મરણ કરું છું અને સેવા કરું છું. (૨)**

પરમ સત્ય એટલે પરમાત્મા. પરમાત્મા એ જ પરમ સત્ય છે. આત્મા આપણા શરીરનું, જીવનનું પરમ સત્ય છે. સત્ય બદલાતું હોતું નથી, તેમાં ક્યારેય વધઘટ થતી હોતી નથી. મહારાજશ્રી સ્વયં સત્ય સ્વરૂપ છે. જગતનાં સુખો મિથ્યા છે, ક્ષણભંગુર છે. પરમ સત્ય અને નિત્ય સત્ય એક માત્ર ઈશ્વર છે. ઈશ્વર સદાય નિત્ય અને અખંડ છે. તેથી જ આપણે કહીયે છીએ કે,

**''શ્રી સંતરામ મહારાજ સત્ય છે.''**

આપણા જીવનનું પરમ સત્ય આત્મા છે, પરમાત્મા છે. ગુરૂ મહારાજ ''સત્ય સ્વરૂપમ્'' છે. સત્યનું સાચું મૂર્ત સ્વરૂપ છે. જેમ રાજા હરિશ્ચંદ્ર સત્યનું મૂર્ત સ્વરૂપ હતા, કર્ણ દાનનું મૂર્ત સ્વરૂપ હતા. તેમ ગુરૂ મહારાજ પરમાત્મા રૂપી સત્યનું મૂર્ત સ્વરૂપ છે. તેઓ પોતાના શરીર વિગ્રહમાંથી આત્માના સ્વરૂપને સતત

વિલસતું અનુભવી રહ્યા છે. હું શરીર નથી પરંતુ આત્મા છું તેવી ઉચ્ચ અવસ્થાએ પહોંચેલા છે. ભૌતિક શરીર તો એક વિકાર છે, વિકૃત્તિ છે. તેમાં વૃધ્ધિ અને ક્ષય થતો રહેતો હોય છે. પરંતુ શરીરમાં રહેલો આત્મા અખંડિત શાશ્વત અને નિત્ય છે. તેમાં વૃધ્ધિ કે ક્ષયને અવકાશ નથી. ગુરૂ મહારાજ સ્વયં આ સત્યના અધિકારી છે. આપે આ પરમ સત્યની અનુભૂતિ કરેલી છે. પરમ સત્યને પોતાના શરીરમાં વિલીન કરી લીધું છે. આત્મા એ પરમાત્માનો જ અંશ છે. તે પરમ સત્યનો જ અંશ છે.

**સત્યસ્વરૂપમચલં કરુણાનિધાનં**

તેમનું આ સત્ય સ્વરૂપ અચલ છે તેમાં ચંચળતા નથી. આપણું મન વાનર જેવું છે તે સતત અસ્થિર અને ચંચળ હોય છે પરંતુ ગુરૂ મહારાજ તો સ્વયં ''અચલ સ્વરૂપ'' છે. આપણામાં જેટલી સ્થિરતા વધારે હશે તેટલું આત્માનુસંધાન વહેલું કરી શકાશે. ચંચળ મન અને ઈન્દ્રિયોવાળા માણસો કયારેય આત્માનુસંધાન કરી શકતા નથી.

ગુરૂ મહારાજ સત્ય સ્વરૂપ છે. પોતાનું સ્વરૂપ પોતાને જ સમજાય. આત્મા પરમ સત્ય છે. પોતાનો આત્મા એ જ પોતાનું સ્વરૂપ છે. એ આત્મા સ્વરૂપને સમજવાથી આખા જગતને-સૃષ્ટિને સમજી શકાય છે. આત્માને સમજવાથી પરમાત્માને પણ સમજી શકાય છે. જે આત્માને પ્રાપ્ત કરી શકતો નથી તે પરમાત્માને પણ ઓળખી શકતો નથી, ગુરૂ મહારાજ સ્વયં આત્મ સ્વરૂપ છો. આપ પરમાત્મા સ્વરૂપ છે. પોતાના આત્માને પરિપૂર્ણ રીતે સમજી ચૂકેલા છો. આપ માત્ર સત્યને સમજી ચૂકેલા છો, તેટલું જ નહીં પરંતુ સ્વયં પોતે ''સત્ય સ્વરૂપ'' છો.

**ચૈતન્યં શિષ્યમધ્યે.**

''પદસંગ્રહ'' માં પણ ગાયું છે કે,

પ્રભુ મારા હૃદિયા કમળ વચ્ચે રહો છો રે. ગુરૂ મહારાજનું આ ''સત્ય સ્વરૂપ'' આપણા સહુમાં વસે છે. તે શાશ્વત છે. તેથી જ ગુરૂ મહારાજની ''યથાનામ તથા ગુણ'' કહીને સંબોધવામાં આવ્યા છે.

**સર્વેષાં હૃદયે રમન્તિ ઈતિ રામઃ**

દરેકના હૃદયમાં રમવાવાળા ગુરૂ મહારાજ શ્રી સંતરામ છે તેથી જ કહેવાયું છે કે :

**સત્ય સ્વરૂપમ્ અચલમ્**

ગુરૂ મહારાજ અચલ છે. એક માત્ર પરમાત્મા જ આ સૃષ્ટિમાં અચલ છે. બાકી આ સમગ્ર સૃષ્ટિ પરિવર્તનશીલ છે.

આ સૃષ્ટિમાં જુઓ, દુનિયા સેંકડો વર્ષોથી ચાલ્યા કરે છે, અને ચાલશે. આપણા જેવા આ સૃષ્ટિમાં અનેકો આવ્યા અને ગયા. આ સૃષ્ટિ ઉપર અસંખ્ય જીવો જન્મ્યા, જીવ્યા અને મૃત્યુ પામ્યા છે. જન્મવું અને મરવું એ સૃષ્ટિનો ક્રમ છે, શરીર, જન્મ નાશવંત છે.

તો પછી પ્રશ્ન થાય છે કે, ''શાશ્વત સ્વરૂપ કયું?'' તેનો જવાબ છે, ''આત્મા'' આ સૃષ્ટિ-જગત એક ભાંજગડ છે. અર્થાત્ તે ભાંગે છે. નાશ પામે છે અને ફરીથી ઘડાય પણ છે - સર્જાય છે. ભાંજગડ એટલે બનાવવું અને તોડવું. તોડવું અને બનાવવું એનું નામ ભાંજગડ. ભાંજ એ ભાગવું - તોડવું અને ગડ એટલે ઘડવું - બનાવવું - સર્જવું. આમ આ સૃષ્ટિમાં કશું જ શાશ્વત નથી.

**થયું તે સૌ પડવાનું જાણો રે,**

**રહેવાનું છે તે ઉર આણો રે.**

આ મહારાજશ્રીના સ્વમુખે ગવાયેલા શબ્દો છે. આજે જે દેખાય છે તે એક દિવસે તો અચૂક પડવાનું જ છે. તો પછી તેનો મોહ શા માટે ? શરીર અને મન સુખ કરતાં દુઃખ વધારે આપે છે. શરીર કોઇ દિવસ સુખ આપતું નથી. તે માત્ર ક્ષણિક - થોડાક જ સમય માટેનું સુખ આપે છે. વાસ્તવમાં શરીર એ તો દુઃખનું ઘર છે, જેમાં સુખ અલ્પ અને દુઃખ અતિશય છે.

પૂ. મહારાજશ્રીના આ ''સત્ય સ્વરૂપ'' ને સત્ય સ્વરૂપં અચલમ્ કહેવામાં આવ્યું છે. ગુરૂ મહારાજનું આ સત્ય સ્વરૂપ ''અચલ'' છે, શાશ્વત છે. હે ! ગુરૂ મહારાજ અમો આપના આ ''સત્ય સ્વરૂપ'' નાં દર્શન કરીએ છીએ.

સમગ્ર સૃષ્ટિનું પરમ સત્ય કયું ? તેનો જવાબ છે ''પરમાત્મા'' આ જીવન, આ શરીરનું પરમ સત્ય કયું ? આપણું જીવન તથા આ શરીર સમગ્ર સૃષ્ટિનો જ એક ભાગ છે. અમે પણ ગુરુ મહારાજથી સહેજ પણ તલ-ભાર અળગા નથી. સમગ્ર સૃષ્ટિમાં જેમ પરમાત્મા વ્યાપ્ત છે તેમ આપણા જીવન અને શરીરમાં પણ પરમાત્માનો જ વાસ છે. અને એટલે જ ગુરૂ મહારાજના સ્વરૂપને ''સત્યસુખ અચલમ્'' કહીને સંબોધવામાં આવ્યું છે. શરીરમાં રહેલી ચેતના એ પરમ સત્ય છે કે જે અચલ છે. શરીરમાં રહેલો આત્મા સ્થિર-અચલ છે. આત્મા અવ્યક્ત, અચલ અજન્મા અને અમર છે. આત્માને કયાંય વિકૃતિઓ નથી. જે વિકૃતિઓ છે તે શરીરને છે. શરીર વૃદ્ધ થાય, કરચલીઓ પડે, રોગો જન્મે અને અંતે મૃત્યુ થાય. આમ શરીર સત્ય નથી. તે મરણધર્મા છે. આ શરીરનો એક દિવસે તો ચોક્કસ નાશ થવાનો જ છે. **શીર્યંતે ઈતિ શરીરમ્** તો પછી આપણને પ્રશ્ન થાય છે કે, સત્ય શું છે ? અવિનાશી કોણ છે? એક માત્ર આત્મા અવિનાશી

છે, આત્મા પરિપૂર્ણ છે.

ગુરૂ મહારાજ કહે છે કે, જે અચલ વિભૂતિ છે તે ક્યારેય નાશ પામતી નથી. ભલભલો માણસ પણ અમુક પરિસ્થિતિઓમાં હાલી જાય છે, અસ્થિર થઇ જાય છે. દા.ત. ધ્યાનમાં કે ભજનમાં બેઠા હોઇએ અને કીડી કે મચ્છર કરડી જાય તો સ્થિરતા રહે છે ખરી ? આપણું શરીર તુરત જ હાલી જાય છે. આ એક દેહાધ્યાસ છે. જયાં સુધી શરીર ભાવ હશે ત્યાં સુધી સ્થિરતા, ધૈર્યતા આવતી નથી. દેહાધ્યાસ છૂટે તો જ અચલતા આવે છે.

આપણા ગુરૂ મહારાજ આત્માનુસંધાન સિદ્ધ છે. તેઓ નિજ સ્વરૂપમાં ધ્યાન મગ્ન અને યોગ સમાધિમાં લીન છે. જેમ વાલ્મિકી ઋષિના શરીર ઉપર રાફડો ચડી ગયો છતાંય તેઓ રામ નામ સમાધિમાંથી ચલિત નહોતા થયા. જાજલી ઋષિની જટામાં ચકલીએ માળો કરીને ઈંડાં મૂકી તેમાંથી બચ્ચાં બહાર નીકળ્યા તેમ છતાંય તેઓ તપશ્ચર્યા, યોગ સમાધિમાંથી બહાર જ ના નીકળ્યા. ચ્યવનઋષિને પણ આખા શરીરે રાફડો બાજ્યો હતો. આવા સ્વરૂપને અચલ સ્વરૂપ કહ્યું છે. આપણા ગુરૂ મહારાજ પણ આવા સત્ય સ્વરૂપમચલં અને કરૂણાનિધાન છે.

સમગ્ર સંસાર અસત્ય છે, નાશવંત છે. આ સ્થૂળ શરીર જે પંચ મહાભૂતનું બનેલું છે તે પણ નાશવંત છે. જળ, વાયુ, આકાશ, અગ્નિ અને પૃથ્વી. માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેના શરીરમાં રહેલા પંચ મહાભૂતો સ્વ-સ્વરૂપમાં ભળી જાય છે. પરંતુ મૂળ તત્ત્વોનો નાશ થતો નથી. આ પાંચેય તત્ત્વો શાશ્વત છે. આત્મા પણ શાશ્વત છે. માત્ર શરીરનો જે આકાર છે તે નાશવંત છે. શરીરનું મૃત્યુ થાય ત્યારે આત્મચેતના પરમ્ તત્ત્વમાં જતી રહે

છે. આત્મા પરમાત્મામાં ભળી જાય છે. આમ ગુરૂ મહારાજ સત્ સ્વરૂપ છે, પરમાત્મા સ્વરૂપ છે. તેઓ આપણા સહુમાં બિરાજેલા છે. ગુરૂ મહારાજના આ સત્ય, અચલ, શાશ્વત સ્વરૂપનું આપણે સહુ દર્શન કરીએ.

**કરૂણા નિધાનં :**

આપણા ગુરૂ મહારાજ સ્વયં કરૂણાની મૂર્તિ છે. ''પદસંગ્રહ''માં ગવાયું છે કે, ગુરૂ મહારાજ આપ પૂરણ પ્રેમ દયાલની મૂર્તિ છો. કરૂણામૂર્તિ કોટી અપરાધ કરેલી વ્યક્તિને પણ શરણું આપે છે. આપણા કોટી અપરાધોને માફ કરીને પણ શરણું આપે છે. સાંજના સમયે ગુરૂ મહારાજના સાન્નિધ્યમાં બેસીને ભકતો કરૂણા મૂર્તિની સમક્ષ પ્રાર્થના કરતાં ગાય છે કે,

**ત્રિવિધ તાપ દર્શન સે ટારત,**
**કોટિ અપરાધ વિસારી,**
**પરમ દયાલ મનોરથ પૂરણ,**
**સમર મન સંતરામ સુખકારી.**

ગુરૂ મહારાજ ભક્તોનાં સંકટ દૂર કરવામાં ઉદાર છે. તેમની ગતિ ચિદાકાશમાં વિસ્તરેલી છે. તેમની ભૂકુટિ આત્મ ધ્યાનમાં દૃઢ-સ્થિર છે. પરબ્રહ્મ દેહ ધારણ કરીને આપણને દર્શન આપે છે. તેમનું દર્શન કરવાથી આ સંસારના આધિ, વ્યાધિ અને ઉપાધી ટળી જાય છે. તેઓ ભક્તોના કરોડો અપરાધો વિસરી જાય છે. તેઓ પરમ દયાળુ કરૂણાના મૂર્તિ હોઇ ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ આ ચારેય પદાર્થોનું પ્રદાન કરીને ભક્તોના મનોરથ પૂરા કરે છે. પૂજ્ય શ્રી લક્ષ્મણદાસજી મહારાજ ગુરૂ મહારાજની આરતી કરતાં કહે છે કે, ''હે ગુરૂજી ! તમે પરમ કૃપાળુ છો, મારી આરતીનો તમે સ્વીકાર કરો, હું તમારી ઉપર વારી જાઉં છું.''

ગુરૂ મહારાજનાં ચરણ કમલ, ગાદી અને તેમની દિવ્ય જ્યોત આત્મ કલ્યાણ આપનાર છે. આપણી બધી જ તૃષ્ણાઓને દૂર કરે છે. આપણા આત્માનું કલ્યાણ કરે છે.

**ધૈર્યાદિ સદ્‌ગુણયુતં શુભશાન્તવૃત્તિમ્**

ગુરૂ મહારાજનું દિવ્ય સ્વરૂપ, એમનું સાન્નિધ્ય, એમનાં દર્શન અને એમના સત્ય સ્વરૂપનો સત્સંગ આપણા જીવનને સૌમ્ય બનાવે છે. સદ્‌ગુરૂ મહારાજ સ્વયં પ્રકાશપુંજ છે. જેમ સૂર્ય-ચંદ્ર અખંડ પ્રકાશે છે બસ તેવું જ સ્વરૂપ મહારાજનું છે. તેમનાં દર્શનથી જીવને સ્થિરતા અને શાન્તિ મળે છે.

જેના જીવનમાં, જેના સ્વભાવમાં, જેનાં દર્શનમાં સૌમ્યતાનું જ દર્શન થાય છે. જ્યાં સહેજ પણ ઉગ્રતા ન હોય, વ્યગ્રતા પણ ન હોય તેવા સ્વરૂપને ધૈર્ય સ્વરૂપ કહેવાય છે. આપણા ગુરૂ મહારાજ ધૈર્ય રૂપી સદ્‌ગુણોથી વ્યાપ્ત છે. કારણ કે તેઓ ''અપરોક્ષાનુભૂતિ''માં નિરંતર વ્યાપ્ત છે. તેઓ સ્વયં ''આત્મસ્થ'' છે. આ જગતનું પરમ સત્ય એટલે આત્મા શ્રીમદ્ ભાગવતમાં પણ સત્યનો મહિમા ગવાયો છે.

**સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં સત્યસ્ય યોનિં નિહિતં ચ સત્યે**
**સત્યસ્ય સત્યામૃત સત્ય નેત્રં સત્યાત્મકં ત્વાં શરણે પ્રપન્ના**

હે પરમાત્મા તત્ત્વ સત્ય ! હું આપના શરણે આવ્યો છું આપણો આ આત્મા પરમ સત્ય છે. શરીર ભાવથી મુક્ત બનીને પરમ સત્ય સ્વરૂપ આત્માને શરણે જા. શરીર તો ક્ષણભંગુર છે, નાશવંત છે. માટે તે સત્ય નથી. આત્મા શાશ્વત છે, અમર છે. માટે પોતાના આત્માના શરણે જવું જોઇએ. જ્યાં સુધી દેહભાવમાં રહેશો ત્યાં સુધી શરીરના વિષયો અને ધર્મો તમને હેરાન પરેશાન કરશે. દુઃખી દુઃખી કરશે. પરંતુ જો આત્માના શરણે જતા રહીશું

તો દેહભાવ જતો રહે છે. દેહનાં દુઃખોમાંથી છોડાવીને તે આપણને માત્ર આત્માનું જ સુખ આપે છે.

**સિદ્ધસ્વરૂપમ્ઃ**

ગુરૂ મહારાજનું આ શાશ્વત સત્ય સ્વરૂપ સિદ્ધ છે, પરિપક્વ છે. આત્માનું સ્વરૂપ પરિપકવ સ્વરૂપ છે. આપણા જય મહારાજ સ્વરૂપ ભગવાને આ પરિપુર્ણ પક્વ સ્વરૂપને પ્રાપ્ત કરી લીધું છે. આવી દિવ્ય ચેતનાના સ્વરૂપનું આપણે રોજ પ્રાતઃકાલે તેમજ સાંયકાલે નિત્ય દર્શન કરીએ.

ગુરૂ મહારાજનું દિવ્ય સ્વરૂપ, એમનું સાન્નિધ્ય, એમનાં દર્શન અને એમના સત્ય સ્વરૂપનો સત્સંગ આપણા જીવનને સૌમ્ય બનાવે છે. સદ્‌ગુરૂ મહારાજ સ્વયં અખંડ પ્રકાશપુંજ છે. જેમ સૂર્ય-ચંદ્ર અખંડ પ્રકાશે છે બસ એ જ રીતનું ગુરૂ મહારાજનું સ્વરૂપ છે. એમના દર્શનથી જીવને સ્થિરતા અને શાન્તિ મળે છે.

**શુભશાન્તવૃત્તિમ્ઃ**

પૂ. મહારાજશ્રી શરણે આવેલાને પાળે છે, પોષે છે, તેનું શુભ ઇચ્છે છે. સમર્થ સદ્‌ગુરુ મહારાજ ભગવાન સ્વરૂપે બિરાજેલા છે. સદ્‌ગુરૂ મહારાજ પ્રાપ્ત થયા પછી જગતમાં કોઇથી ડરવાની જરૂર નથી. કારણ કે તેઓ પોતાના શરણે આવેલાનું સદાય શુભ ઇચ્છે છે. અને પોતાનો બનાવીને તેનો ઉદ્ધાર કરે છે. તેને પોતાના સ્વરૂપમય બનાવે છે. ''પદસંગ્રહ''માં પૂ. મહારાજશ્રી કહે છે કે,

**તમારા શરણે જે કોઇ આવે,**
**તેને સદાય શીર પર ગાજો છો.**

પોતાના શરણે આવેલાને સદાય પ્રેમથી પંપાળે છે, આવકારે છે. મહારાજશ્રી ઉદારતાનો ભંડાર છે. શરણે આવેલાને

તેઓ ક્યારેય તરછોડતા નથી.

અશાન્ત થયેલા મનવાળાને મનની શાંતિ આપે છે. તરસ્યો હોય તો તેને ઠંડુ પાણી પીવડાવીને તેની તરસને શાંત કરે છે. આંગણે આવેલાને ભોજન આપી તૃપ્ત કરે છે. દુઃખીને ઔષધ આપીને તેના દુઃખ દૂર કરે છે. મહારાજશ્રી તો સુખ-શાંતિની ઝોળી ખોલીને બેઠા છે. જેને જે લેવું હોય તે લઇને શાંતિ મેળવે છે. કારણ કે તેઓ સૌનું કલ્યાણ કરવાવાળા છે. સૌનું શ્રેય કરનારા છે, સૌનું ભલું ઇચ્છનારા છે. ઉપનિષદમાં પણ શ્રેય અને પ્રેય એવી બે વાત કરવામાં આવી છે.

એક વખત એક ગુરૂ અને શિષ્ય બે જણા ચાલતા-ચાલતા જંગલમાંથી પસાર થતા હતા. ચાલતાં ચાલતાં સાંજ પડી તેથી તેમણે એક વૃક્ષ નીચે આશ્રય લીધો. આખો દિવસ સતત ચાલવાને લીધે પેલા શિષ્યને થાક લાગ્યો હોવાથી તે ઘસઘસાટ ઊંઘી ગયો. શિષ્ય યુવાન હતો અને ગુરૂ વૃદ્ધ હતા. ચાલ્યા હોવા છતાંય તેમને જલદીથી ઊંઘ આવતી ન હતી તેઓ જાગતા હતા.

તેવામાં તેમણે અંધારામાં ચંદ્ર પ્રકાશમાં એક કાળા નાગને ધસમસતો આવતો જાયો. ગુરૂ મહારાજે જોયું તો તેમને થયું કે આ કાળો નાગ તો આ મારો યુવાન શિષ્ય જ્યાં સૂઇ રહ્યો છે તેની તરફ આગળ જઇ રહ્યો છે. ગુરૂ મહારાજ ઝટપટ ઊભા થઇને પેલો કાળો નાગ જતો હતો તેની સામે આવીને ઊભા રહ્યા. પેલા ગુરૂ સમર્થ ગુરૂ હતા. ગુરૂએ નાગને પૂછયું કે તું કેમ આવ્યો છું? પેલા નાગે કહ્યું કે આ સૂઇ રહેલા માણસને કરડવા માટે આવ્યો છું. ગુરૂ મહારાજે કહ્યું કે એ તો મારો પ્રિય શિષ્ય છે એને તું ના કરડીશ. તે થાકેલો છે અને ભરઊંઘમાં છે. છતાંય પેલો કાળો નાગ માન્યો નહીં અને કહ્યું કે ના મારે તેને કરડવાનું જ છે.

નાગની વાત સાંભળી પેલા ગુરૂ મહારાજે કહ્યું કે તું એક કામ કર. જો હું વૃદ્ધ ઘરડો થઇ ગયેલો છું. મેં મારી યુવાવસ્થામાં સાધન-ભજન બધું કરી લીધું છે. આ સૂઇ રહેલો મારો શિષ્ય હજુ યુવાન છે. હજુ તેને ઘણું બધું સાધન-ભજન કરવાનું બાકી છે. તેથી તું મને કરડી જા પણ મારા યુવાન શિષ્યને ના કરડીશ.

સમર્થ ગુરૂ શિષ્યનું પતન થવા દેતા નથી. તેઓ સદાય પોતાના શિષ્યનું શુભ-ભલું ઇચ્છે છે. ગુરૂ મહારાજની સઘળી વૃત્તિઓ શુભ-શાંત છે. તેઓ સમર્થ અને સિદ્ધ છે. તેઓ પોતાની પાસે જે કાંઇ છે તે બધું જ પોતાના શિષ્યને આપવા તત્પર છે. તેમની આ શુભ શાંતવૃત્તિ ભગવાનની છે. પરમાત્મા સ્વરૂપ જય મહારાજ પોતાના શરણે આવેલાને બધું જ આપી દે છે. તેઓ ડૂબતાને તારે છે, સૂતેલાને જગાડે છે અને બેઠેલાને ઉઠાડે છે. ગુરૂ મહારાજની આ શુભ શાંતવૃત્તિ શિષ્યનો ઉદ્ધાર કરે છે.

**''ઉદ્યત્પ્રતાપ સહિતં શરણં જનાનામ્''**

હે ગુરૂ મહારાજ ! આપશ્રી ઊર્ધ્વગામી ગુણ પ્રતાપ ગુણવાળા છો. સંસારી જનોનું શરણ છો, આશ્રય સ્થાન છો. હે ભગવદ્ સ્વરૂપ ગુરૂદેવ શ્રી સંતરામ મહારાજ ! અમો આપને વંદન કરીએ છીએ.

ગુરૂ મહારાજ, આપ તો સતત જાગ્રત છો. ઉદ્યત છો, આપનામાં જ સમગ્ર સૃષ્ટિનો વાસ છે. આપ ચેતન સ્વરૂપ છો. આપના શરણે આવેલાને આપ ચેતનવંત બનાવો છે. આપના શરણે આવેલો જીવ જો જિજ્ઞાસુ હોય, અધિકારી હોય તો તેને આપ પોતાનું સ્વરૂપ આપી દો છો. આમ શરણે આવેલાને મહારાજ પાળે છે અને તારે છે એટલે જ પ્રાર્થના કરવાની કે :

**''મેરે ઉર વસીએ અશરણ શરણ''**

**''શરણાગત જન ક્લેશ હંતાસિ ભો ત્વમ્''**

**– શરણે આવેલા સ્વજનના સઘળા ક્લેશ હરવાવાળા છો.**

જેનું કોઇ નથી તેના મહારાજશ્રી છે. હે ગુરૂ મહારાજ ! અમો સદાય આપની સમીપમાં જ વસીએ. અમારા વિચારોમાં સદાય આપનું સાન્નિધ્ય રહે. અમારા સઘળા વ્યવહારો આપના થકી જ સચવાતા રહે. અમો આપનાથી સહેજ પણ અળગા ન રહીએ.

આપણા શરીરની વિકૃત્તિઓ મનની વાસનાઓ આપણને ઢસડીને દૂર લઇ જાય ત્યારે આપણે ગુરૂ મહારાજથી દૂર થઇ ગયા છીએ એમ સમજવાનું. માણસની વૃત્તિઓ, વિકૃત્તિઓ, દુરાચાર અને વ્યસનો તેને ઢસડીને દૂર ફેંકી દે છે. વિચાર, વાણી અને વર્તનથી માણસ ભાન ભૂલી જાય છે. જેમ કે :

**છે છતી વસ્તુ દેખે નહિ, જીવનું જો ને અજ્ઞાન**
**માયા પડદા મધ્યે પડયો, ભૂલવણીની રે ભ્રાંત.**

માણસના મનમાં રહેલી વિકૃતિઓ અને વાસનાઓ તેના જીવનને ભૂલ ભૂલામણીમાં નાખે છે. માનવી પરમાત્મા સુધી પહોંચવાના અનેક પ્રયત્નો કરે છે પરંતુ પેલી વિકૃતિઓ તેને તેમ કરવા દેતી નથી. અને એટલે જ આપણે ગુરૂ મહારાજના શરણમાં જવાનું છે. જો આપણી પાત્રતા હોય તો છેક સુધી પહોંચી શકાય છે. આ પાત્રતા કેવી રીતે કેળવાય ? તો તેનો જવાબ છે સેવા અને સ્મરણથી.

**તદ્‌વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ।।**

(ભ. ગીતા અધ્યાય ૪, શ્લોક-૩૪)

ગુરૂ મહારાજને વંદન પ્રણામ અને સેવાથી પ્રસન્ન કરી પછી વિનય પૂર્વક પોતાનો સંશય કે જિજ્ઞાસા વ્યકત કરીને કહેવું કે,

**''મને આ સમજાતું નથી આપ મને તે સમજાવો.''**

**મારા મનનાં સંદેહ સહુ કરો નિર્મળ નામી રે.**

**આ ઘટમાં થાય પ્રકાશ અંતર જામી રે.**

**કહો માયા ઈશ્વર જીવ શું નિર્મળ નામી રે,**

**તમે પૂરણ બ્રહ્મ અવિનાશ અંતર જામી રે.**

**ગુણ દોષને આવરણ કહાં રે નિર્મળનામી રે,**

**પરમાત્મા કહાં રે દરશાય અંતર જામી રે.**

આમ પૂ. લક્ષ્મણદાસજી મહારાજે પ. પૂ. ગુરૂ મહારાજને અનેક પ્રશ્ન કર્યા છે. ગુરૂ મહારાજના શરણમાં આવી તેમના સાન્નિધ્યમાં રહીને ફરી ફરી પૂછયું છે કે,

**''હાવે બ્રહ્મ ધામે પદ પામવા નિર્મળ નામી રે,**

**ચઢો મન વિહંગી પંથ અંતર જામી રે.''**

મનને જો ઉર્ધ્વગામી બનાવીએ તો બધું મળશે પણ જો વૃત્તિઓ અધોમાર્ગી હોય તો કાંઇ જ પ્રાપ્ત થતું નથી. આપણા ગુરૂ મહારાજ ''ઉદ્યત્પ્રતાપ'' છે.

જેમ ઊગતો સૂર્ય ધીમે ધીમે તેજસ્વી બનતો જાય અને અંધકાર દૂર કરે, એમ ગુરૂ મહારાજ પણ આપણા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, જીવનને વિકૃતિઓથી દૂર કરી આત્મ પ્રકાશ આપે છે.

મહારાજશ્રી તો કરુણાનિધાન છે, દયાળુ છે, કૃપાના સાગર છે અને અમૃતના ભંડાર છે.

**''હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઇ પાર નથી.''**

ગુરૂ મહારાજ તો સૌને શરણું આપવાવાળા છે. રાજા હોય કે રંક, વિદ્વાન હોય કે અભણ, પાપી હોય કે પુણ્યશાળી, લાયક હોય કે ગેરલાયક કોઇપણ વ્યક્તિ ગુરૂ મહારાજના શરણે આવી

શકે છે, જુઓ આ દૃષ્ટાંત.....

આપણા વિદ્યાર્થીગૃહમાં એક વિદ્યાર્થી ભણવા માટે રહેતો હતો. વિદ્યાર્થીગૃહમાં એક વિદ્યાર્થી ખૂબ જ તોફાની અને મસ્તીખોર હતો. બધા જ વિદ્યાર્થીઓ તેને આવા તોફાની અને ઉધ્ધત વર્તનથી કંટાળી ગયા હતા. તેથી એક દિવસ વિદ્યાર્થીઓએ ભેગા થઇ આચાર્યશ્રીને ફરિયાદ કરી કે, ''અમો બધા જ કહીએ છીએ કે આ વિદ્યાર્થીને વિદ્યાર્થીગૃહમાંથી કાઢી મૂકો અને જો તેને કાઢી મૂકવામાં નહીં આવે તો અમે બધા જ વિદ્યાર્થીઓ છાત્રાલય છોડીને ચાલ્યા જઇશું.'' એટલે આચાર્યશ્રીએ બધા વિદ્યાર્થીઓની એક સભા બોલાવીને કહ્યું, ''જુઓ, તમે બધા સમજુ અને ડાહ્યા છો. વળી શિસ્તબધ્ધ પણ છો. તમો બધા છાત્રાલય છોડીને જતાં રહેશો તો તમને ઝાઝું નુકશાન નથી. પરંતુ આ જે વિદ્યાર્થી તોફાની છે જેનામાં શિસ્ત નથી તેને જો કાઢી મૂકવામાં આવશે તો એને બીજું કોણ શીખવશે? એટલે હું તેને કાઢી મૂકી શકું નહિ.'' આમ ગુરૂ મહારાજ પણ સર્વને શરણ આપનારા છે, કરુણા રાખનારા છે.

**અવગુણ મારા કોટી છે પણ એકે ધરશો ન હૈયે**
**મ્હારા અવગુણના ભંડાર ભર્યાં**
**મ્હારા વિકાર તો ના જાય કહ્યા**
**તમો કિરપા નાથે નથી લહ્યા....**
**સત્‌ગુરૂ મહારાજ, પૂરણ પ્રેમ દયાલની મૂર્તિ છો તમે.**

ભકતની સદૈવ આકરી કસોટી થતી હોય છે. એ ન્યાયે એક પ્રભુ ભકતના જીવનમાં વારંવાર કપરી કસોટીના પ્રસંગો આવતા હતા. ભગતને જગત સાથે કયાંથી મેળ પડે? આવા એક ભક્તને રાત્રે સ્વપ્ન આવ્યું કે પોતે દરિયા કિનારે લહેરથી ફરી રહ્યો છે અને

એકાદ માઇલ જેટલું ચાલ્યો હશે, ત્યાં તો એના ખભા ઉપર કોઇએ હાથ મૂક્યો. ભકતે પાછા વળીને જોયું તો તે સ્વયં પ્રભુ હતા. પ્રભુના હાથનો કોમળ સ્પર્શ એના શરીરના અંગે અંગમાં રોમાંચ પ્રસરાવી ગયો. પ્રભુ ભકત સહજપણે બોલી ઊઠ્યો,

**''અરે પ્રભુ તમે સ્વયં મારી સાથે?''**

પ્રભુએ ઉત્તર આપ્યો, ''હું તો ક્યારનોય તારી સાથે સાથે જ ચાલુ છું, પણ તને એની કયાં ખબર છે. જો જરા પાછો વળીને જોઇશ તો તને ખ્યાલ આવશે કે હું કેટલા બધા લાંબા સમયથી તારી સાથી ચાલી રહ્યો છું.''

પેલો પ્રભુ ભકત એક માઇલ પાછો ગયો અને જોયું તો દરિયાની ભીની રેતીવાળા કિનારા પર અડધો માઇલ સુધી બે વ્યક્તિના પગલાંની છાપ દેખાઇ. અને ત્યારબાદ એણે જોયું કે બેને બદલે એક જ વ્યક્તિનાં પદ્ચિન્હો દેખાતાં હતાં.

ભક્તને સવાલ જાગ્યો કે અર્ધો માઇલ સુધી પ્રભુ મારી સાથે રહ્યા અને પછી અર્ધો માઇલ કેમ મને એકલો મૂકી દીધો? એણે પ્રશ્ન કર્યો, ''પ્રભુ, આવું કેમ ? તમે અડધા રસ્તા સુધી મારી સાથે રહ્યા અને પછીથી મને એકલો છોડીને કેમ ચાલ્યા ગયા?''

પ્રભુએ હસીને કહ્યું, ''જો, આ પહેલા અડધા માઇલ સુધી હું તારી સાથે હતો પણ પછી તારી ખરી કસોટી થવા લાગી.'' ભકત તાડૂકીને બોલ્યો, ''આનો અર્થ એટલો કે મારી કસોટીનો ખરો સમય આવ્યો ત્યારે તમે અધવચ્ચેથી મને છોડી દીધો. આવું તો જગતના સ્વાર્થી, દુન્યવી લોકો કરે છે. પ્રભુ, આપે આવું કેમ કર્યું?''

ભગવાને કહ્યું, ''તારી સમજ ફેર થાય છે. પહેલાં હું તારી સાથે ચાલતો હતો અને તારાં દુઃખ હળવાં કરતો હતો. અને પછી

મેં તને અપનાવી લીધો. પહેલાં આપણાં બંનેના પદ્ચિન્હો હતાં, ત્યાર પછી જે એકનાં જ પગલાં દેખાય છે તે પગલાં તારાં નહીં પણ મારાં છે. **મેં તને મારા ખભે ઊંચકી લીધો છે.**

આમ ગુરૂ મહારાજ સમર્થ છે તેમને શરણે જઇને નિશ્ચિંત થઇ જવાનું. બાકી બધું તેઓ સંભાળી લેશે.

**સર્વેશ્વરને સહુની ચિંતા,**
**તું શીદને ચિંતા કરે.**

ભગવાન સ્વયં આવીને આપણા હૃદયમાં બેસી જાય છે. ભગવાનને માત્ર હૃદય પ્રિય છે. વંદન કરીએ તો હૃદય પૂર્વકનું વંદન કરજો. ગુરૂ મહારાજ આપણા હૃદયમાં સદાય બિરાજમાન છે.

**ચૈતન્મયમ્ શિષ્ય મધ્યે**

પદ સંગ્રહમાં ગવાયું કે,

**ઘટ ઘટ વ્યાપ્ત છો ગુરૂ મારા**

શરણે આવેલા સહુનો ગુરૂ મહારાજ ઉદ્ધાર કરે છે, આથી જ આ ''પ્રાતઃ સ્મરણ સ્તોત્ર''ના પ્રત્યેક ચરણના અંતે ગવાયું છે કે,

**શ્રી સંતરામ ગુરૂમીશમહં નમામિ.**

।। જય મહારાજ ।।

**ભકતોપદેશનિપુણં શુભસુન્દરાસ્યં**
**ચંદ્રપ્રભં સકલસજ્જનમાનનીયમ્**
**મોક્ષોપયોગી વચના રચનાભિરામમ્**
**શ્રી સંતરામ ગુરુમીશમહં નમામિ ।।૩।।**

**હે ગુરૂદેવ ! ભક્તજનો સરળતાથી સમજી શકે એવી વાણીમાં ઉપદેશ આપવામાં આપ નિપુણ છો. મંગલ અને મનોહર આપનું મુખ કમલ છે. પૂર્ણ ચન્દ્ર સમી આપની શીતળ કાન્તિ છે. બધા પંથના સર્વ સજ્જનો આપને સન્માન આપે છે. મોક્ષ માર્ગમાં ઉપયોગી બનતી વચન રચનામાં આપ કુશળ છો. આપશ્રીના સંત સ્વરૂપ ભગવત સ્વરૂપનું હું પ્રાતઃકાલમાં નિત્ય સ્મરણ કરું છું.(૩)**

**ભક્તોપદેશનિપુણં** એટલે હે ગુરૂદેવ, ભક્તજનો સરળતાથી સમજી શકે એવી વાણીમાં ઉપદેશ આપવામાં આપશ્રી નિપુણ છો. ગુરૂ મહારાજ પોતાના શ્રીમુખેથી ભકતોને બોધ આપે છે, માર્ગદર્શન આપે છે. શરણે આવેલા ભકતોને બોધ આપી સન્માર્ગે લઇ જવા એ ગુરૂ મહારાજની ફરજ છે. સાચું શું અને ખોટું શું એને જુદા પાડી આપણને સન્માર્ગે લઇ જાય છે.

ભક્તોપદેશ એટલે ભક્તોને ઉપદેશ આપે છે. સમાધિ ચોકમાં આવેલા મંત્ર મંદિરવાળી પર્ણકુટિરમાં સતત ૨૭ વર્ષ સુધી ગુરૂ મહારાજે ઉપદેશ આપ્યો છે, ત્યારે તો આ જંગલ હતું. માટીના કોડિયામાં તેલના દીવાના અજવાળે ગુરૂ મહારાજની પર્ણકુટિરમાં ભક્તોની ભીડ જામતી. પ. પૂ. લક્ષ્મણદાસજી મહારાજ, હરિરામજી મહારાજ અને અન્ય ઘણા બધા ભકતો, જેમાં જેઠા ભગત, મુકુંદ ભગત, બાલકદાસ, અદેસંગ વગેરેને ગુરૂ

મહારાજે સત્સંગ કરાવ્યો છે.

ગુરૂ મહારાજ તેમના શરણે આવેલાને જીવનની સાચી સમજણ આપે છે. શરણે આવેલા કોઇપણ ભક્તને ધીરજ આપવી, સાંત્વના આપવી તથા તેનાં દુઃખને દુર કરવા માટે યથા યોગ્ય માર્ગદર્શન, ઉપદેશ આપવામાં આપણા ગુરૂ મહારાજ નિપુણ છે તેઓ તો કરુણાનું મૂર્તિમંત સ્વરૂપ છે. ભકતના જીવનની જરૂરિયાત મુજબ તેને ઉપદેશ આપે છે કે, ''લે, આટલું કરજે. આમાં તારું કલ્યાણ છે, આમાં તું સુખી થઇશ. આમાં તારી સદ્‌ગતિ થશે.'' એમ કહીને જેવી વ્યક્તિ તેવો ઉપદેશ તથા બોધ આપવામાં ગુરૂ મહારાજ નિપુણ છે.

**નિશ્ચે કરીને ઠરીયે રે........**

આમ સાચી સમજણ એટલે ઉપદેશ તથા જ્ઞાન. ગુરૂ મહારાજ એટલા બધા દયાળુ છે કે જો કોઇ ગામડાનો માણસ આવ્યો હોય તો તેને એની રીતે સરળતાથી સાદા શબ્દોમાં કહે છે કે, ''લે, મહારાજનું ભજન કરજે.'' કોઇ વિદ્વાન વ્યક્તિ આવે તો તેને એ જ રીતે કહે કે, ''લો, આટલું અનુષ્ઠાન કરજો, આટલા જપ કરજો.'' આમ શરણે આવેલા કોઇપણને મહારાજ ક્યારેય નિરાશ કરતા નથી. સૌને શાતા આપે છે, સુખ આપે છે. જય મહારાજ આપણા સૌના રક્ષક છે. બીક લાગતી હોય, જીવનમાં ભય હોય તો પણ સાચો ઉપદેશ આપે છે. વળી, ગુરૂ મહારાજ મળી જાય પછી ભય શાનો ? તેમ છતાં જો ભય લાગે તો એનો અર્થ એ કે આપણને ગુરૂ મહારાજમાં શ્રદ્ધા ઓછી છે. સાચા સદ્‌ગુરૂ જેને મળ્યા તેને શો ભય છે! સદ્‌ગુરૂના શરણમાં બીક શેની? આપ સ્વયં અભય છો, દરેકને નિર્ભયતા અર્પો છો.

ઉપદેશ દ્વારા ગુરૂ મહારાજ આપણને જીવનનાં રહસ્યો

સમજાવે છે. ઉપદેશ એટલે સત્સંગ. પર્ણકુટિરમાં દીવાના અજવાળે જયારે પૂ. શ્રી સંતરામ મહારાજ પોતાના શ્રીમુખેથી સત્સંગ કરાવતા હશે તે કેટલો હૃદયસ્પર્શી અને શીતળ હશે!

ગુરૂ મહારાજનું સ્વરૂપ કેવું છે ? તો **ભકતોપદેશ નિપુણં** એટલે કે આપ એટલા તેજસ્વી અને વિદ્વાન છો, કે જેને જે જોઇતું હોય તે જ આપો છો. શરણે આવેલાની સાથે જય મહારાજ એવા વાત્સલ્યથી, વહાલથી વાત કરે. જેવી વ્યક્તિ તેવો ઉપદેશ. એને એમ થાય કે ''ઓહો ! આપણા જય મહારાજ'' મને આટલો પ્રેમ, લાડ, વ્હાલ કરે છે ! જાણે સ્વજન હોય તેમ આપણને બોધ આપે છે. આપણા હૃદયમાં વસી જાય છે. ભકતને એમ લાગે કે, ''હા, બાપજી આપે મારા ઉપર ખૂબ દયા કરી, મારા જીવનની સમસ્યાઓ આપના ઉપદેશથી દૂર થઇ ગઇ.'' મારા જીવનના પ્રશ્નો પણ ઉકલી ગયા અને મને શાંતિ મળી.

ગુરૂ મહારાજ ભક્તોને સમજવામાં અને તેમને રાજી કરવામાં એટલા કુશળ છે કે, તેને અસંતોષ જેવું લાગે જ નહીં. જેમ શીરો સાંસરવો ગળે ઉતરી જાય તેમ જય મહારાજનો ઉપદેશ સીધો જ જીવનમાં ઉતરી જાય છે અને ભકત સંતોષથી એમ કહે છે કે, ''જય મહારાજ મારા છે અને હું તેમનો છું.''

ઉપદેશ સ્વરૂપે ગુરૂ મહારાજ જે કંઇ આપે તેનાથી જ શિષ્ય વિકસતો હોય છે. જીવનનું ભાથું એમાંથી જ મળતું હોય છે.

**શુભસુન્દરાસ્યં** અર્થાત્ મંગલ અને મનોહર આપનું મુખ કલમ છે, પદ સંગ્રહમાં ગવાયું છે કે......

**મંગલરૂપ સોહામણિ મૂરતિ રે**
**જેની સુરતી થઇ છે બ્રહ્માકાર**

**સંતરામ અલૌકિક નામ છે રે**
**નિત નીરખીને નેત્રમાં રાખીએ રે**
**બાલકદાસના સ્વામીની શોભાસાર**
**સંતરામ અલૌકિક નામ છે રે........**

ગુરૂ મહારાજનું મુખ કમલ જેટલું શુભ છે, તેટલી જ તેમની વાણી પણ શુભ કર્મ પ્રેરિત છે. આસ્ય એટલે મુખ. સુન્દરાસ્યં એટલે સુંદર મુખની સુંદર વાણી. જય મહારાજનું બોલવું એટલે કે ઉપદેશ શાંતિદાયક છે, શીતળ છે. આવા ગુરૂ મહારાજનું શરણું મળે તો જીવન સાર્થક થઇ જાય.

ખેતીની સિઝન હોય અને વાવણીનો સમય થઇ ગયો હોય ત્યારે બિયારણ કે ધરૂ માટે ખેડૂત દોડાદોડ કરતો હોય અને જો તે મળી જાય તો તેને હૈયે હાશકારો થાય છે કે, ''હાશ ધરૂ મળી ગયું. હવે ખેતી બરોબર થશે અને સારો પાક ઉતરશે.'' આવી જ રીતે આપણે ગુરૂ મહારાજના શરણે પહોંચી ગયા; એમની પાસેથી શુભ કર્મનું જ્ઞાન મળી ગયુ અને જીવન ખીલી ઊઠ્યું.

સંત કબીર પણ કહે છે કે....

**મધુર વચન હૈ ઔષધિ, કટુક વચન હૈ તીર**
**શ્રવણ દ્વાર હૈ સંચરે, સાલૈ સકલ શરીર.**

આપણા ગુરૂ મહારાજ અલગારી અવધૂત છે. તેઓ દિવ્ય અને સિદ્ધ પુરુષ છે. તેઓ ભારપૂર્વક કહેતા કે સૌથી શ્રેષ્ઠ માનવજાત છે અને સૌ ધર્મમાં માનવ ધર્મ શ્રેષ્ઠ છે. નાતજાતના ભેદભાવ વિના પ્રાતઃ સ્મરણીય પૂ. શ્રી સંતરામ મહારાજના આ સ્થાનમાં દિવ્ય અખંડ જયોતના શુભ આશીર્વાદથી અનેક માનવ ધર્મનાં કાર્યો થાય છે. પ્રાણી માત્રની સેવા થાય છે તેના કારણે જ પ. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના સમયમાં શ્રી સંતરામ

મંદિરને ભારતના રાષ્ટ્રપતિ તરફથી અતિ સન્માનનીય **શ્રી કબીર એવોર્ડ** પ્રાપ્ત થયેલ છે.

સુરત પ્રદેશમાં મહારાજ જ્યારે વિચરણ કરતા હતા ત્યારે એક અંધ રસ્તા ઉપરથી જતો હતો અને કહેતો હતો કે, ''ભાઇ, મને કોઇ રસ્તો પાર કરાવી આપો.'' તો અવધૂત ત્યાંથી વિચરણમાં નીકળેલા તે પેલા અંધને રસ્તો પાર કરાવી આપ્યો. પછી પૂ. મહારાજશ્રીએ તે અંધને કહ્યું કે, ''આજ સુધી તેં જે ખોટાં કર્મ કર્યાં છે તેનું આ ફળ ભોગવું છું. હવે તું ખોટો રસ્તો છોડી સારા માર્ગે ચાલ તો તને રસ્તો મળી જશે.'' ત્યાર બાદ પેલા અંધને ખબર પડી કે આ તો અવધૂત યોગી છે એટલે દોડતો આવી મહારાજના પગે પડી કહેવા લાગ્યો, ''હે ગુરૂદેવ, મને દૃષ્ટિ આપો, સાચો માર્ગ બતાવો.'' આમ બાલયોગીના સ્વરૂપે ગુરૂ મહારાજે તે અંધને સન્માર્ગે વાળ્યો.

આટલાં વર્ષોમાં પૂ. મહારાજશ્રીએ શરણે આવેલા કેટલાય ભક્તોને તાર્યા છે તેની કોઇ નોંધ નથી પરંતુ પોતાના શરણે આવેલાને દુરાચાર, કુવ્યસનોમાંથી ગુરૂ મહારાજે મુક્ત કર્યા છે.

**ચંદ્રપ્રભં સકલ સજ્જન માનનીયમ્** અર્થાત પૂર્ણ ચન્દ્ર સમી આપની શીતળ કાન્તિ છે. બધા પંથના સર્વ સજ્જનો આપને સન્માન આપે છે.

પ્રાતઃકાળથી લઇને સાંજે જાળી મંગલ તથા રાત્રે શ્રી વિષ્ણુ સહસ્ત્રના પાઠ સુધી જ્યારે પણ જે સમયે આપણે શ્રી સંતરામ સમાધિ સ્થાનમાં આવીએ છીએ ત્યારે આપણને સૌને શીતળ-સૌમ્ય વાતાવરણનો અનુભવ થાય છે. રામધૂનમાં ઘડીક બેસવાથી આંતરમનની યાત્રા અનાયાસ થઇ જાય છે. આંખો આપો આપ બંધ થઇ જાય છે, ઊંડા ધ્યાનમાં સરી પડાય છે. આ

અનુભૂતિ ગુરૂ મહારાજની શીતળ કાન્તિનો પ્રભાવ છે.

સમાધિ સ્થાન સમીપ બેસીને ગુરૂ મહારાજનું ધ્યાન ધરવાથી તેમનું પૂર્ણ ચન્દ્ર જેવું શીતળ સ્વરૂપ આપણા નેત્રો સમક્ષ પ્રગટ થાય છે. ભકતના મસ્તર ઉપર તેઓની અમીધારા વરસવા લાગે છે.

કૃપા અને કૃપાણ શબ્દમાં નજદીકી ઘણી હોવા છતાં વાસ્તવનું અંતર આભ-જમીન જેવું છે. પ્રભુ પાસેથી મળે તે કૃપા, આતંકી પાસેથી મળે તે કૃપાણ. કોની પસંદગી કરશો? એકમાં ઉત્થાન છે, બીજામાં પતન !

શું આપે અવધૂત યોગીરાજ પૂ. શ્રી સંતરામ મહારાજના પ્રગટ સ્વરૂપ એવા પ.પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજની છબીનાં ધ્યાનથી દર્શન કર્યાં છે ખરાં ? આપણે સૌએ પૂ. મહારાજશ્રીની છબીના મુખ મંડળમાં વિલસતી શીતળતા, સૌમ્યતા, દિવ્યતાની અનુભૂતિ સાંગોપાંગ કરી છે. પૂ. મહારાજશ્રીમાં આપણું અસ્તિત્વ ઓગળી જતું હોય તેમ લાગે છે ''હું મહારાજનો અને મહારાજ મારા'' એ વિલક્ષણ અનુભૂતિ સર્વ ભક્તોએ અનુભવેલી છે.

આપણને સ્વતંત્ર વિચાર શક્તિ મળેલી છે પણ આપણે તો તેનો ઉપયોગ કરતા નથી. શ્રી હનુમાનજીને ''શ્રી રામજી'' માં એકનિષ્ઠા હતી. ગોકુળ વૃન્દાવનનાં શ્રી રાધાજી તથા ગોપીઓને ''શ્રી કૃષ્ણ''માં એકનિષ્ઠા હતી એટલે તેઓ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શક્યા.

રામાયણમાં શ્રી હનુમાનજી કહે છે કે, ''શ્રીનાથ'' અને ''જાનકીનાથ'' એ બંને એક જ પરમતત્ત્વની અભિવ્યક્તિ છે. તેમ છતાં મારું સર્વસ્વ તો કમળનયન ''શ્રીરામ'' જ છે.

શ્રી તુલસીદાસ પણ કહે છે ''બધાંની સાથે બેસો, બધાંની

સાથે મીઠું બોલો, બધા દેવતાઓનાં નામ લો. પરંતુ રહો તમારી જગ્યા ઉપર.''

**સબસે બસિયે, સબસે રસિયે, સબકા લિજિયે નામ,**
**હાજી હાજી કરતે રહીએ, બૈઠિયે અપને ઠામ.**

અર્થાત્ તમારો તમારા ઇષ્ટદેવ પ્રત્યેનો, તેમની ઉપાસના તરફનો ભાવ દૃઢ રાખો. વૈચારિક વિશાળતા સાથેનો સાક્ષાત્ અનુભવ સાધકને, ભક્તને ત્યારે જ થશે કે જ્યારે તે બાહ્ય આડંબર છોડશે. ગુરૂ મહારાજ કહે છે કે, સાચી ધર્મોપાસનાના માર્ગે જવા સતત મનોમંથન કરવું જોઇએ. ભક્તિની પુષ્ટિ ક્યારે થાય ?

**ભર્યાં દિલે કાજળ થર પર થર, શું ઘટી ગયાં?**
**ફુત્કારા આવેશોના, પ્રેમ સમજણે શું ભળી ગયા?**
**'હું' કારાનાં પડઘમ, શું વિરમવા ભણી ગયાં ?**
**તૃષા આસક્તિની, શું ખરે ભીતર શમી ગઇ જ ?**
**થયું જો આવું, સંતજન પંથે, ગતિ થઇ નક્કી,**
**નહિ તો 'ભક્તિ' પંથે, ઉપર છલ્લી 'તુષ્ટિ' જ રહી!**

ચંદ્રપ્રભં એટલે જેમ બરફ પાસે ઊભા રહીએ તો ઠંડક મળે અને તાપણા પાસે ઊભા રહીએ તો હૂંફ મળે. પણ શાંતમૂર્તિ આપણા ગુરૂ મહારાજ તો સદૈવ આપણને ઠંડક અને હૂંફ બંને આપનારા છે.

**સકલ સજ્જન માનનીયમ્** અર્થાત્ બધા પંથના સર્વ સજ્જનો આપને સન્માન આપે છે. આપણું શ્રી સંતરામ મંદિર ભારતભરના સંતો, મહંતો, સાધુઓ, વિદ્વાનો માટે પિયર ગણાય છે. અનેક સાધુ, સંતો અહીં આવે છે શાસ્ત્ર પ્રવચનો, કથામૃતો, પારાયણ કરે છે. સ્થાનના સંતો તથા મહંતશ્રી સાથે ધર્મ ચર્ચા કરે છે અને આનંદથી રહે છે. મંદિરમાં તેઓ સર્વને શાંતિની અનુભૂતિ

થાય છે. આપણા ગુરૂ મહારાજની પરંપરા છે કે સર્વને સન્માન આપો.

ચાલો, **સકલ સજ્જન માનીયમ્** નું એક અદ્‌ભુત દૃષ્ટાંત જોઇએ. ભારતનું આધ્યાત્મિક આકાશ ઝગમગતા અનેક સિતારાઓથી ભર્યું છે. આ એક એક તારો એક એક મહાસૂર્ય છે. મહાવીર, બુદ્ધ, કૃષ્ણ, મીરાં, સહજો, પતંજલિ, ગોરખ, દયા અને લલ્લા, પલટું, ફરીદ, જનક, અષ્ટાવક્ર, નાનક, નાગાર્જુન.... ઉપનિષદ કાળના અનેક ઋષિ મહર્ષિઓ.... આંખો અંજાઇ જાય એવી મહારોશનીથી ઝળહળતું આ જગત છે. નમ્રતા, નિરહંકારિતા, કરુણા, સદ્‌ભાવનાના પાઠ શીખવતું આ એક અનોખું જગત છે અને એટલે જ પ્રત્યેક સાચા સંતના જીવનમાંથી કોઇ દિવ્ય સુવાસ ઊઠતી જોવા મળે છે.

મહારાષ્ટ્રમાં આવી જ એક સંત ત્રિપુટી થઇ ગઇ. એકનાથ, નિવૃત્તિનાથ અને મુકતાબાઇ. એકવાર એવું થયું કે સંત એકનાથે નિવૃત્તિનાથને પત્ર લખ્યો. પત્રમાં માત્ર કોરો કાગળ જ હતો. કશું જ લખ્યા વિનાનો આ કોરો કાગળ લઇને સંદેશ વાહક નિવૃત્તિનાથ પાસે પહોંચ્યો. નિવૃત્તિનાથે કવર ખોલીને અત્યંત રસપૂર્વક કાગળ વાંચ્યો. શૂન્યમાં ડૂબી જઇને જાણે કે બહાર આવ્યા હોય એ રીતે એમના ચહેરા પર પ્રસન્નતા હતી. પોતે વાંચ્યા પછી પત્ર એમણે મુકતાબાઇને આપ્યો. તો મુકતાબાઇએ પણ એ પત્રને આનંદ અને અહોભાવ સાથે વાંચ્યો. ત્યારબાદ પ્રસન્નતાપૂર્વક સંદેશવાહકને કહ્યું કે ઉત્તરમાં એક આ અમારો પત્ર લઇ જાવ. અને એનો એ જ કોરો કાગળ એમણે પેલા સંદેશાવાહકને આપ્યો.

સંદેશો લઇ જનાર આશ્ચર્યથી અવાક્ બની ગયો, કેમ કે પહેલાં જ્યારે એ કાગળ લાવ્યો ત્યારે એને ખ્યાલ ન હતો કે કાગળ

કોરો છે. પણ એની નજર સામે જ નિવૃત્તિનાથ અને મુકતાબાઇને આ કોરો કાગળ વાંચતા જોયા ત્યારે અને થયું કે આગળમાં તો કશું જ લખ્યું નથી તો આ લોકોએ વાંચ્યું શું? અને શી રીતે આટલાં પ્રસન્ન થયાં? એનાથી રહેવાયું નહીં. નમ્રતાપૂર્વક સંદેશાવાહકે નિવૃત્તિનાથને પૂછયું, ''મહારાજ ! આ પત્ર લઇને જાઉં એ પહેલાં મારા મનની એક નાનકડી જિજ્ઞાસાનું સમાધાન કરશો? મારી સામે જ આ કોરો કાગળ ખોલીને આપે વાંચ્યો પરંતુ એમાં કશું જ લખ્યું નથી તો આપે એમાં વાંચ્યું શું? અને એકલા આપશ્રીએ જ નહિ મુકતાબાઇએ પણ આ પત્ર વાંચ્યો અને પ્રસન્ન થયાં. અને હવે આ જ કોરો કાગળ જવાબરૂપે પરત મોકલી રહ્યા છો તો મારી જિજ્ઞાસા ચરમસીમાએ પહોંચી છે. કૃપા કરીને એનું સમાધાન કરો.''

નિવૃત્તિનાથે કહ્યું કે, એકનાથે સંદેશો મોકલ્યો કે પરમાત્માને જાણવા માટે અંતરને આ કોરા કાગળ જેટલું જ સ્વચ્છ, શુદ્ધ અને ખાલી કરવું પડશે. જ્યાં સુધી એમાં પંડિતાઈ કે અહંકારનો ભાવ છે ત્યાં સુધી ઈશ્વરની અનુભૂતિ શક્ય નથી. અંતર જો દર્પણ જેવું સ્વચ્છ બને તો જ ઈશ્વરનું પ્રતિબિંબ એમાં ઝીલી શકાય.

વળી એમના કહેવાનો આશય એ છે કે, કેટલીક વાતો એવી છે જે શબ્દો દ્વારા, કાગળમાં લખીને કહી શકાતી નથી. અને કહેવા કે સમજવા માટે શૂન્ય થવું પડે છે. પરમાત્માનો અનુભવ અવર્ણશીય છે તેને શબ્દોમાં ઉતારી શકાતો નથી. એના માટે તો આ કાગળ જેવા જ કોરા અંતર આકાશમાં ઊતરવું પડે છે.

આપણા મનમાં અને અંતરમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મારું-તારું, અને હુંપદનો પાર નથી. અંદરનો આ શોરબકોર શાંત

થાય અને અંદરનું જગત આ બધાથી ખાલી થાય એ જ ક્ષણે આ શૂન્ય થયેલા કોરા અંતરમાં પરમાત્માનો અનુભવ ઊતરી આવે છે. આ કોરા કાગળ દ્વારા સંત એકનાથે અમને આ સંદેશો મોકલી આપ્યો છે એટલે અમે પ્રસન્ન થયા છીએ.

સંદેશવાહકે કહ્યું કે, એમણે કોરો કાગળ મોકલ્યો એ તો સમજી શકાયું પરંતુ જવાબમાં આપે એના એ જ કોરા પત્રને પાછો મોકલ્યો એનો અર્થ શો ?

એનો અર્થ એટલો જ કે, જે ઊંચાઈથી એમણે વાત કરી છે એને અમે સમજી ગયા છીએ. જે વાત શબ્દોમાં કહી કે સમજાવી શકાતી નથી તેનો જવાબ પણ શબ્દોમાં શી રીતે આપી શકાય? અને એટલે જ પ્રત્યુત્તરમાં અમે આ કોરા કાગળ મોકલી રહ્યા છીએ. સંત એકનાથ જે જરૂર વાંચી શકશે.

**આમ હુંકાર છોડીને અધ્યાત્મની ઊંચાઇ પર બેઠેલા સાધુ-સંતો પરસ્પરને માન-સન્માન આપે છે.**

આપણા ગુરૂ મહારાજ પણ આમ જ જે કોઇ સાધુ, સંત, વિદ્વાન પધારે તો તેમને સમાન આસન આપી તેમનું સન્માન કરનારા છે. તેવી જ રીતે નાના કે મોટા, ગરીબ કે તવંગર, યુવાન કે વૃધ્ધ જે કોઇ શરણે આવે તેને સમાન વાત્સલ્ય ભાવે જરૂરી માર્ગદર્શન તથા આશીર્વાદ આપે છે.

**મોક્ષોપયોગી વચના રચનાભિરામમ્** અર્થાત્ મોક્ષ માર્ગમાં ઉપયોગી બનતી વચન રચનામાં આપ કુશળ છો.

માણસ ભગવાનને વશ કરવા ઉત્સુક હોય છે પણ ભગવાનને વશ થવા ઉત્સુક હોય છે ખરો ? ભગવાનને આંજવાની કોશિશ કરવાને બદલે આપણા મનને માંજવાની કોશિશ કરીએ તો પ્રભુ જલદી રીઝે છે.

ગુરૂ મહારાજના શરણે આવેલા પ્રત્યેક ભકતને આપે સુખ-શાંતિ આપી છે. આપનું એકવચન, બોલવાની છટા, ઉપદેશ આપવાની રીત અભિરામ કરનારી એટલે આનંદ આપનારી છે.

**પારસમેં ઔર સંતમેં બડો અંતરોજાન**
**વો લોહા કંચન કરે વો કરે આપ સમાન.**

પારસમણી તો લોખંડને બહુ તો સોનું બનાવે પરંતુ સંત તો ભક્તને પોતાના સ્પર્શથી પોતાના જેવો જ બનાવે છે.

**કરીને પોતાનો સ્થાપો રે**
**અજ્ઞાન બંધ હોય તે કાપો રે**
**ગુરૂજી મને જોગ ચઢાવી આપો રે**
**ગુરૂજી હું તો ભૂલ્યો ભમું છું કયાંય રે**
**મુજને ઠરાવો ને માંહ્ય રે**
**હરિદાસ કહે ઝાલો બાંહ્ય રે.**

હે ગુરૂ મહારાજ, આપ સર્વેશ્વર છો. અમારું બાવડું ઝાલીને અમને ઉગારો. આપ કરુણાના સાગર છો, સુખ સાગર છો. અમે આપના શરણે આવ્યા છીએ. હવે તમને છોડીને બીજે જવુંય કયાં ?

**હૃદિયામાં આવ્યા છો, દૂર કયાં થાશો**
**દૂર થઇને ગુરૂજી આઘા કયાં જાશો.**
**મારા જીવનથી જુદા કેમ થાશો રે,**
**ગુરૂજી મારા હૃદિયામાં આપ પધારો.... (રામ મસ્તી)**

આજનો માનવી ભૌતિક સુખ પ્રાપ્તિની સ્પર્ધામાં પડ્યો છે. માણસ માટે જીવવું મહત્ત્વનું છે પરંતુ કેવી રીતે જીવવું તે તેણે જાતે નકકી કરવાનું છે.

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે બધી દિશાએથી એક સામટી સર્જનક્રિયા શરૂ કરી દેવાઈ હતી! પશુ-પક્ષીઓ-જીવજંતુઓ અને માનવજાતનું સર્જન પણ કરી દેવાયું. એ પછી એમની જરૂરિયાત, ખાસિયતો, જીવન ધોરણ, કામ, નામ અને આયુષ્ય મર્યાદા પણ નક્કી કરી નાખવામાં આવી. ઈશ્વર થોડો શ્વાસ લેવા થોભ્યા ત્યાં તો ત્રણ પ્રાણીઓ એક ગધેડો, એક કૂતરું અને એક માણસ આવીને તેમની સમક્ષ ઊભાં રહ્યાં. ઈશ્વરે પૂછયું, ''કેમ આવ્યા છો?'' એ ત્રણેયે જવાબ આપતાં કહ્યું,

પ્રભુ ! તમે બધાની આયુષ્ય મર્યાદા નક્કી કરી આપી પણ અમને ત્રણને કેમ બાકી રાખ્યા ? અમારી આયુષ્ય મર્યાદા પણ નક્કી કરી આપો.

ઈશ્વરે વારા ફરતી ત્રણે તરફ જોયું અને પછી કહ્યું, તમને ત્રણેને ચાલીસ ચાલીસ વર્ષના આયુષ્યનું વરદાન આપું છું !

છતાં પેલા ત્રણેને સંતોષ ન થયો, ત્રણે ઊભા જ રહ્યા, ઈશ્વરે ટકોર્યા, હવે કેમ ઊભા છો? જાવ હવે.

ગધેડાએ માંડ હિંમત એકઠી કરીને કહ્યું, પ્રભુ ચાલીસ વર્ષનું આયુષ્ય તો મારા માટે વરદાન નહીં પણ શ્રાપ જેવું છે ! મારા આયુષ્યમાં કશો ફેરફાર ના થઇ શકે? ઈશ્વરે કહ્યું કેમ ?

પ્રભુ ! ચાલીસ વર્ષ સુધી મારે પોટલાં ઉંચકવાનાં ! દુનિયાભરનો ભાર મારા શરીર ઉપર લાદીને ફરાવનું ! આખું જીવન મારે આવાં જ વૈતરાં કરવાં પડશે ! પ્રભુ કાંઇ કરો ! મારા આયુષ્યમાંથી થોડાં વર્ષો ઘટાડી આપો !

''ભલે ! ઈશ્વરે કહ્યું - તારા આયુષ્યમાંથી વીસ વર્ષ ઘટાડી દઉં છું''

બાજુમાં ઊભેલો માણસ તરત જ બોલી પડ્યો - ''પ્રભુ !

એ વીસ વર્ષ મને આપી દો !''

ઈશ્વર રાજી થયો. આમાં ઈશ્વરને પોતાની સફળતા દેખાઈ. ઇશ્વરે માણસમાં જે ખાસિયત મૂકી આપી હતી બરાબર એ જ પ્રમાણે માણસ વર્ત્યો ! ઈશ્વરે કહ્યું - ''ગધેડાના આયુષ્યનાં વીસ વર્ષ મેં તને આપી દીધાં જા, હવે તો ખુશ ને ?''

એ પછી કૂતરાએ પણ ચાલીસ ચાલીસ વર્ષ સુધી હડે હડે થયા કરવાના ત્રાસની વાત કરીને પોતાનું આયુષ્ય ઘટાડવાની ઈશ્વરને વિનંતી કરી. ઈશ્વરે કૂતરાના આયુષ્યમાંથી પણ વીસ વર્ષ ઘટાડી આપ્યાં અને માણસે એ કૂતરાનાં વીસ વર્ષ પણ ઈશ્વર પાસેથી માગી લીધાં.

આ વાત ભલે દંત કથા જેવી કાલ્પનિક હોય, પરંતુ એનાં પાત્રો હવે કાલ્પનિક રહ્યાં નથી. ઉપરોકત વાર્તા મુજબ જોઇએ તો પણ વર્તમાન સમાજનો વાસ્તવિક માણસ પણ ચાલીસ વર્ષ સુધી પોતાનું આયુષ્ય જીવે છે ! એ પછી વીસ વર્ષ એ ગધેડા માફક અને વીસ વર્ષ કૂતરાની માફક જીવે છે !

દરેકને સુખી, સંપન્ન અને સધ્ધર થવું છે. આ સધ્ધર થવાની ઉતાવળમાં કેટલાક અધ્ધર થઇ જતા હોય છે. બે-ચાર ગાડીઓ અને ચાર-પાંચ સેલફોનના રવાડે ચઢેલો આ માણસ અંતે વિનાશના પંથે પડે છે.

ગુરૂ મહારાજ કહે છે કે, ભૌતિકતાનો આ રસ્તો છોડી માણસે આત્મા ઉત્થાનનો માર્ગ ગ્રહણ કરવાનો છે. એક સંબુદ્ધ સાધુને કોઈક વ્યક્તિ આવીને પૂછે છે કે, આપ તો જ્ઞાની છો. જો મારે જ્ઞાની થવું હોય તો શું કરવું ?

પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવામાં જેમને રસ ન હતો તેવા આ સાધુએ કહ્યું કે, ''કરવાનું તો આમાં કશું જ નથી. બસ

થોડીવાર શાંત થઇને મને જોયા કરે કે હું શું કરું છું?....'' અને એમણે આંખો બંધ કરી લીધી. થોડીવાર આંખો બંધ કરીને બેઠા અને પછી આંખ ખોલીને પૂછયું, કાંઇ સમજાયું?

પેલા માણસે કહ્યું - આમાં શું ખાખ સમજવા જેવું છે? તમે થોડીવાર આંખ બંધ કરી અને પછી થોડીવાર બાદ આંખો ખોલી નાખી, આમાં સમજવા જેવું શું છે ?

સાધુએ કહ્યું - ''તો પછી તને નહીં સમજાય. કેમ કે આથી વધારે બીજી કોઇ વાત જ નથી. જ્ઞાન એ બંધ આંખને ખોલવાની કળા કે ચિકિત્સા છે. જ્ઞાન એ કોઇ મોટી ઘટના નથી. ભૌતિક આંખની જેમ જ પ્રત્યેક વ્યક્તિ પાસે એક અંતરની આંખ પણ છે. આ આંખ ખૂલે તો સમજ વધે. જેમની આ અંતરની આંખ ખૂલે પછી તેને મારું-તારું, ઊંચ-નીચ, પ્રિય-અપ્રિય, પાપ-પુણ્યનો ભેદ દેખાતો નથી. અંતરમન સ્વચ્છ બની જાય છે.''

ગુરૂ મહારાજ આપણને આ અંતરની આંખ ખોલવાના માર્ગે લઇ જાય છે. બંધ આંખે જીવવું એટલે અહંકાર સાથે જીવવું અને ખુલ્લી આંખે જીવવું એટલે જાગૃત બનવું. આ ખુલ્લી આંખ જ આપણને મોક્ષ માર્ગે લઇ જાય છે.

એક બાળક પોતાની દાદીમાને મળવા જાય છે. દાદીમા ભગવાનનાં ભક્ત હતાં. તેમના ઘરમાં ભગવાન શ્રી વિષ્ણુનું મોટું ચિત્ર હતું. બાળક ચિત્ર પાસે પહોંચી ગયું. તેની નજર ચિત્રની નીચે લખેલા વાક્ય પર પડી. ચિત્ર નીચે લખવામાં આવેલું હતું : ''ઈશ્વર તમને જોઇ રહ્યો છે.''

આમ તો એ બાળક ચંચળ અને તોફાની હતો પણ એકાએક એ શાન્ત અને ડાહ્યો-ડમરો બની બેસી ગયો હતો. એ જોઇ તેનાં દાદીમાને નવાઇ લાગી.

દાદીમાએ એને પૂછયું : ‘‘બેટા, શી વાત છે? આમ એકાએક તું શાન્ત થઇને બેસી કેમ ગયો?’’

બાળકે શાન્તિથી જવાબ આપતાં કહ્યું : ‘‘દાદીમા, મને લાગે છે કે મારે અહીં સદ્‌વર્તન કરવું જોઇએ. કારણ કે ઈશ્વર મને જોઇ રહ્યા છે. જો હું તોફાન કરું તો ઇશ્વર મને સજા કરે!’’

બાળકની વાત સાંભળી દાદીમા હસી પડ્યાં, તેમણે બાળકને કહ્યું : ‘‘ના, એવું નથી, ઈશ્વર તને જોઇ રહ્યા છે, કારણ કે તે તને એટલું બધું ચાહે છે કે તેમની નજર તારા ઉપરથી ખસતી નથી.’’

ખરેખર તો ઈશ્વર આપણને બધાને એટલું બધું ચાહે છે કે આપણને જોયા વિના તે રહી શકતા નથી.

**તમારે શરણે જે કોઇ આવે**
**એને સદાય શીર પર ગાજો છો**
**તમારા દાસની બાંહ્ય ઝાલો છો**
**મોક્ષ પદારથ આપો છો**
**શરણે આવે તેને પાળો છો.**

મનુષ્યની સદ્‌ગતિ કે દુર્ગતિ એની વૃત્તિઓને આધારે થાય છે. સદ્‌વૃત્તિવાળો માણસ જ પોતાનું કલ્યાણ કરી શકે છે. એટલે જ ગુરૂ મહારાજના ચરણે અને શરણે જઇને શાંત થવાનું છે. ગુરૂ મહારાજ તો સુશાંતચિત્તવૃત્તિમ્ છે. લોકો દૂર દૂરથી આવીને સમાધિ સ્થાનનાં દર્શન કરીને કહે છે કે, ‘‘મહારાજશ્રી, પ્રથમવાર શ્રી સંતરામ મંદિરે આવ્યા છીએ પણ સ્થાનની અંદર ખૂબ જ સરસ અનુભૂતિ થાય છે, આંખો મીંચાઇ જાય છે અને પરમશાંતિ અનુભવાય છે.’’

પ્રાતઃ સ્મરણીય ગુરૂ મહારાજે સતત ૨૭ વર્ષ સુધી

મંત્રમંદિર પર્ણકુટિરમાં પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજને યોગ માર્ગનો ઉપદેશ આપ્યો છે. જે કોઇ ભક્તો, સંતો, મહંતો તેમના શરણે આવ્યા તેમને સત્સંગરૂપી અમૃતપાન કરાવીને તેમનો ઉદ્ધાર કર્યો છે.

શ્રી સંતરામ મહારાજનાં પદોનો સંગ્રહ - ''પદસંગ્રહ'' એ મંદિરનું આધ્યાત્મિક પુસ્તક છે. તેમાંના અનેક પદોમાં ગુરૂ મહારાજે ભક્તિ તથા યોગનું સુંદર તથા સરળ માર્ગદર્શન આપ્યું છે.

**સાધન સાધે કોઇ ગુરૂમુખી**
**ગુરૂગમ ખાંડાની ધાર**
**મન કરમ વચને સાચો રહી**
**પછી ધરજે તું ધ્યાન**
**સરવે ઉરમાં સમાવજે**
**મૂકી મનનું રે માન**
**સત્ ગુરૂજીએ દયા કરી, આપી નામની ટેક**
**સુરતી તેમાં તું રાખજે, નરતે નાલંતા એક**
**(નાલંતા એટલે એક આત્માને ઓળખતા.)**

આમ જેમણે સંતરામ - શ્રીવિગ્રહ યોગ શાસ્ત્રનો વિસ્તાર કર્યો, શ્રી લક્ષ્મણ દેવ દેહથી ભક્તોના ભવભયને દૂર કર્યા એવા સતના આધાર શ્રી સંતરામ મહારાજનું જે નિત્ય ધ્યાન ધરશે તે મોક્ષને પામશે એવું શાસ્ત્ર વચન છે.

|| જય મહારાજ ||

**શ્લોક ત્રયમિંદ નિત્યં ભકતાનાં સુખદાયકમ્**
**યઃ પઠેત્પ્રાતરુત્થાય સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।। ૪ ।।**

**ભકતોને સુખ આપનારા આ ત્રણે શ્લોકનું સવારે ઊઠીને પઠન કરે છે તે બધાં જ પાપોથી છૂટી જાય છે. (૪)**

ઈશ્વર સમર્થ છે એમ માનવાને કારણે જ લોકોને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાભાવ પ્રગટે છે. ''ચાણક્ય નીતિ''માં કહેવામાં આવ્યું છે કે, દેવતા ન તો કાષ્ઠમાં વિદ્યમાન છે કે ન તો પથ્થરમાં કે માટીની મૂર્તિમાં. દેવતા તો ભાવ એટલે કે શ્રદ્ધામાં રહે છે.

પૂ. મહાત્મા ગાંધીજીએ શ્રદ્ધા અને બુદ્ધિની ભિન્નતા સમજાવતાં કહ્યું હતું કે, શ્રદ્ધાથી અંતઃજ્ઞાન આત્મ જ્ઞાનની વૃદ્ધિ થાય છે. શ્રદ્ધાથી અંતઃકરણની શુદ્ધિ તો થાય છે જ. શ્રદ્ધા એ શક્તિ છે કારણ કે માણસને આશાવંતો રાખીને તે આત્મબળને વધારે છે. શ્રદ્ધા મનુષ્યને પ્રસન્ન રાખે છે. કપરા સંજોગોમાં પણ ''હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે.'' નું આશ્વાસન આપી અણીને સમયે ઈશ્વરની મદદ પ્રાપ્ત થશે એવું બળ પ્રગટે છે. શ્રદ્ધા જ માણસમાં સાચી જીવન દૃષ્ટિ પ્રગટાવે છે.

અહીં શ્રદ્ધા ઉપર જો વિવેકનો પહેરો રાખવામાં ન આવે તો તે અંધશ્રદ્ધા કે અવિદ્યાનું રૂપ ધારણ કરે છે, શ્રદ્ધા જ્ઞાનયુકત અને વિવેક પોષિત હોવી જોઈએ. ગતિ, પ્રગતિ અને વિકાસ માટે શ્રદ્ધા એ પ્રેરક બળ છે. ભક્તિભાવ અને સત્સંગ એ શ્રદ્ધાને પરિપુષ્ટ કરે છે.

**સજ્જનોની સંગત ક્ષણે ક્ષણે શ્રેય સર્જે**
**સંતોની સંગત એટલે જાણે પાવન પંથ.**

જીવનને ઉન્નતિના માર્ગે લઇ જવા માટે એક વાત વિચારવા જેવી છે કે જયારે ઈંડાને બહારથી તોડી નાખવામાં આવે છે, ત્યારે એક જિંદગી શરૂ થાય છે. મહાન ચેતનાઓ પણ હંમેશાં અંદરથી પ્રસ્ફૂરિત થાય છે.

એક દિવસ સાગરે નદીને પૂછ્યું, ''તું મને ક્યાં સુધી મીઠું પાણી મેળવી આપતી રહીશ?'' નદીએ હસીને સાગરને કહ્યું, ''જ્યાં સુધી તારામાં મીઠાશ ન આવે ત્યાં સુધી.''

આપણા જય મહારાજ આમ નદીની જેમ જ આપણા ઉપર સતત તેમની અખંડ જ્યોતના શીતમંદ શુભાશીર્વાદ વરસાવતા જ રહે છે.

**સત્‌ગુરૂ મહારાજ પરઉપકારી તમો છો અંતરજામી**
**કોણ ભાગ્ય હશે, સે'જે સત્‌ગુરૂનું દર્શન પામી.....**

પ્રાતઃકાળે વહેલા ઊઠવાની ટેવ પાડવી જોઇએ. પ્રાતઃકાળે બ્રહ્મમૂહુર્તમાં જે ભક્તો આ પ્રાતઃસ્મરણ સ્તોત્રનો સમજણપૂર્વક નિત્ય પાઠ તથા સ્તવન કરશે એનાં બધાં જ પાપ જય મહારાજ દૂર કરશે.

**ભાઇ ધ્યાન ધરો, નટપુરમાં નિર્મલ અલૌકિક ધામ છે,**
**નહિ દામ બેસે, ચિત્તવરતી થીર થવાનું ત્યાં કામ છે.**

|| જય મહારાજ ||

## પરિશિષ્ટ

## ''અપરોક્ષ સુખાભિલીનમ્''

## ''અપરોક્ષાનુભૂતિ''

## (શ્રી સંતરામ મહારાજની પ્રસાદી)

(૧) હું સ્થૂળ શરીર નથી.

સ્થૂળ શરીર દૃશ્ય છે, હું અદૃશ્ય તત્ત્વ છું. સ્થૂળ શરીર પૂર્વે હું હતો, છું અને રહેવાનો છું. તેથી હું શરીર કદી નથી જ.

(૨) હું દેશ, કાળ, વસ્તુથી મુક્ત, અપરિચ્છિન્ન, આત્મસ્વરૂપ છું.

(૩) હું ચેતન છું, જ્ઞાનસ્વરૂપ છું.

(૪) હું પરમ શાંત સ્વરૂપ બ્રહ્મ છું.

(૫) હું સ્વયંપ્રકાશ આત્મા છું.

(૬) હું નિત્યમુક્ત છું.

(૭) ઈન્દ્રિયો દૃશ્ય છે, મન દ્રષ્ટા છે, જ્યારે હું આત્મસ્વરૂપ દ્રશ્યદ્રષ્ટાથી વિલક્ષણ છું.

(૮) જીવ અવિદ્યાની ઉપાધિવાળો છે. હું નિરુપાધિક આત્મા છું.

(૯) હું અકર્તા, અભોકતા, સર્વનો સાક્ષી છું. તેથી હું જીવ નથી.

(૧૦) હું અકર્તા આત્મા છું. અસંગ, નિસંગ, અક્રિય, નિર્લેપ છું.

(૧૧) એવી કોઇ પણ જગ્યા નથી જયાં હું નથી. છતાં શોધવા નીકળો તો હાથમાં ન આવું તેવો હું છું. શોધકને શોધ સાથે ખોવાઇ જવું પડે, પછી મળું તે હું. અર્થાત્ હું સર્વવ્યાપ્ત છું.

(૧૨) તે જ કારણથી મારો જન્મ નથી, તેથી સમયમાં હું કેદ નથી. દેશ, કાળના સીમાડાથી પર હું સાકારની સરહદોની પેલે પાર હું, એવો હું સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છું. માટે જ સર્વ વ્યાપક, ને સર્વ–વ્યાપ્ત છું.

(૧૩) હું છું, હતો અને હોઇશ. કાળાતીત હું. અનાદિ અને અનંત હું.

(૧૪) હું એક છું. માટે જ પૂર્ણ છું. દ્વૈત છે જ નહીં, સર્વત્ર બસ હું જ હું !

(૧૫) દ્વૈત છે જ નહીં, સર્વ બસ હું જ હું !

(૧૬) અનાત્મ વિચારથી અસંગ હું અને આત્મ વિચારનું કેન્દ્ર હું.

(૧૭) હું અસ્તિત્વ માત્ર છું.

(૧૮) હું મને મારા દ્વારા જાણું છું.

(૧૯) હું કાળથી પર સત્ છું, જડ થી મુકત ચિત્ છું. અજ્ઞાનથી

અન્ય જ્ઞાન છું. ત્યારે પ્રગટે છે માત્ર -

આનંદ..... આનંદ..... આનંદ.....

(૨૦) હું સત્ છું.

(I am Awareness)

હું ચિત્ત છું.

(I am Consciousness)

હું આનંદ છું.

(I am Eternal Bless)

આ મારું સ્વરૂપ છે.

(૨૧) હું એક અદ્વૈત છું.

(૨૨) હું સૌનું અધિષ્ઠાન છતાં સૌથી નિર્લેપ છું.

(૨૩) હું નિત્ય મુકત છું.

બંધન મનની ભ્રાંતિ છે.

(૨૪) મારી હાજરીમાં આરોપ હોય પણ મારા જ્ઞાનમાં આરોપ

હોઇ શકે નહિ !

(૨૫) અવસ્થાઓ અનેક છે.

દૃશ્યો અનંત છે.

પદાર્થો અગણિત છે. પણ હું સર્વનો સાક્ષી એક-અદ્વિતીય છું.

(૨૬) પૂર્ણતા એક અને અદ્વિતીયમાં જ શક્ય છે.

હું એક અને પૂર્ણ છું.

(૨૭) હું અભેદ છું.

તેથી મારે ભય નથી.

ભય દ્વૈતમાં છે.

(૨૮) હું અભય છું.

અભયનું

અદ્વૈતનું

કોઈપણ વિજાતીય રૂપ નથી.

(૨૯) હું નિરુપાધિક, પરબ્રહ્મ સ્વરૂપ છું.

(૩૦) હું ક્ષર - અક્ષરથી ભિન્ન, પુરુષોત્તમ સ્વરૂપ છું.

(૩૧) આકારથી સ્વતંત્ર - નિરાકાર છું હું.

(૩૨) સર્વવ્યાપ્ત છું તેથી જ નિરાકાર છું.

(૩૩) અવિનાશી હું જ છું.

નિરાકાર છું તેથી નામ નથી. નામ નથી તેથી મારો નાશ

નથી. નાશ નથી એટલે હું અવિનાશી છું.

(૩૪) બે વૃક્ષો વર્ષોથી સાથે હોય છતાં એકબીજાથી અજ્ઞાત હોય પણ હું મારા સ્વરૂપથી અજ્ઞાત નથી.

(૩૫) હું માત્ર હોઉં અને મને જાણતો ન હોઉં તો હું જડ થયો. હું જડ નથી, કારણ હું મને જાણું છું, ચિત્ત દ્વારા; ચૈતન્ય દ્વારા; તેથી જ હું સત્ અને ચિત્ત છું.

(૩૬) હું અનંત છું. મારો દેશ નથી, કાળથી કે વસ્તુભેદથી અંત નથી.

(૩૭) ન હું આકાર, ન શરીર, તેથી નથી મારે વૃદ્ધિ કે વિકાર, નથી મારે રોગ કે નાશ. હું તો આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત છું.

(૩૮) હું આવાગમનના ફેરાથી સ્વતંત્ર છું.

(૩૯) શરીર કાર્ય છે પંચમહાભૂતનું. હું કાર્યકારણથી પર છું.

(૪૦) જીવ અલ્પજ્ઞ અને અલ્પશક્તિમાન છે.

સર્વજ્ઞ ને સર્વ શક્તિમાન એવો હું કોઇ જીવ ન જ હોઇ શકું.

(૪૧) જીવ નિયમ્ય છે અને ઈશ્વર નિયંતા છે.

હું તે બન્નેથી ભિન્ન, અન્ય, નિરંકુશ આત્મા છું.

(૪૨) ઈશ્વર આનંદાભુવન કરે છે, જયારે

હું સાક્ષાત્ આનંદ સ્વરૂપ છું.

(૪૩) શરીર વિકારી છે; હું અવિકારી ચૈતન્ય છું.

(૪૪) ઈશ્વર કારણ છે જગતનું. ને જગત કાર્ય છે.

હું કાર્ય અને કારણ બન્નેનું અધિષ્ઠાન છું.

(૪૫) જીવની ઉપાધિ અવિદ્યા છે; ઈશ્વરની ઉપાધિ માયા છે.

પણ હું નિરુપાધિક, પરબ્રહ્મ સ્વરૂપ છું.

(૪૬) સૂક્ષ્મ છું પણ સાપેક્ષતાથી મુકત છું. હું નિરપેક્ષ તત્ત્વ છું.

(૪૭) હું સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, ત્રણે અવસ્થાનો દૃષ્ટા અને

સાક્ષી છું.

(૪૮) અનેકતામાં, ભેદમાં, સર્વ વ્યાપકતા હોઇ શકે જ નહિ,

આમ હું એકનો એક અનેક ભ્રાંતિમાં પણ માત્ર એક જ છું.

(૪૯) હું સૃષ્ટિનો આધાર ને દૃશ્ય, પ્રપંચનું અધિષ્ઠાન છું.

(૫૦) મારા શુદ્ધ સ્વરૂપમાં મન નથી તો બંધન કયાં ?

મને બંધન નથી, તો મુક્તિની વાત કયાં ?

|| જય મહારાજ ||

## ।। શ્રી સંતરામ સ્તોત્રમ્ ।।

શ્રુત્વા સ ચ ગુરોર્વાકયં લક્ષ્મણો હૃષ્ટમાનસ;,
દંડવત્ પ્રણિપત્યાહ આનંદાશ્રુપરિપ્લુતઃ.

।। શ્રી લક્ષ્મણ ઉવાચ ।।

યોગિવ્યૂહૈકવંધં પ્રથિતમપિ ગુણૈઃ સેવિતં લોકસંઘૈઃ,
દત્તાત્રેયાવતારં કલિયુગજજનેભ્યો વદંતં સુયોગં;
તિષ્ઠંતં સિદ્ધિયુક્તં મુનિગણનમિતં પાર્થિવૈર્વંદ્યમાનં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૧।।

મેઘશ્યામં સુનેત્રં વિદિતપરશિવં ભાસયંતં સ્વકાંત્યા,
ત્રૈલોક્યં વિશ્વમેતત્ સુરવરમુનિભિઃ પ્રાર્થ્યમાનં યદંગં;
શ્વેતૈઃ કાષાયવસ્ત્રૈઃ સુબહુગુણગણૈર્ગુંફિતં બ્રહ્મરૂપં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૨।।

સિંહસ્કંધં સુપાદં ત્રિવલિભિરૂદરં શોભિતં યસ્ય પૂર્ણં,
સ્વચ્છંપદ્માસનસ્થં ગુણતમપિપરં તારમાદ્યં સનાદં;
નાસાગ્રે બદ્ધદૃષ્ટિં સ્થિતમપિ ચ મહા બ્રહ્મણિ ભ્રાજમાનં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૩।।

ભિત્વા ષટ્ ચક્રમાર્ગં ગહનમપિ પરં યોગિભિશ્ચાપ્યગમ્યં
લક્ષ્યે રૂપે કૃતૈક્યં સ્તવનગુણભયં સંસ્તુતં દેવસંઘૈઃ;
યસ્યાગ્રે સિદ્ધયોડષ્ટૌ હરિદમલગૃહા દાગતારક્તવંત્યઃ,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૪।।

યસ્ય શ્રી સિદ્ધસેવ્યઃ સુરનરસુખદઃ સુપ્રસન્નઃ સુરમ્યઃ,
યુક્તૈઃ શ્વેતૈર્ધ્વજૈર્વૈ સુસુખજલયુતો યોગિભિઃ સેવનીયઃ;
શોભાઢયો દીપયુકતો જનહિતકલયો યોગયોગ્યો મઠોવૈ,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૫।।

યત્સંગાન્નષ્ટપાપઃ સપદિ મમ ગતં ઘોરમજ્ઞાનમૂલં,
માયામોહૌ તથા મે સપદિ વિગલિતૌ નષ્ટસંદેહવૃત્તિઃ
વૈરાગ્યં ભક્તિયુક્તં ભજનસુખકરં સુપ્રસન્નં મનો મે,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૬।।

યત્સંગંપ્રાપ્તશિષ્યાઃ શમદમસહિતા યોગમાર્ગૈકનિષ્ઠાઃ,
વેદ્યં વેદાંતગમ્યં રહસિ પરશિવં શુદ્ધબોધૈકરૂપં;
જ્ઞાત્વાત્માનં ચ સર્વે ગુરુગતમનસો યોગનિષ્ઠા બભૂવુઃ,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૭।।

ગેહે વાદિત્રઘોષા વિનતબહુજના યસ્ય નિત્યં ભવંતિ,
દુઃખઘ્નો યત્ર વાતિ પ્રણતજનમનો લ્હાદકારી ચ વાયુઃ;
યં પ્રાપ્યાહં વિમૂઢો વિગતભવભયો જાતસચ્ચિત્સ્વરૂપઃ,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૮।।

ત્વં મે માતા પિતા મે સ્વજન કુલ કુટુંબં ચ બન્ધુસ્ત્વમેવ,
યેનાતોડજ્ઞાનબંધઃ સપદિપરશુના તીવ્રવેગેન છિન્નઃ;
તસ્માત્તુભ્યં નમસ્તે શરણગતજન કલેશહંતાસિભોત્વં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૯।।

અન્નાદ્યૈઃ પંચકોશૈઃ રહિતપરશિવં પૂર્ણભકત્યા ગૃણંતં,
યોગીદ્રૈંશ્ચાતિ વંદ્યૈ ચ ભવભયહરૈ સ્તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ;
શિષ્યાન્સંબોધયંતં નરકભયહરં લક્ષણૈક્યત્વમાદ્યં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૧૦।।

પ્રજ્ઞાનં બ્રહ્મરૂપં શ્રુતિશતપઠિતં સચ્ચિદાનંદરૂપં,
કલેશાતીતં કજેશાદિભિરપિ સતતં પ્રાર્થ્યમાનં સુરેશૈઃ;
ચૈતન્યં શિષ્યમધ્યે નિગમગતિગિરા કથ્યતે યદ બ્રુવંતં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ।।૧૧।।

શોભાઢ્યાચ્છ્રીમહેશાત્ પ્રતિચિદિશિગતં મંદિરંભાતિ યસ્ય,
વિપ્રાદ્યૈશ્ચાપિ યુક્તાચ્છતપથનિપુણાત્ પત્તનાત્નટ્ટ સંજ્ઞાત્;
કાષ્ટાવાચ્યાં વસંતં સુરનરમુનિભિઃ સેવનીયં શુભાંગં,
શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોડભીષ્ટદં નિત્યમીડે. ||૧૨||

એવં સ્તુત્વા ગુરુર્ભકત્યા લક્ષ્મણઃ પ્રીતમાનસઃ,
વિરરામ ગુરોરગ્રે બ્રહ્માનંદં ગતો યથા. ||૧૩||
દૃષ્ટ્વા ચૈતાદશં શિષ્યં સ યોગિસિદ્ધસમ્મતઃ,
ઉવાચ પ્રીતિયુકતેન વાક્યેન હર્ષયન્નિવ. ||૧૪||

|| શ્રી સંતરામ ઉવાચ ||

વરં વૃણિષ્વ ભદ્રં તે યત્તેમનસિ વર્તતે,
ઇતિ વાકયં ગુરોઃશ્રુત્વા લક્ષ્મણો વાક્યમાદદે. ||૧૫||

|| શ્રી લક્ષ્મણ ઉવાચ ||

યદિ પ્રસન્નો યોગીશ યદિ દેયો વરો મમ,
ત્વદંઘ્રિકમલે નિત્યં ભક્તિઃ સ્યાન્મે ભવેભવે. ||૧૬||

|| શ્રી સંતરામ ઉવાચ ||

ભક્તિર્ભવિષ્યતિ તાત દુર્લભાં ચાન્યદેહિનાં,
મયા તે કથિતો યોગઃ સોડપિ ત્વયિ ભવિષ્યતિ. ||૧૭||

સ્તોત્રેણાનેન માં નિન્યં સ્તોષ્યંતિ ભુવિ યે નરાઃ,
તેષાં કામાન્ પ્રદાસ્યામિ મનોડભીષ્ટાન્ન સંશયઃ. ||૧૮||

પ્રાતઃકાલે સ્તોત્રમિદં મત્સમીપે વિશેષતઃ,
પઠિત્વા ધનમાપ્નોતિ ધનકામશ્ચ યો નરઃ. ||૧૯||

મધ્યાહ્નેપઠનાત્ નિત્યં પ્રાપ્નુયાત્ પુત્રમુત્તમં,
સાયંકાલે તુ યઃ સ્તોત્રં પઠેત્ ભક્તિપરાયણઃ. ||૨૦||

યશઃ કિર્તી ચ વિપુલાં પ્રાપ્નોત્યત્ર ન સંશયઃ,
નિશીથે પઠનાત્ સાધો યોગજ્ઞાનં ભવિષ્યતિ. ।।૨૧।।

કૃત્વા પૂજાં ગુરોઃ સમ્યગ્ વાસોલંકારચંદનૈઃ,
ધૂપૈર્દીપૈશ્ચ નૈવેદ્યૈઃ રત્નાદ્યૈર્દક્ષિણાદિભિઃ. ।।૨૨।।

વિતાનૈઃ શ્રેષ્ઠવસ્ત્રૈશ્ચ પાદક્ષાલન પૂર્વકૈઃ,
પઠેદનન્યભાવેન સ પ્રાપ્નોત્યુત્તમાં ગતિમ્. ।।૨૩।।

।। ઇતિ શ્રી અવધૂતેંદ્ર શ્રી સંતરામ સ્તોત્રમ્ ।।

।। જય મહારાજ ।।

## ''શ્રી સંતરામ સૌરભનું ફળકથન''

## ।। જય મહારાજ ।।

અવધૂત યોગીરાજ એટલે આનંદચિદ્ઘન ષડૈશ્વર્યપૂર્ણ, ચરાચરવંદિત, ગુરુ દત્તાત્રેય ભગવાનનું યોગ સ્વરૂપ છે. અનંત રહસ્યોથી પરિપૂર્ણ પરમદયાળુ એવા અવધૂત શ્રી સંતરામ મહારાજના જ્ઞાનબોધથી સંસાર સાગરને સુપેરે પાર પાડવાનો માર્ગ પ્રશસ્થ કરી માનવમાત્રના કલ્યાણ હેતુ શ્રી સંતરામ સૌરભના અક્ષરદેહનું પ્રાગટ્ય થયું છે.

જે નર-નારાયણ પોતાનું કલ્યાણ ઈચ્છે છે, તેમના માટે એ જરૂરી છે કે તેઓ ભકતવર પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજને પોતાના આદેશ માનીને પોતાનામાં પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ જેવા સમર્પિત દૈવીગુણોનું સર્જન કરતા શ્રધ્ધા અને ભક્તિપૂર્વક શ્રી સંતરામ સૌરભનું શ્રવણ-મનન અને અધ્યયન કરે તેમજ અવધૂત યોગીરાજની આજ્ઞા પ્રમાણે યથાયોગ્ય તત્પરતાથી સાધન-પાઠ કરવામાં લાગી જાય.

જે ભક્તો આમ કરે છે તેઓના અંતકરણમાં હંમેશાં નવા-નવા પરમાનંદદાયક, અનુપમ અને દિવ્યભાવોની સ્ફુરણાઓ થતી રહે છે. અને તેઓ સર્વથા શુધ્ધ અંતઃકરણવાળા થઈને અવધૂતની અલૌકિક-દુહા-સ્તુતિનું રસાસ્વાદન કરતાં-કરતાં સિધ્ધ અવધૂત યોગીરાજ શ્રી સંતરામ મહારાજને પ્રાપ્ત કરી લે છે.

ઈશ્વર પ્રાપ્તિ કરવા માટે શ્રી સંતરામ સૌરભનું પઠન-મનન કરવા માટે માનવમાત્ર શુભ અવસરોના સમયે પવિત્ર શ્રાવણ માસ કે ચાતુર્માસ એ ઉત્તમ અવસ્થાનો સમય છે. તે માટે વહેલી પરોઢનો સમય સપરિવાર વિશેષ કરીને સંતાનોને પાસે બેસાડીને શાંત, પવિત્ર વાતાવરણમાં વિકારરહીત બનીને પોતાની પ્રાકૃતિક શક્તિનો ઉપયોગ, પોતાના અમુલ્ય સમયનો ઉપયોગ કરી

શ્રવણ-મનન અને સાધન-પાઠ કરવાથી, અવધૂતનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે.

અવધૂતનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાથી સાધક બ્રહ્મભાવને પામવા સાર્થક બને છે અને 'હું જ બ્રહ્મ હું' એવી દૃઢ સ્થિતિ થઇ જાય છે.

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતિના શુભાશિષ પ્રાપ્ત થાઓ અને સાધન-ભક્તિમાં મન દૃઢ થાઓ.

મનોકામના પૂર્ણ થશે. જીવનમાં સાત્વીક અને સંયમની પ્રાપ્તિ થશે.

વિકાર-વાસના અને આવેગોમાંથી મુક્તિ મળશે, રાગ-દ્વૈષાદિવૃર્તીઓનું સમન થશે, સદાચાર સુલભ બને. સત્યકાર્ય સેવા પરાયણતાની વૃત્તિ જાગૃત થશે.

જય મહારાજના સ્વરૂપનો આર્વિભાવ થશે. યોગીરાજ અવધૂત જેવી વિભૂતીના ઉચ્ચ સંસ્કારોનો આર્વિભાવ જીવનમાં અનભવાશે. જે જે સતગુણોનો અનુભવ થાય તે પણ યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજનો આર્વિભાવ હશે.

અંતકાળે પણ જય મહારાજનું સ્વરૂપ પામીને જીવન મુક્તિનો આનંદ મેળવશો.

આપનું સર્વ વિશ્વમાંથી શુભ થાશે, સર્વ દિશામાંથી કલ્યાણ થાવો.

।। પ્રથમ નમુ સંતરામ ગુરુદેવને જેણે આપ્યુ આતમજ્ઞાન,
ત્રિલોક વ્યાપક નિરંતર લેવુ નામ, એજ સત્ સ્વરૂપ સંતરામ।।

શ્રી રામદાસજી મહારાજ
મહંત
શ્રી સંતરામ મંદિર, નડીઆદ.